કાશ્મીરી લેખકોએ બીજા લંબકનું નામ કથામુખ લંબક આપ્યું છે. એમાં ઉદયનની કથા આવે છે. બુદ્ધસ્વામીના કથામુખમાં જે ભાગ આવે છે તે આ કાશ્મીરી લેખકોએ ગ્રંથને અંતે મૂકેલો છે અને નરવાહનદત્ત આત્મવૃત્તાન્ત કહે છે એવું વિધાન કરેલું હોવા છતાં તે તેમ કરતો નથી પણ એ કથા તે ત્રીજા પુરુષમાં કહે છે. નેપાલી રૂપાન્તરની સચ્ચાઈનું અને કાશ્મીરી રૂપાન્તરોની ભ્રષ્ટતાનું લાકોતેએ આપેલું આ મુખ્ય કારણ છે. આ અનુમાનને જૈન રૂપાન્તર પણ ટેકો આપે છે એમાં વસુદેવ પોતાનો આખોય વૃતાન્ત આત્મકથારૂપે પહેલા પુરુષમાં વર્ણવે છે. કથામુખ અથવા તેમાંથી તૈયાર થયેલું 'પ્રતિમુખ' ક્યારે અને કેવી રીતે તેમણે આત્મકથા કહી તે જણાવે છે.

કાશ્મીરી લેખકો સોમદેવે અને ક્ષેમેન્દ્રે કથાપીઠને પહેલો લંબક કહ્યો છે. ગુણાઢ્ય કવિ વિશેનું કથાનક એ તેનો વિષય છે. એ તો દેખીતું છે કે ગુણાઢ્ય કવિ વિશેનું કથાનક મૂળ બૃહત્કથામાં હોઈ જ ન શકે. બુદ્ધસ્વામીના રૂપાન્તરમાં પણ કથાપીઠ છે. પણ એનું શીર્ષક ક્યાંય જેવા મળતું નથી. આ ઉપરથી લાકોતે નિશ્ચિતપણે માને છે કે ગુણાઢ્યની બૃહત્કથામાં કથાપીઠ નહોતું. પણ વસુદેવહિંડીમાં 'પીઠિકા' છે. એથી એમ માનવું પડે છે કે બૃહત્કથામાં કથાપીઠ હશે. પણ એ કથાપીઠનું વસ્તુ શું હશે? એ એક પ્રશ્ન છે. ગુણાઢ્ય વિશેનું કથાનક તો એમાં ન જ હોય. વસુદેવહિંડીની પીઠિકામાં શ્રીકૃષ્ણ વિશેની કથાનો જે ભાગ છે તેવો નરવાહનદત્ત વિશેનો ભાગ પણ તેમાં ન હોય.

કાશ્મીરી રૂપાન્તરમાં ઉદયન, વાસવદત્તા અને પદ્માવતીની સંપૂર્ણ કથાઓ છે. જ્યારે બુદ્ધસ્વામીના રૂપાન્તરમાં એ નથી. કેટલાક વિદ્વાનો માને છે કે બુદ્ધસ્વામીના ગ્રંથનો પ્રારંભનો ભાગ કદાચ ખંડિત હોય. બીજી બાજુ ઉદયનની કથા મૂળ પ્રાચીન બૃહત્કથાનો એક ભાગ હોવાની બાબતમાં કેટલાક વિદ્વાનોએ શંકા ઉઠાવેલી છે (Winternitz : History of Indian Literature Vol.III). પણ 'વસુદેવહિંડી' ને આધારે એમ માની શકાય કે બૃહત્કથામાં ઉદયનને લગતી કથાઓ 'કથામુખ' પૂર્વેના 'કથાપીઠ 'માં આવતી હતી.

મૂળ પ્રાચીન બૃહત્કથામાં વસ્તુની આયોજના આ પ્રમાણે હોવી જોઈએ (૧) કથાપીઠ : ઉદયન અને તેની રાણીઓની કથાઓ (૨) કથામુખ : કથા કહેનાર તરીકે નરવાસવદત્તનો પરિચય (૩) નરવાહનદત્તે વર્ણવેલ લંભોની હારમાળા (૪) ઉપસંહાર.

બુદ્ધસ્વામીના નેપાલી રૂપાન્તર બૃહત્કથાશ્લોકસંગ્રહમાં બૃહત્કથાનું જે સ્વરૂપ આપણને પ્રાપ્ત થાય છે તેના ઘણા કથા પ્રસંગોનું વસુદેવહિંડી સાથે સામ્ય હોઈ શકે. લાકોતેના માનવા પ્રમાણે કાશ્મીરી રૂપાન્તરોને મુકાબલે નેપાલી રૂપાન્તર મૂળ બૃહત્કથાનું સાચું ચિત્ર રજૂ કરે છે. ઉદાહરણ તરીકે— વસુદેવહિંડીની ગણિકાપુત્રી સુહિરણ્યાની જેમ બૃહત્કથાશ્લોકસંગ્રહની મદનમંજુકા પણ એક વારાંગના પુત્રી છે જ્યારે કાશ્મીરી રૂપાન્તરોમાં મદનમંજુકા એક બૌદ્ધ રાજાની દૌહિત્રી છે. વસુદેવની પત્ની ગન્ધર્વદત્તા એક વણિકની દત્તક પુત્રી છે. બુદ્ધસ્વામીએ પણ એ પ્રસંગ એ પ્રમાણે જ આપ્યો છે. જ્યારે કાશ્મીર રૂપાન્તરોમાં ગાન્ધાર દેશનો રાજા ઊભો કરવામાં આવ્યો છે. ગન્ધર્વદત્તાના પાલક પિતાની આત્મકથા એ દરિયાઈ સફરના પરાક્રમોની એક અતિ રસપ્રદ કથા છે. અને એના અમુક અંશો 'એરેબીયન નાઈટ્સ'ની ચોક્કસ વાર્તાઓના આધાર તરીકે પુરવાર થયા છે. આ આખીય કથા કાશ્મીરી

રૂપાન્તરકારોએ દૂર કરી દીધી છે. આમ વસુદેવહિંડીનું કથાનક કેટલીક બાબતોમાં બૃહત્કથાશ્લોકસંગ્રહને મળતું આવે છે; તો તેમાં કેટલાક તફાવતો પણ જોવા મળે છે.

બૃહત્કથાશ્લોકસંગ્રહના કેટલાક આવશ્યક અંશો કાશ્મીરી રૂપાન્તરોમાં લુપ્ત થઈ ગયા છે તો વસુદેવહિંડીમાં તે જોવા મળે છે. આમ એક તરફ પ્રાચીન બૃહત્મકથાનો એક મોટો અંશ કાશ્મીરી રૂપાન્તરોમાં લુપ્ત થઈ ગયો છે. તો બીજી તરફ કાશ્મીરી રૂપાન્તરોનો એક મોટો અંશ મૂળ બૃહત્મકથામાંથી ઉદ્ભવ પામેલો નથી.

છેવટે એ પણ પુરવાર થાય છે કે કાશ્મીરી લેખકો સમક્ષ બૃહત્મકથાના માત્ર હાડપિંજરની તુલનાએ વિગતથી ભરપુર મૂળ બૃહત્કથાના બૃહત્કથાશ્લોકસંગ્રહનું સ્વરૂપ આ બન્ને રૂપાન્તરકારો સમક્ષ હતું. કાશ્મીરી રૂપાન્તરોની આ ખામીઓને કારણે તો બુદ્ધસ્વામીની ગુણાઢ્યના મૂળ ગ્રંથની વસ્તુસંઘટનાનો અને તેના સત્ત્વનો વારસો કેટલે અંશે સાચવ્યો છે તે જાણી શકાય છે.

વસુદેવહિંડીના કર્તા અને બૃહત્કથાશ્લોકસંગ્રહના કર્તાએ પરસ્પર એકબીજામાંથી કંઈ લીધું નથી પણ બૃહત્કથામાંથી બન્નેએ વસ્તુ લીધું છે. બૃહત્કથાશ્લોકસંગ્રહ અને વસુદેવહિંડી વચ્ચેના સંખ્યાબંધ તફાવતો જોવા મળે છે. એટલે એ બન્ને વચ્ચેના પરસ્પર આધારનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. પણ ગણનાપાત્ર અંશોમાં બૃહત્કથાશ્લોકસંગ્રહ અને વસુદેવહિંડી વચ્ચેના નાનામાં નાની વિગતોની બાબતમાં અને રજુઆતની સમગ્ર કલામાં એટલું પ્રતીતિજનક સામ્ય છે કે બન્નેના કર્તાઓની સમક્ષ ઓછામાં ઓછા અંતરે કવિ ગુણાઢ્ય ઉભેલો હતો એમાં શંકાને કોઈ સ્થાન રહેતું નથી. વળી, તેના અમુક કથાભાગોમાં તો 'વસુદેવહિંડી' એ પ્રાચીન બૃહત્કથાનો વિશિષ્ટપણે રસપ્રદ અને લાક્ષણિક નમૂનો છે અને સમગ્રતયા અવલોકન કરતાં તે મૂળ બૃહત્કથાની લાક્ષણિકતા અને ગુણાઢ્યની કાવ્યશક્તિનું વધારે ચોક્કસ અને પ્રતીતિજનક ચિત્ર રજુ કરે છે.

**વસુદેવહિંડીની અવાંતર કથાઓ :** કથાને રોચક બનાવવા માટે તેમાં મનોરંજન, કુતૂહલ અને જિજ્ઞાસાનો ભાવ આવશ્યક છે. તેમજ કથાને સરસ બનાવવા માટે પ્રેમ તત્ત્વ પણ જરૂરી છે. એ રીતે જૈન કથાઓમાં કેટલાય પ્રેમાખ્યાનો ઉલ્લિખિત છે. એથી ખ્યાલ આવે છે કે જૈન ગ્રંથકારોએ શૃંગારયુક્ત પ્રેમાખ્યાનોનો સમાવેશ કરીને પાઠકો અને શ્રોતાઓ માટે કથાઓને રુચિકર બનાવવાનો પ્રયત્ન કર્યો છે. વસુદેવહિંડીની અવાંતર કથાઓમાં આવા પ્રેમાખ્યાનોની ભરમાર જોવા મળે છે. એનો કેટલોક ભાગ જૈન પુરાણ (Mythology) થી રોકાયેલો છે. પણ બાકીના ભાગમાં શુદ્ધ લોકવાર્તા કહી શકાય એવી ઘણી બાબતો છે.

વસુદેવહિંડીના કથાપ્રસ્તાવમાં જંબુસ્વામી વિષયસુખનો ત્યાગ કરવા માટે શિલાજિતમાં ચોંટી ગયેલા વાનરનું દૃષ્ટાન્ત આપે છે. ત્યારબાદ તેમની અને તેમના શિષ્ય પ્રભવ વચ્ચે વિષયસુખ અંગે સંવાદ થાય છે. પ્રભવ વિષયસુખની પ્રશંસા કરે છે ત્યારે જંબુસ્વામી એ બાબતમાં મધુબિંદુ દૃષ્ટાન્ત સમજાવે છે.

આ દૃષ્ટાન્ત આગમો પરની ટીકાઓમાં અને સ્વતંત્ર ઉપદેશાત્મક કથાગ્રંથોમાં અનેક સ્થળે મળે છે.

ત્યારબાદ ધમ્મિલ્લહિંડીમાં ધમ્મિલ્લ અને અગડદત્તની કથા આવે છે. ધમ્મિલ્લહિંડીમાં ધમ્મિલ્લની માતાનો આશય સારો હોવા છતાં સાધનશુદ્ધિનો વિચાર કરાયો નથી. તેથી તેનું દુષ્પરિણામ માતા-પિતા અને પત્નીને ભોગવવું પડે છે. તે પોતાના પુત્રને રસિક બનાવવા ગણિકાને ત્યાં જવાનું પ્રોત્સાહન આપે છે. પરિણામે બધું ધન વેડફી નાંખે છે.

વસંતસેનાની માતા વસંતતિલકા નિર્ધન ધમ્મિલ્લનો ત્યાગ કરવાનું કહે છે. પણ વસંતસેનાને સાચો પ્રેમ છે તેથી તે તેને તરછોડી શકતી નથી. તેથી વસંતતિલકા ધમ્મિલ્લને મદ્યપાન કરાવી રાત્રે નગર બહાર ફેંકાવી દે છે. ધમ્મિલ્લ આપઘાત કરવાનો પ્રયત્ન કરે છે. અગડદત્તનો ભેટો થતાં તે કહે છે – **"धम्मिल्ल ! अबुहजणो विव किं साहसं करेसि ?"**

ધમ્મિલ્લનો જવાબ –

**जो न दुक्खं पत्तो जो य न दुक्खस्स निग्गहसमत्थो ।**
**जो य न दुहिए दुहिओ तस्स न दुक्खं कहेयव्वं ॥**

અગડદત્ત કહે છે –

**अहयं दुक्खं पत्तो अहयं दुक्खस्स निग्गहसमत्थो ।**
**अहयं दुक्खसहावो मज्झ य दुक्खं कहेयव्वं ॥**

અગડદત્ત મુનિ તેને વિષયસુખથી દૂર રહેવા પોતે અનુભવેલા સુખદુઃખ વર્ણવી પોતાનું જીવનવૃત્તાન્ત કહી સંભળાવે છે. આ કથામાં વૈરાગ્ય, માતૃભક્તિ, ગુરુભક્તિ અને વિવેક, શુદ્ધપ્રેમ, સાહસ, સમયસૂચકતા, અજાણી વ્યક્તિ પર વિશ્વાસ મૂકવાથી પ્રાપ્ત થતું સંકટ, અજાણ વ્યક્તિ ઉપર અકારણ પ્રેમ દાખવતી વ્યક્તિ ઉપર કેટલો વિશ્વાસ મૂકવો ? પ્રેમ અને યુદ્ધમાં બધું જ યોગ્ય છે - વગેરે જાણવા મળે છે. **"विसेसेण मायाए सत्थेण य हंतव्वो अप्पणो विवड्ढमाणो सत्तु ।"**–"Every thing is fair in love and war."

વસુદેવહિંડીના કથામુખમાં આવતી અગડદત્તની આ કથા ઉત્તરાધ્યયનસૂત્ર પરની વાદિવેતાલ શાંતિસૂરિની શિષ્યહિતા ટીકામાં (ઈ.સ. ૧૦૪૦) અને નેમિચંદ્રસૂરિની સુખબોધાની ટીકામાં પણ મળે છે. અગડદત્તની કથાના ત્રણે રૂપાન્તરોમાં શાંતિસૂરિની ટીકામાં મળતી કથા અત્યન્ત સંક્ષિપ્ત છે. નેમિચંદ્રસૂરિની ટીકાની અગડદત્ત કથાની અપેક્ષાએ વસુદેવહિંડીની કથાની ભાષા મૌલિક હોવાને કારણે અધિક સરળ અને સ્વાભાવિક લાગે છે. બન્ને કથાઓના પાત્રો આદિનાં નામ અને પ્રસંગોમાં જે તફાવત જોવા મળે છે. એ ઉપરથી અનુમાન થઈ શકે કે પૂર્વકાળમાં અગડદત્તચરિત નામે કોઈ સ્વતંત્ર રચના હશે, જેને આધારે વસુદેવહિંડીમાં આ કથા લેવામાં આવી હોય.

**"गंगाए वालुयं सायरे जलं हिमवतो य परिमाणं ।**
**जाणंति बुद्धिमंता महिलाहिययं न जाणंति ।"–**

એમ કહી સ્ત્રીની આસક્તિથી દૂર રહેવા ધમ્મિલ્લને અગડદત્ત સમજાવે છે. પણ બધી સ્ત્રીઓ ખરાબ હોતી નથી એમ કહી ધમ્મિલ્લ ધનશ્રીનું વૃતાન્ત કહે છે. **"भयवं न सव्वो इत्थिजणो**

**एवंगुणजाइओ त्ति, सोहणाओ वि अत्थि जहा सा धणसिरी परपुस्सिविदेइसिणी अप्पाणं सारक्खमाणी बारस वरिसाणि अच्छिया तारुण्णाए वि वट्टमाणीए न चेव सीलव्वयाणि खंडियाणि ।"**

અગડદત્તે સ્ત્રીઓની બેવફાઈની વાત જણાવવા છતાં ધમ્મિલ્લ ઉપર તેની કોઈ અસર થતી નથી. એને તો ભોગ ભોગવવા છે. તપશ્ચર્યાને બળે તે કેટલીક સિદ્ધિઓ મેળવે છે. રાત્રે મંદિરમાં નિવાસ કર્યો હોય છે ત્યારે રાજકન્યા વિલાસવતીએ પોતાના મનઃપુરુષ સાથે ભાગી જવાનો સંકેત આપેલો હોય છે. તે પોતાના પ્રેમીને બદલે અગડદત્ત સાથે રાત્રે ભાગી છૂટે છે. સવાર થતાં અગડદત્તને જોઈ ભારે પસ્તાવો થાય છે. પણ પાછી જઈ શકે તેમ નથી. આગળના નગરમાં પહોંચી અગડદત્ત રોકાણ માટેનું સ્થળ નક્કી કરવા જાય છે ત્યારે વિલાસવતી તેને નગરવાસીઓએ ગાડાવાળાને કેવી રીતે છેતર્યો તેની વાત કરીને ચેતવે છે. અગડદત્ત તેને નગરવાસીઓએ કેવી રીતે બચાવ્યો તે વાત કરે છે. આ ઔત્પત્તિકી બુદ્ધિનું દૃષ્ટાન્ત છે. ઔત્પત્તિકી, વૈનયિકી, કર્મજા અને પારિણામિકી એવા બુદ્ધિના ચાર પ્રકાર છે. આ કથાગ્રંથમાં આ ઉપરાંત चिब्भडियावंसगो, नडपुत्तो रोहो વગેરે આવી બીજી કથાઓ પણ લૌકિક કથાઓ રૂપે મળે છે.

**વસુદેવહિંડી અને અન્ય સાહિત્ય :** વસુદેવહિંડી વિશ્વ કથાસાહિત્યમાં મહત્ત્વનું સ્થાન ધરાવે છે કેમ કે આ ગ્રંથની કેટલીય કથાઓ વિશ્વમાં પ્રચલિત થઈ છે. વસુદેવહિંડીમાં મળે છે તેવાં કથાનકો અને પ્રસંગો એક યા બીજા સ્વરૂપે ભારતીય સાહિત્યના બીજા કેટલાક સુપ્રસિદ્ધ ગ્રંથોમાં પણ મળે છે. આ ગ્રંથની કેટલીય કથાઓ અને ઘટનાઓના આધારે પ્રાકૃત, અપભ્રંશ અને અર્વાચિન ભારતીય ભાષાઓમાં અનેક કથાઓ લખાઈ છે. એથી પ્રાકૃત કથા સાહિત્યનો આ આધાર ગ્રંથ છે.

વસુદેવહિંડી અને ભારતીય સાહિત્યના બીજા સુપ્રસિદ્ધ ગ્રંથો વચ્ચેના કેટલાંક સામ્ય જણાય છે તે બધાના મૂળ છેવટે કદાચ લોકવાર્તામાં જ હોય એ અસંભવિત નથી. લોકવાર્તા તરીકે આપવામાં આવેલી કૃતઘ્ન કાગડાઓની વાર્તા, જેવાની સાથે તેવા થઈને ગાડાવાળાએ નગરવાસીઓને કેવી રીતે છેતર્યા તેની વાર્તા, ગોમુખની અવલોકનચાતુરીની વાર્તા અને ખોટી માતા કોણ તેની વાર્તા, લંગડી મૃગલીને વાઘની સામે ઊભેલી જોઈને પુલિને કુંડિની નગરી વસાવ્યાની વાત—એ બધી શુદ્ધ લોકવાર્તાઓ જ છે. એટલું જ નહીં, અત્યારે વ્યાપક રીતે પ્રચલિત એવી વાર્તાઓ કેટલી પ્રાચીન છે એનું પણ સૂચન કરે છે. ધમ્મિલ્લહિંડી એ સળંગ લોકવાર્તા જ છે. તેમાં કેટલાક લોકપ્રચલિત પદ્યો પણ મળે છે. સાંબ અને પ્રદ્યુમ્નની ક્રીડાઓના પ્રસંગમાં મેના-પોપટના મુખમાં મૂકેલા લોકપ્રચલિત સુભાષિતો, ગન્ધર્વદત્તા લંભકમાં ચારુદત્તના પરિભ્રમણની વાર્તાએ સિન્દબાદ ખલાસીની વાર્તા ઉપર અસર નિપજાયેલી છે. આ સિવાય વસુદેવહિંડીમાં જુદાં જુદાં પાત્રોએ પ્રસંગોપાત એકબીજાને કહેલી સંખ્યાબંધ કથાઓ પણ શુદ્ધ લોકવાર્તાની કોટિમાં જ મૂકવી પડે.

**વસુદેવહિંડીમાંથી પ્રાપ્ત થતી સામાજિક—સાંસ્કૃતિક માહિતી :** વસુદેવહિંડીમાં વસુદેવનું ચરિત વર્ણિત હોવા ઉપરાંત તેમાં કેટલીય નાનીમોટી આડકથાઓનો સમાવેશ થયો છે. આ કથાઓ સમાજ અને સંસ્કૃતિના અભ્યાસ માટે ઉપયોગી અને રસપ્રદ માહિતી પૂરી પાડે છે. વેપાર-વાણિજ્ય, લગ્નજીવન, વૈદકશાસ્ત્ર, સામાજિક ઉત્સવો, અન્ય દેશો સાથેના ભારતના રાજકીય સંબંધો વગેરે બાબતોમાં ખૂબ જ

ઉપયોગી માહિતી આ ગ્રંથમાંથી મળે છે. આ ગ્રંથની રચના ઈ.સ. પાંચમી શતાબ્દીની આસપાસ થયેલી છે કે જે સમય ભારતનો સુવર્ણકાળ ગણાયો છે. તે સમયે અગ્નિ એશિયાના દેશો સાથે ગાઢ વેપારી સંબંધો હતા. વેપારીઓ જુદા જુદા પ્રકારનો માલ ભરીને સમુદ્રમાર્ગે જાવા (યવદ્વીપ), સુમાત્રા (સુવર્ણભૂમિ), સિંહલદ્વીપ આદિ દેશોમાં જતા.

સમુદ્રગમન કરતાં પહેલાં રાજ્યશાસનનો પટ્ટક લેવામાં આવતો અને પવન તથા શકુન અનુકૂળ હોય ત્યારે ધૂપદીપ કરીને વહાણ ચલાવવામાં આવતું (૧૮૯-૮૯). આ ઉપરાંત જમીન માર્ગે પણ અનેક વિકટ ઘાંટીઓ વટાવીને હૂણ, ખસ, ચીનભૂમિ સાથે વેપાર ચલાવવામાં આવતો. (૧૯૧) ટંકણ દેશ અને ત્યાંની ટંકણ નામે પહાડી પ્રજા સાથે માલના વિનિમયની રીતનું સૂચન પણ આમાંથી મળે છે. ટંકણ લોકો સાથેના માલના વિનિમયનાં વર્ણનો અન્યત્ર જૈન સૂત્રોની ટીકાઓમાં જોવા મળે છે. ટંકણ નામની પહાડી પ્રજા વિશેના ઉલ્લેખો મહાભારતાદિમાં પણ મળે છે.

માલવિનિમયની પદ્ધતિ પ્રચલિત હતી. લેવડદેવડની અનુકૂળતા માટે સિક્કાઓમાં 'પણ' અને 'કાર્ષાપણ'નો પરચૂરણ તરીકે ઉપયોગ થતો. દીનાર નામે સોનાના મોટા સિક્કાઓ પણ વપરાતા. દીનાર શબ્દ મુસ્લીમ રાજ્યના અમલ પછી પ્રચારમાં આવ્યો હતો એવો કેટલાક વિદ્વાનોનો મત છે. પણ તે બરાબર નથી. સંસ્કૃત સાહિત્યમાં તેમજ પ્રાકૃત ચૂર્ણિઓ અને સંસ્કૃત ટીકાઓમાં દીનાર સેંકડો વાર વપરાયેલો છે. દીનાર એ રોમન મૂળનો શબ્દ છે અને લેટિન Denarius ઉપરથી ઉતરી આવેલો છે. રોમ અને હિંદના વ્યાપાર અને આર્થિક સંપર્કના પરિણામે ઈ.સ.ની પહેલી - બીજી સદીના આરસામાં ભારતમાં તે વપરાવો શરૂ થયો હોવાની માન્યતા છે. યવનદેશ સાથે રાજકીય સંબંધો હતા. કૌશામ્બીના રાજદરબારમાં યવનદેશમાંથી આવેલા દૂતે પ્રધાનપુત્રને થયેલા કોઢનો ઉપાય બતાવ્યાનો ઉલ્લેખ મળે છે. વૈદકશાસ્ત્રના તેઓ કેટલા જ્ઞાતા હતા તે પણ આ ઉલ્લેખથી જાણી શકાય છે.

ચિકિત્સાશાસ્ત્રને લગતા ઉલ્લેખોમાં - એક સ્થળે વૈદ્યોના શસ્ત્રકોશનો નિર્દેશ છે (૧૦૬), જે તે કાળના વૈદ્યોમાં શસ્ત્રક્રિયા (Surgery) નો પ્રચાર બતાવે છે. ગૂઢ શલ્ય બહાર કાઢવા શરીર ઉપર માટી ચોપડી, તે સુકવી, શલ્યને બહાર કાઢી, ઘાને ઘી અને મધ ભરી રુઝવવાનો ઉલ્લેખ પણ છે (૬૪-૬૫). શતસહસ્રતૈલના અભ્યંગથી શરીરમાંના કૃમિઓ બહાર કાઢવાની નોંધ છે (૨૩૦). એક સ્થળે વૃક્ષાયુર્વેદનો પણ ઉલ્લેખ છે (૬૧).

તે સમયે દ્યુત રમવાનો રિવાજ હતો. દ્યુત રમવા માટે જુદાં જુદાં સ્થાનો હતાં અને એ સ્થાનોનો અધિપતિ ત્યાં રહેતો. અમાત્યો, શ્રેષ્ઠીઓ, પુરોહિતો, નગરરક્ષકો અને દંડનાયકો જેવા રાજ્યના મોટા અધિકારીઓ દ્યુત રમતા. દ્યુતાગારનો અધ્યક્ષ દ્યુત રમનારની જીતમાંથી અમુક ભાગ પડાવતો. ચોરો અને ધૂર્તો કેટલીક વાર પરિવ્રાજકોના વેશમાં ફરતા અને લોકોને ફસાવતા. વિવિધ પ્રકારના વસ્ત્રોને લગતા સંખ્યાબંધ ઉલ્લેખો મળે છે.

વિરહિણી સ્ત્રીઓ માથાના વાળ એક જ વેણીમાં બાંધી રાખતી. પતિની ગેરહાજરીમાં સ્ત્રી માટે કેશસંસ્કાર કરવાનો નિષેધ હતો. રાજ્યસભામાં સ્ત્રીઓ જવનિકા પાછળ બેસતી. રાજકન્યાનો સ્વયંવર

થતો. કન્યાને તેમાં એકત્ર થયેલા રાજાઓનો પરિચય લેખિકા કરાવતી. વૈશ્યો અને ક્ષત્રિયોમાં કન્યાશુલ્ક લેવાતું, ક્ષત્રિયોમાં મામાની દીકરી સાથે લગ્ન થતાં. વણિકો અને બ્રાહ્મણોમાં પણ આ રિવાજ હોવાનો ઉલ્લેખ છે. મામા-ફોઈનાં સંતાનોનાં લગ્ન પ્રાચીનકાળથી ક્ષત્રિયોમાં અને વૈશ્યોમાં ખૂબ વ્યાપક હતાં. આજે પણ હિંદના જુદા જુદા ભાગોમાં આ પ્રથાના અવશેષો જોવા મળે છે. દક્ષિણ ભારતમાં ઘણી જગ્યાએ બ્રાહ્મણોમાં પણ આ પ્રથા પ્રચલિત છે.

મૃચ્છકટિકની વસંતસેનાની જેમ ગણિકાપુત્રી પણ કુળવધૂ બની શકતી (૨૩,૧૩૬). ગણિકાઓ ઉપર રજાનો અધિકાર ગણાતો. રાજા કોઈ મનુષ્યને ગણિકાનું દાન આપી શકતો (૩૩૮). રાજાની સેવામાંથી મુક્તિ મેળવવા માટે ગણિકાએ વિક્રય આપવો પડતો (૨૦૦). આ પ્રકારના ધારાઓનું વર્ણન આપણને કૌટિલ્યના 'અર્થશાસ્ત્ર' આદિ ગ્રંથોમાંથી પણ મળે છે.

ગણિકાને ત્યાં સભામાં અથવા બીજા કોઈ સ્થળે એકત્ર થતી યુવાનોની મંડળી ગોષ્ઠિ અથવા લલિતગોષ્ઠિના નામથી ઓળખાતી. યુવાનો કાવ્ય અને કળાના વિનોદમાં પોતાનો સમય ગાળતા. અમુક સમયે ગોષ્ઠિકો પોતાની પત્નીઓ સાથે ઉદ્યાનયાત્રાએ જતા અને આખો દિવસ આનંદવિનોદમાં ગાળી સાંજે પાછા આવતા (૭૧-૭૨). કેટલીકવાર રાજકુમારોની આસપાસ પણ ગોષ્ઠિ એકત્ર થતી. ગોષ્ઠિના અમુક નાયકો અથવા આગેવાનો રહેતા. રાજા પણ ગોષ્ઠિકોનું સન્માન કરતો. કૂકડાની સાઠમારીની પ્રથા હતી. રાજકુમારો મેના, પોપટ જેવાં પક્ષીઓની રમતોથી આનંદ લેતા. તેમની પાસે ચિત્રવિચિત્ર વાણી બોલાવવાની હોડ બકાતી. ઈન્દ્રમહોત્સવ એક પ્રચલિત ઉત્સવ હતો. રાજા તથા નગરજનો આખો દિવસ આનંદ-પ્રમોદમાં વિતાવતા. નાટકો અને નૃત્યોનો આનંદ માણતા.

જૈન કથાઓમાં મળતા ઉલ્લેખો પ્રમાણે અદ્ભૂત કલાધર તરીકે પ્રસિદ્ધ એનો કોક્કાસ યવન દેશમાં જઈને તે દેશના સાર્થવાહો અને વહાણવટીઓના એક સુથાર પાસેથી ઊડતાં યંત્રો બનાવવાની કળા શીખી લાવ્યો હતો અને પછી પોતાના દેશમાં આવી તેણે ઉડતાં પારેવાં તથા આકાશગામી યંત્રો તૈયાર કર્યાં હતાં. (૭૫-૭૬)

'નાટક' (**नाड्य**) શબ્દ કેવળ નૃત્ય માટે પણ વપરાયેલો છે. અર્થશાસ્ત્રને લગતો એક રસિક અને મહત્ત્વનો ઉલ્લેખ મળે છે. **सत्थसत्थे य भणियं "विसेसेण मायाए सत्थेण य हंतव्वो अप्पणो विवड्ढमाणो सत्तु" त्ति** । (મૂળ, પૃ.૪૫). તે ઉપરથી અનુમાન થાય છે કે એક કાળે પ્રાકૃત ભાષામાં કોઈ 'અર્થશાસ્ત્ર' હોવું જોઈએ, જે આજે અનુપલબ્ધ છે.

એવા જ મહત્ત્વના બીજા ત્રણ ઉલ્લેખો પૌરાગમ-પાકશાસ્ત્ર. (પ્રાકૃત **पोरागम**)ને લગતા છે (૨૭૪, ૩૩૯, ૪૬૦). એમાં એક સ્થળે તો સ્પષ્ટ રીતે કહ્યું છે : "પછી અમે વિદેશમાં પાકશાસ્ત્ર (પૌરાગમ) શીખીને", "પાકશાસ્ત્ર ચિકિત્સાશાસ્ત્રને આધીન છે," એમ વિચારીને ચિકિત્સાશાસ્ત્ર શીખ્યા (૨૭૪).

સંસ્કૃતમાં પાકશાસ્ત્રને લગતા સંખ્યાબંધ ગ્રન્થો પછીના કાળમાં રચાયેલા છે ખરા, પરંતુ અહીં "પૌરાગમ" શબ્દ પાકશાસ્ત્રના સામાન્ય અર્થમાં છે કે એ વિષયના એ નામના કોઈ વિશિષ્ટ ગ્રન્થનું નામ છે એ કહેવું મુશ્કેલ છે. પણ એટલું સ્પષ્ટ છે કે એ સમયમાં પાકશાસ્ત્રનો ખાસ અભ્યાસ થતો, એ માટે

દૂર દેશાવર પણ જવું પડતું અને ઉત્તમ રસોઈયાઓ માટે પાકશાસ્ત્ર ઉપરાંત ચિકિત્સાશાસ્ત્રનો અભ્યાસ કરવાનું પણ જરૂરી હતું.

ઈભ્યપુત્ર 'સાગરચંદ્ર પરમ ભાગવતની દીક્ષા લઈ સૂત્રથી તેમજ અર્થથી ભગવદ્ગીતાનો પરમાર્થ જાણનારો થયો' (૬૦)—એમાં મળતો 'ભગવદ્ગીતા'નો પાંચમા સૈકા જેટલો જૂનો ઉલ્લેખ પણ અગત્યનો છે.

કથાના બે પ્રકારો વર્ણવવામાં આવ્યા છે : "ચરિતા અને કલ્પિતા. તાપસોમાં દિશાપ્રોક્ષક નામના તાપસોનો ઉલ્લેખ છે (૨૧). "ત્રિદંડ અને કુંડિકા ધારણ કરનારી અને જેણે સાંખ્ય અને યોગમાં પ્રવેશ કર્યો છે" એવી પરિવ્રાજિકાનો નિર્દેશ પણ છે (૩૦૨).

એક સ્થળે જીવંતસ્વામીની પ્રતિમાનો ઉલ્લેખ છે (૭૪). મહાવીરપૂર્વકાલીન ચાતુર્યામ ધર્મ એટલે કે ચાર મહાવ્રતોવાળા ધર્મનું સંક્ષિપ્ત વિવરણ એક સ્થળે છે (૩૪૮).

'વસુદેવ-હિંડી'માંથી શસ્ત્રવિદ્યાને અને યુદ્ધવિદ્યાને લગતા પણ કેટલાર ઉલ્લેખો મળે છે : પ્રાચીન કાળમાં ચઢી આવતા સૈન્યને હણવા માટે નગરના દરવાજા ઉપર શિલા, શતઘ્ની, કાલચક્ર વગેરે યાંત્રિક શસ્ત્રો લટકાવવામાં આવતાં (૫).

**વસુદેવહિંડીની ભાષા–શૈલી :** ભાષા-શૈલીની દૃષ્ટિએ જોતાં 'વસુદેવહિંડી'એ જૈન સાહિત્યનો એક વિરલ ગ્રંથ છે. આટલા પ્રાચીન સમયમાં લખાયેલ લગભગ સાડા દસ હજાર શ્લોક પ્રમાણનો આના જેવો સળંગ કથાત્મક ગદ્યગ્રંથ સમસ્ત ભારતીય સાહિત્યમાં બીજો કોઈ શોધ્યો જડે તેમ નથી.

વિક્રમની આઠમી શતાબ્દીના આરસામાં રચાયેલી આગમગ્રંથો ઉપરની ચૂર્ણિઓમાં આપણને ગદ્યાત્મક પ્રાકૃત કથાઓ મળે છે. પરન્તુ તેમાં અને વસુદેવહિંડીની કથાઓમાં ધ્યાન ખેંચે એવો તફાવત જોવા મળે છે. ચૂર્ણિઓમાંની મોટાભાગની કથાઓમાં સાહિત્યિક ગુણવત્તાનો અભાવ છે. તે નિરૂપણસૌન્દર્યની દૃષ્ટિએ લખાયેલી નથી. તેના કથાભાગથી પરિચિત હોય તે જ સમજી શકે તેવી મિતાક્ષરી શૈલી તેમાં પ્રયોજાયેલી હોય છે. આથી ઉલટું કથાવર્ણનની દૃષ્ટિએ વસુદેવહિંડીનો વિસ્તાર અને યોજના એવાં તો વિપુલ છે કે પ્રાચીન જૈન સાહિત્યમાં તેનો જોટો જડે તેમ નથી. લેખનશૈલી સંક્ષિપ્ત કે શુષ્ક નથી. જીવતી ભાષાનું ચેતનવંતુ અને અત્યંત રસપ્રદ ચિત્ર ખડું કરે છે. સંવાદો વાતચીતની ભાષામાં લખાયેલા જણાય છે. આમ છતાં પ્રસંગોપાત અલંકારમય અને સમાસપ્રચુર વર્ણનોની ફુલગુંથણી ગ્રંથકર્તાએ કરી છે. વસુદેવહિંડી એ પ્રધાનપણે ગદ્યગ્રંથ છે. પણ તેમાં વચ્ચે વચ્ચે ઘણીવાર પદ્યો આવે છે. તેમાંયે પ્રિયંગસુંદરી લંભક અને કેતુમતી લંભકમાં આવાં પદ્યો એકીસાથે સંખ્યાબંધ નજરે પડે છે. આ પદ્યો પ્રાસંગિક સુભાષિતો નથી, પણ કથાનું અંગ છે. વળી, ઉપર્યુક્ત બે લંભકોમાં અને અન્યત્ર પણ અનેક સ્થળે ગદ્યભાગમાં ય પદ્યો જોવા મળે છે. વસુદેવહિંડીની રચના થઈ તે પહેલાં લોકમાં કે જૈન આચાર્યોને મુખે પદ્યાત્મક વસુદેવહિંડી કે વસુદેવચરિતના અમુક ભાગ પ્રચલિત હોય એવું અનુમાન થઈ શકે.

વસુદેવહિંડીની ભાષા સરળ, રૂઢ, ઘરગથુ અને પ્રાસાદિક છે. જન સમાજમાં જ્યારે પ્રાકૃત બોલાતી ભાષા હશે ત્યારે લખાયેલી છે. એની રચના થયાના પછીના સમયમાં માત્ર સાહિત્યિક ધોરણે જે પ્રાકૃત ગ્રન્થો લખાયા છે તેની તુલનાએ વસુદેવહિંડીની ભાષા સ્વભાવસિદ્ધ નૈસર્ગિક માલુમ પડે છે.

વસુદેવહિંડીની ભાષા આર્ષ પ્રાકૃત છે અથવા વધારે ચોક્કસ રીતે કહીએ તો ચૂર્ણિગ્રંથોમાં મળે છે તેવી આર્ષ જૈન મહારાષ્ટ્રી પ્રાકૃત છે. ઉપરાંત વસુદેવહિંડીમાં એવા જૂના રૂપો મળે છે કે જે પછીના સમયના પ્રાકૃત ગ્રન્થોમાં ભાગ્યેજ નજરે પડે અને જેની પ્રાકૃત વૈયાકરણોએ પણ નોંધ લીધી નથી. પ્રાકૃત સાહિત્યના સમસ્ત ગ્રન્થોમાં વસુદેવહિંડીની ભાષા અસાધારણ પ્રાચીન પ્રાકૃત છે. એ રીતે વસુદેવહિંડીની ભાષા પ્રાચીન ભૂમિકા રજૂ કરે છે. એથી સામાન્ય જૈન મહારાષ્ટ્રીની તુલનાએ સૂત્રગ્રંથોની ભાષાની વધારે નજીક છે અને તેમાં એવાં જૂનાં રૂપો મળે છે. વસુદેવહિંડીની રચના વિક્રમની છઠ્ઠી શતાબ્દી નિશ્ચિત થઈ હોવા છતાં ભાષાની દૃષ્ટિએ જોતાં તેની રચના એ કરતાંયે બે-ત્રણ શતાબ્દી પૂર્વે થઈ હોય એ અસંભવિત નથી.

વસુદેવહિંડીની ભાષા અનેક દૃષ્ટિએ અભ્યાસ માગી લે છે. એમાંના રૂપો પાલી અને આર્ષ પ્રાકૃતના સંબંધ ઉપર નવો જ પ્રકાશ પાડે છે. સાધારણ રીતે જૈન મહારાષ્ટ્રી કરતાં સૂત્રગ્રંથોની અર્ધમાગધી ભાષા સાથે તેનું સામ્ય જણાય છે. મહારાષ્ટ્રી પ્રાકૃતે પોતાનું આગવું ભાષાકીય અને સાહિત્યિક સ્વરૂપ પ્રાપ્ત કર્યાના સમયમાં તે આપણને લઈ જાય છે. વસુદેવહિંડીના ઘણા ભાષાપ્રયોગો છેદસૂત્રો ઉપરનાં ભાષ્યોમાં અને ચૂર્ણિઓમાં પ્રાપ્ત થાય છે. વસુદેવહિંડીમાંના સંખ્યાબંધ આર્ષ પ્રયોગો અને રસપ્રદ લાક્ષણિકતાઓ પ્રાકૃતો વિશેના આપણા જ્ઞાનમાં ગણનાપાત્ર ઉમેરો કરે છે. એટલું જ નહીં પણ પ્રાકૃત વ્યાકરણ અને ભાષાકીય ઈતિહાસનો કેટલીક અજાણ બાબતો પર પ્રકાશ પાડે છે.

**સંદર્ભ :**


૧. वसुदेवहिंडी – प्रथम खंड
સંપાદકો : મુનિશ્રી ચતુરવિજયજી અને મુનિશ્રી પુણ્યવિજયજી
પ્રકાશક : જૈન આત્માનંદ સભા, ભાવનગર.

૨. वसुदेवहिंडी – मध्यम खंड
સંપાદકો : ડૉ. હરિવલ્લભ ભાયાણી અને ડૉ. રમણિકભાઈ શાહ
પ્રકાશક : લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર, અમદાવાદ.

૩. વસુદેવહિંડી - ગુજરાતી ભાષાન્તર
અનુ. : ડૉ. ભોગીલાલ સાંડેસરા
પ્રકાશક : ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર.

૪. प्राकृत जैन कथा साहित्य—डॉ. जगदीशचन्द्र जैन

૫. प्राकृत साहित्य का इतिहास—डॉ. जगदीशचन्द्र जैन

૬. दो हजार वर्ष पुरानी कहानियाँ—डॉ. जगदीशचन्द्र जैन

૭. भारतीय संस्कृति में जैन धर्म का योगदान—डॉ. हीरालाल जैन

૮. कथा सरितसागर—सोमदेव, अनु.—केदारनाथ शर्मा


□□□

# વ્યાકરણશાસ્ત્રની અદ્વૈત વેદાન્તી દાર્શનિક ભૂમિકા

## (ભર્તૃહરિના વાક્યપદીયના/ સંદર્ભમાં)

**વિજય પંડ્યા**

वाग्वै (सम्राट्) परमं ब्रह्म । (બૃહદારણ્યક ઉપનિષદ ૪-૧-૨) એમ ઉપનિષદમાં ઉદ્‌ઘોષ કરવામાં આવ્યો છે. આ ઉદ્‌ઘોષનું સમર્થન કરવા માટે જાણે ભર્તૃહરિએ 'વાક્યપદીય' ગ્રન્થની રચના કરી છે. દાર્શનિક તત્ત્વમીમાંસાની પશ્ચાદ્‌ભૂમાં, આ ગ્રન્થ લખાયેલો જણાય છે. દરેક શાસ્ત્રની પોતાની દાર્શનિક ભૂમિકા તો હોય જ, પણ વ્યાકરણશાસ્ત્રના ગ્રન્થમાં, આટલી પ્રકટ અને મુખર રીતે ભર્તૃહરિએ જે દાર્શનિક પીઠિકા રચી છે તે કદાચ, સંસ્કૃત ભાષાના વ્યાકરણશાસ્ત્રના ઈતિહાસમાં અનન્ય છે.

આજે અનુપલબ્ધ પણ ભર્તૃહરિએ રચેલા મનાતા ગ્રન્થ 'શબ્દધાતુસમીક્ષા'નું શીર્ષક ભર્તૃહરિના શબ્દદર્શનને બરાબર પ્રતિફલિત કરનારું છે. 'શબ્દનું ધાતુરૂપે સમીક્ષણ' આ સમજૂતીમાં ધાતુ એટલે મૂળ કારણ પરમ સત્તા. શબ્દનું પરમસત્તા તરીકે પરીક્ષણ.[1] શબ્દની પરમસત્તા એટલે, વાક્યપદીય (વા. પ.)માં જેને ભર્તૃહરિ શબ્દતત્ત્વ કહે છે તે અને આ શબ્દતત્ત્વ એ જ બ્રહ્મ છે, એમ ભર્તૃહરિ વા. પ.ની પ્રથમ કારિકામાં કહે છે.

> अनादिनिधनं ब्रह्म शब्दतत्त्वं यदक्षरम् ।
> विवर्तते तेऽर्थभावेन प्रक्रिया जगतो यतः ॥ વા. પ. ૧-૧

આદિ અને અંત વિનાનું શબ્દતત્ત્વરૂપ બ્રહ્મ જે વર્ણોના નિમિત્ત રૂપે છે, જે (ઘટાદિ) અર્થરૂપે ભાસે છે, જેમાંથી જગતની (ઉત્પત્તિ વગેરે) પ્રક્રિયા થાય છે.[2]

વાક્ય અને પદ જેના વિષય છે તે ગ્રન્થ બ્રહ્મ વિશેના વિધાનથી આરંભાય છે, અને પહેલા કાણ્ડને બ્રહ્મકાણ્ડ કહેવામાં આવ્યો છે તે પણ સૂચક છે.

વળી ભર્તૃહરિ બ્રહ્મપ્રાપ્તિને વ્યાકરણશાસ્ત્રના અધ્યયનનું અંતિમ પ્રયોજન ગણે છે. तद् व्याकरणमागम्य परं ब्रह्माधिगम्यते । વા. પ. ૧.૨૨

તો વ્યાકરણ-અધ્યયનનું અંતિમ લક્ષ્ય જો બ્રહ્મપ્રાપ્તિ હોય, અને બ્રહ્મ સર્વનું ઉદ્‌ભવ સ્થાન હોય, અન આ સર્વમાં વાક્ય અને પદનો પણ સમાવેશ જો થઈ જતો હોય તો, પછી, ગ્રન્થનો આરંભ બ્રહ્મથી જ કેમ ન કરવામાં આવે ? એવા કંઈક વિચારથી વા. પ.નો આરંભ બ્રહ્મ વિશેના વિધાનથી કરવામાં આવ્યો છે.

વ્યાકરણથી શબ્દનો સંસ્કાર થાય છે, અને તે પરમાત્માની પ્રાપ્તિનો ઉપાય છે. તેની પ્રવૃત્તિના તત્ત્વને જાણનાર અમૃત એવા બ્રહ્મને પામે છે.

तस्माद्यः शब्दसंस्कारः सा सिद्धिः परमात्मनः ।
तस्य प्रवृत्तितत्त्वतस्तद्ब्रह्मामृतमश्नुते ॥ વા. પ. ૧-૧૪૪

આમ બ્રહ્મ વિશેના વિચારો પહેલા કાણ્ડની આરંભની ચાર કારિકાઓ (એક ઉપર આપી) આપે છે.

एकमेव यदाम्नातं भिन्नशक्तिव्यपाश्रयात् ।
अपृथक्त्वेपि शक्तिभ्यः पृथक्त्वेनेव वर्तते ॥

अध्याहितकलां यस्य कालशक्तिमुपाश्रिताः ।
जन्मादयो विकाराः षड् भावभेदस्य योनयः ॥

एकस्य सर्वबीजस्य यस्य चेयमनेकधा ।
भोक्तृभोक्तव्यरूपेण भोगरूपेण च स्थितिः ॥ વા. પ. ૧-૨-૩-૪

જે એક જ છે એમ વેદમાં કહ્યું છે, અને જે, જુદી જુદી (કાર્યજનક) શક્તિઓના આશ્રયને કારણે, (આવી) શક્તિઓથી જુદું ન હોવા છતાં, જાણે જુદું હોય તેમ દેખાય છે, જેની (નિમેષાદિ ક્રિયારૂપી) ભેદના આરોપવાળી, કાલશક્તિના આશ્રયે રહેલા જન્મ વગેરે છ વિકારો પદાર્થોની ભિન્નતાનાં કારણો બને છે, અને સર્વના બીજરૂપ એવા જે શબ્દબ્રહ્મની ભોક્તારૂપે, ભોક્તવ્યરૂપે અને ભોગરૂપે એમ અનેક પ્રકારે સ્થિતિ છે.

આ સિવાયની બીજી પણ એવી ઘણી કારિકાઓ છે જેમાં બ્રહ્મ વિશેના પૂરક અથવા તેની છણાપટ કરતા વિચારો રજૂ કરવામાં આવ્યા હોય. એમ પણ કહી શકાય કે સમસ્ત વા. પ.માં આ બ્રહ્મવિચાર સૂત્ર સમાન છે, જેમાં વ્યાકરણ કે ભાષાવિજ્ઞાન વિષયક વિચારો પરોવાએલા છે. સમસ્ત ગ્રન્થને એકવાક્યતા અર્પનારું તત્ત્વ જો કોઈ હોય તો આ બ્રહ્મતત્ત્વ છે જેને ભર્તૃહરિ શબ્દબ્રહ્મત્વ કહે છે. જાતિ, દ્રવ્ય, સાધન, ક્રિયા, દિક્ કે કાલ જેવા વિષયો વિશે વાત કરતી વખતે પણ તે બ્રહ્મ સાથે એને જોડે છે.

ઉપર આપણે જે ચાર કારિકાઓ ઉતારી તેમાં વ્યક્ત થયેલા મુખ્ય વિચારો આ પ્રમાણે નોંધી શકીએ.

(i) બ્રહ્મન્ શબ્દતત્ત્વ છે અને સર્વ પદાર્થો-વિશ્વ એમાંથી ઉદ્ભવે છે.

(ii) પરમતત્ત્વ તો એક જ છે પણ પોતાની વિવિધ શક્તિઓથી નાનાપણાનો આવિર્ભાવ પામે છે. આમ કરતી વખતે પણ તેનું એકત્વ તો જાળવી રાખે છે, શક્તિઓથી તે ભિન્ન નથી પણ ભિન્ન જણાય છે.

(iii) આ શક્તિઓમાં 'કાલ' સૌથી અગત્યની શક્તિ છે. એ એક જ છે પણ એના પર વિભાગોનો અધ્યાસ થયેલો છે. એના પર છએ છ ભાવવિકારો અવલંબે છે, અને જે, બ્રહ્મમાં નાનાપણું લાવે છે.

(iv) સત્તા તો એક જ છે, સર્વ વૈવિધ્યનું મૂળ છે, તે ભોક્તા, ભોગ્ય અને ભોગરૂપે અથવા તો દ્રષ્ટા, દૃષ્ટ અને દૃશ્ય એમ ત્રણે રૂપે પ્રગટે છે.

આ સૌ વિચારોમાં બ્રહ્મ એ શબ્દતત્ત્વ છે એ કેન્દ્ર સ્થાને વિરાજતો વિચાર છે. ભર્તૃહરિ માટે, આ વિચાર વૈદિક વારસારૂપે છે ભર્તૃહરિ પોતે આ વાત સ્વીકારે છે.

शब्दस्य परिणामोऽयमित्याम्नायविदो विदुः ।
छन्दोभ्य एव प्रथममिमं विश्वं व्यवर्तत ॥ વા. પ. ૧-૧૨૪

વેદના જ્ઞાતાઓ સમજે છે (જાણે છે) કે આ (વાચ્યવાચક ભેદવાળો સંસાર) શબ્દનું જ પરિણામ છે. (સૃષ્ટિના) આરંભમાં છન્દોમાંથી જ આ વિશ્વ પ્રવૃત્ત થયું છે.

આ ૧-૧૨૪ કારિકાની વૃત્તિ (જે ભર્તૃહરિ રચિત મનાય છે)માં કહેવામાં આવ્યું છે.

तथैवाम्नाये संहृतभोग्यभोक्तृशक्तेर्वागात्मनो बहुधा कारणत्वमाम्नातम् ।[3]

અને કોઈક 'પુરાકલ્પ'નામના ગ્રન્થનું પણ ઉદ્ધરણ આપવામાં આવ્યું છે.

विभज्य बहुधात्मानं स छन्दस्य प्रजापतिः ।
छन्दोमयीभिर्मात्राभिर्बहुधैव विवेश तम् ॥[४]

આ અવતરણો એવું દર્શાવે છે કે, ભતૃહરિ પાસે જે દાર્શનિક ભૂમિકા છે તે, તેમને પરમ્પરા પ્રાપ્ત છે.

બ્રહ્મ એ શબ્દતત્ત્વ છે એ કેવળ વૈદિક અને અવૈદિક પરમ્પરા પર જ આધારિત નથી પણ, તર્કથી પણ, સિદ્ધ થઈ શકે તેમ છે, એમ ભર્તૃહરિને અભિપ્રેત છે. એ બાબત એ રીતે સિદ્ધ થાય છે કે, ભર્તૃહરિ વળીવળીને પોતાના ગ્રન્થમાં આ વાત પર જુદી જુદી રીતે ભાર મૂકે છે.

આપણા સર્વ જ્ઞાનમાં શબ્દનું મહત્ત્વનું સ્થાન છે એ વાત પર આધારિત આ તર્ક છે. આ તર્ક કાર્યકારણના ભાવપર રચાયેલો છે. કાર્યની પ્રકૃતિ-સ્વરૂપ પરથી કારણની પ્રકૃતિ-સ્વરૂપ વિષે અનુમાન થઈ શકે છે. વિશ્વના સર્વ પદાર્થોનું જ્ઞાન શબ્દ સાથે સંકળાયેલું છે. જે આ પ્રમાણેનું ન હોય તે જ્ઞાન જ ન હોય.

न सोऽस्ति प्रत्ययो लोके यः शब्दानुगमादृते ।
अनुविद्धमिव ज्ञानं सर्वं शब्देन भासते ॥ વા. પ. ૧-૧૩૧

જગતમાં એવું કોઈ જ્ઞાન નથી જે શબ્દથી પરોવાયેલુ ન હોય. શબ્દ વડે અનુગ્રથિત જ્ઞાન ભાસે છે.

એટલે, આપણે શબ્દનું જ્ઞાન મેળવ્યા વગર, પદાર્થનું જ્ઞાન મેળવી શકીએ નહીં, અને બ્રહ્મના સર્વ આવિર્ભાવો શબ્દ સાથે વણાયેલા છે, અને તેથી આપણે એવા તારણ પર આવી શકીએ કે, તેનું મૂળ કારણ બ્રહ્મ પણ શબ્દતત્ત્વ હોવું જોઈએ. ઇન્દ્રિયોની જેમ શબ્દ કેવળ જ્ઞાનનું સાધન-પ્રમાણ હોત તો, શબ્દનો પ્રત્યય ન થાય તો પણ આપણને પદાર્થનું જ્ઞાન પ્રાપ્ત થઈ શકત. પણ આપણે શબ્દનો પ્રત્યય પ્રાપ્ત કર્યા વગર પદાર્થ-ભાવનું જ્ઞાન મેળવી શકતા નથી. વળી આપણે જ્યારે, પદાર્થનું જ્ઞાન

શબ્દ દ્વારા મેળવીએ છીએ ત્યારે, આપણો પ્રત્યય અદ્વૈતસ્વરૂપી હોય છે, (આવુ અનુમાનમાં હોતું નથી. અનુમાનમાં ધૂમ અને અગ્નિનું અભેદ આપણે સાધતા નથી.) આ 'ઘટ' છે એમ કહીએ ત્યારે 'ઘટ' શબ્દ અને 'ઘટ' પદાર્થ એ બન્ને વચ્ચે અદ્વૈત હોય છે. એટલે, આપણે એવા નિર્ણય પર આવીએ છીએ કે, પદથી તેનો અર્થ-પદાર્થ ભિન્ન નથી. પદ એ જ અર્થ બન્યો છે. એટલે પદાર્થ અને તેઓ પ્રત્યય શબ્દના વિકાર-કાર્યો છે, આમ, પદાર્થનું અંતિમ સ્વરૂપ શબ્દતત્ત્વનું બનેલું છે. એટલે વા. પ. ૧-૧ પરની વૃત્તિમાં કહેવામાં આવ્યું છે તેમ

तत्तु भिन्नरूपाभिमतानामपि विकाराणां प्रकृत्यन्वयित्वात् शब्दोपग्राह्यतया शब्दोपग्राहितया च शब्दतत्त्वम् ।[५]

વૃત્તિ ૧૨ શ્લોકો ટાંકે છે. આપણે ઉપર નોંધ્યું તેમ, જો આ વૃત્તિ ભર્તૃહરિ રચિત હોય તો, તે કોઈ પ્રાચીન પરમ્પરાને અનુસરી રહ્યા છે. આ શ્લોકોમાંનો એક કહે છે કે બ્રહ્મ શબ્દતત્ત્વ છે, આ વિશ્વ બ્રહ્મ છે, જે સર્વ પદાર્થો અને ઘટનાઓનું નિર્માણ કરે છે. બ્રહ્મ જે કાંઈ ઉત્પન્ન કરે છે તે શબ્દસ્વરૂપનું હોવાથી બ્રહ્મ પોતે શબ્દસ્વરૂપનું હોવું જોઈએ.

ब्रह्मेदं शब्दनिर्माणं शब्दशक्तिनिबन्धनम् ।
विवृत्तं शब्दमात्राभ्यस्तास्वेव प्रविलीयते ॥[६]

બ્રહ્મને અક્ષર-phoneme કહેવામાં આવ્યું છે એ પણ દર્શાવે છે કે, બ્રહ્મ શબ્દસ્વરૂપી છે, શબ્દતત્ત્વ છે. અક્ષર પણ બ્રહ્મમાંથી ઉદ્ભવે છે.

આમ ભર્તૃહરિ 'બ્રહ્મ' વિચાર પર ભાર મૂકે છે. બ્રહ્મ શબ્દતત્ત્વ છે અને શબ્દના રૂપમાં સર્વ ઘટનાઓ અને પદાર્થો આવિર્ભાવ પામે છે. સર્વ પ્રત્યયો અને વિચારો શબ્દ સાથે વણાયેલા છે. આ વિશ્વ સમય અને સ્થળના ક્રમમાં ગોઠવાયેલી અનંત ઘટનાઓ છે, અને તેને અભિવ્યક્ત કરનારા શબ્દો છે. આ સર્વ ઘટનાઓની જાતિ અને તેના શબ્દો શબ્દતત્ત્વમાં ગર્ભિતરૂપે રહેલાં છે. એ અવસ્થામાં તેઓનો વ્યાવહારિક ઉપયોગ થઈ શકતો નથી. (માણ્ડુક્ય ઉપનિષદમાં બ્રહ્મને અવ્યવહાર્ય કહેવામાં આવ્યું છે.) એ માટે એની વિશેષતાઓનું પ્રાક્ટ્ય આવશ્યક છે. એ જ્યારે થાય ત્યારે વાચ્યવાચક જગતનું ઉદ્ભવસ્થાન શબ્દતત્ત્વ છે.

शब्देष्वेवाश्रिता शक्तिर्विश्वस्यास्य निबन्धनी ।
यन्नेत्रः प्रतिभात्मायं भेदरूपः प्रतीयते ॥ વા. પ. ૧-૧૨૨

આ વિશ્વની નિયામકશક્તિ શબ્દોને આશ્રયે રહેલી છે. તે (શબ્દોરૂપી) નેત્ર (=જ્ઞાન સાધન)વાળો આ જ્ઞાનાત્મા (વાચ્યવાચક)ભેદ રૂપે વ્યક્ત બને છે.

આ કારિકા પરની વૃત્તિ આ પ્રમાણે છે : तत्र केषांचिज्जातय सूक्ष्मशब्दाधिष्ठाननिबन्धनाः । ताः खल्वात्माभिव्यक्तिमधिष्ठानपरिणामेन प्रतिलभमानाः वाच्यवाचकभावेन व्यवतिष्ठन्ते ।[७]

એક તત્ત્વનું આ વિશ્વ વ્યાવર્તન છે, અને वाच्यवाचकनું બનેલું છે. વા. પ.માં ૧-૪માં કહેવામાં આવ્યું છે તેમ ક્યારેક ભોક્તા, ભોગ્ય અને ભોગનું બનેલું છે. આ જ વા. પ.ની કારિકા પર વૃત્તિ

એક શ્લોક ટાંકે છે.

वागेवार्थं पश्यति वाग् ब्रवीति वागेवार्थं निहितं सन्तनोति ।
वाच्येव विश्वं बहुरूपं निबद्धं तदेतदेकं प्रविभज्योपभुङ्क्ते ॥[८]

આમ સર્વ પ્રત્યય શબ્દાનુગમ છે, સર્વ જ્ઞાન શબ્દાનુવિદ્ધ છે. જગતની સર્વ પ્રવૃત્તિ શબ્દના આશ્રયે રહેલી છે.

इति कर्तव्यता लोके सर्वा शब्दव्यपाश्रया । વા. પ. ૧-૧૨૯

ભર્તૃહરિના મંતવ્ય પ્રમાણે નવજાત-નાના બાળકોનો પ્રત્યય પણ શબ્દ સાથે સંકળાયેલા છે.

તે જ પ્રમાણે નિર્વિકલ્પક અને સવિકલ્પક જ્ઞાનમાં પણ શબ્દ તો રહેલો છે. વા. પ ની ૧-૧૩૨ (वाग्रूपता चेदुत्क्रामेदवबोधस्य शाश्वती । न प्रकाशः प्रकाशेत सा हि प्रत्यवमर्शिनी ॥ ૧-૧૩૨ પરની વૃત્તિમાં કહેવામાં આવ્યું છે.

योऽपि प्रथमोपनिपाती बाह्येष्वर्थेषु प्रकाशः स निमित्तानामपरिग्रहेण वस्तुस्वरुपमात्रमिदं तदित्यव्यपदेश्यया वृत्त्या प्रत्यवभासयति । स्मृतिकालेऽपि च तादृशानामुपलब्धिबीजानामाभिमुख्ये स्मर्तव्येषु श्लोकादिषु प्रकाशानुगममात्रभारुपमिव बुद्धौ विपरिवर्तते कोऽप्यसावनुवाकः श्लोको वा योऽयं मया श्रुतिमात्रेण प्रकान्त इति ।[९]

વળી નિદ્રાવસ્થામાં પણ શબ્દ તો રહેલો જ છે. વા. પ. ની ૧૩૧મી કારિકા પરની વૃત્તિમાં કહેવામાં આવ્યું છે તેમ

तथैकेषामाचार्याणां सुप्तस्यापि जाग्रद्वृत्त्या सदृशो ज्ञानवृत्तिप्रबन्धः । केवलं तु शब्दभावनाबीजानि तदा सूक्ष्मां वृत्तिं प्रतिलभन्ते ।[१०]

(આ અનુભવ વેદાન્તસાહિત્યમાં નિદ્રાવસ્થાના અનુભવ વર્ણન સાથે સામ્ય ધરાવે છે सुखमहमस्वापम् । न किञ्चिद् अवेदिषम् ।)

અનુભવ અતિસૂક્ષ્મ હોવાથી, વ્યવહાર્ય બનતો નથી, શબ્દમાં વર્ણવી શકાતો નથી.

તદુપરાંત બધી જ કળાઓ શબ્દ પર આધારિત છે.

सा सर्वविद्याशिल्पानां कलानां चोपनिबन्धिनी ।
तद्वशादभिनिष्पन्नं सर्वं वस्तु विभज्यते ॥ વા. પ. ૧-૧૩૩

આ (વાગ્રૂપતા) બધી વિદ્યાઓ, બધાં શિલ્પો અને બધી કલાઓનો આધાર છે. તેને કારણે વ્યક્ત થયેલ બધું પૃથક્ સમજાય છે.

અને આવા શબ્દનો જે ઉપયોગ કરી શકે તે સસંજ્ઞ અને ન કરી શકે તે વિસંજ્ઞ. વા. પ.ની ૧૩૪મી કારિકા પરની વૃત્તિમાં કહેવામાં આવ્યું છે. તેમ : योऽयं चैतन्ये वाग्रूपतानुगमस्तेन लोके ससंज्ञो विसंज्ञ इति व्यपदेशः क्रियते ।[११]

એવી કોઈ ચૈતન્યયુક્ત વ્યક્તિ નથી કે જેની ચેતના શબ્દથી યુક્ત ન હોય न हि सा चैतन्येनाविष्टा जातिरस्ति यस्यां स्वपरसंबोधो यो वाचा नानुगम्यते ।[१२]

ચૈતન્ય અને શબ્દ એક છે કે ભિન્ન ?

વૃત્તિ બન્ને મત પ્રસ્તુત કરે છે तस्माच्चितिक्रियारूपमलब्धवाक्शक्तिपरिग्रहं न विद्यते । वाक्तत्त्वरूपमेव चितिक्रियारूपमित्यन्ये ।[१३]

ભર્તૃહરિ એવો મત ધરાવતા લાગે છે કે બન્ને અભિન્ન છે.

सैषा संसारिणां संज्ञा बहिरन्तश्च वर्तते ।
तन्मात्रामव्यतिर्न्तिं चैतन्यं सर्वजातिषु ॥ વા. પ. ૧-૧૩૪

(બધાં) સંસારી જનોનું તે ચૈતન્ય છે. તે શરીરની બહાર અને અંદર રહેલું છે. સર્વ જાતિઓનું ચૈતન્ય તેની શક્તિનું અતિક્રમણ કરતું નથી.

ચૈતન્ય એ વાગ્રૂપતા છે અને બ્રહ્મ એ શબ્દતત્ત્વ છે. એટલે કે ચૈતન્યરૂપ છે.

આમ બ્રહ્મ એ શબ્દતત્ત્વ છે, શબ્દતત્ત્વ એ ચૈતન્ય છે, ચૈતન્ય વાક્રૂપ છે. વાક્ બધાં જ સ્વરૂપોમાં છે, બધી જ જાગ્રત, સ્વપ્ન, અવસ્થાઓમાં છે, નવજાત શિશુમાં પણ છે, જેના વગર જ્ઞાન એ જ્ઞાન નથી, તો આવી વાક્નું સ્વરૂપ શું છે ?

वाग्रूपता चेदुत्क्रामेदवबोधस्य शाश्वती ।
न प्रकाशः प्रकाशेत सा हि प्रत्यवमर्शिनी ॥ વા. પ. ૧-૧૩૨

જ્ઞાન સાથે હંમેશની (પ્રાપ્ત થનારી)વાગ્રૂપતા જો ઉચ્છેદ પામે તો, જ્ઞાનરૂપ પ્રકાશ પ્રકાશે નહીં. તે (નિત્ય એકત્વ) જ જ્ઞાનનું પ્રકાશક છે.

વળી આગળ ઉપર પણ એકથી વધારે વાર જે કારિકા ઉદ્ધૃત પામી છે તેમાં ભર્તૃહરિ કહે છે તે પ્રમાણે

न सोऽस्ति प्रत्ययो लोके यः शब्दानुगमादृते ।
अनुविद्धमिव ज्ञानं सर्वं शब्देन भासते ॥ વા. પ. ૧-૧૩૧

જગતમાં એવું કોઈ જ્ઞાન નથી જે શબ્દથી પરોવાયેલું ન હોય, બધું જ્ઞાન શબ્દ વડે અનુગ્રથિત (વ્યાપ્ત) ભાસે છે.

આ શબ્દતત્ત્વ એક છે, છતાં અનેક થાય છે, અને તેની ઘણી શક્તિઓ છે.

एकमेव यदाम्नातं भिन्नं शक्तिव्यपाश्रयात् । વા. પ. ૧-૨

આ વિશ્વના વૈવિધ્યને સમજાવવા શબ્દતત્ત્વમાં ઘણી શક્તિઓ માનવામાં આવી છે. પરમતત્ત્વની શક્તિઓના આધારે, વિશ્વના વૈવિધ્યને સમજાવવું સરળ છે, નહીં કે પરમસત્તાના બાહુલ્યને આધારે.

सर्वशक्त्यात्मभूतत्वेमकस्यैवेतिनिर्णये ।
भावनामात्मभेदस्य कल्पना स्यादनर्थिका ॥ વા. પ. ૩-૧-૨૨

એક (એવા બ્રહ્મ)નું જ, તેની બધી શક્તિઓ સાથે તાદાત્મ્ય છે એવો નિર્ણય કરવામાં આવતાં પદાર્થોના સ્વરૂપની ભિન્નતાની કલ્પના નિરર્થક ઠરશે.

પરમ તત્ત્વ અને, તેની શક્તિઓ વચ્ચે કોઈ ભેદ નથી, આ ભર્તૃહરિનો મહત્ત્વનો સિદ્ધાન્ત છે.

अपृथक्त्वेऽपि शक्तिभ्यः पृथक्त्वेनेव वर्तते । વા. પ. ૧-૨.

વૃત્તિ એક સ્થળે એવું કહે છે આ શક્તિઓ અનિરુક્ત છે, અવર્ણનીય છે. બ્રહ્મ સાથે તેઓ એક છે એમ નહીં કહી શકાય કારણ કે એમ કહેવા જતાં, શક્તિઓ ઘણી હોવાથી, બ્રહ્મ ઘણાં થશે. વળી બ્રહ્મથી ભિન્ન છે એમ પણ નહીં કહી શકાય. કારણ કે બ્રહ્મથી ભિન્ન તેમનું અસ્તિત્વ જ નથી. વળી તે નથી એમ પણ નહીં કહી શકાય કારણ કે વિશ્વમાંના વૈવિધ્ય પરથી તેના અસ્તિત્વનું અનુમાન કરી શકાય તેમ છે.

एकस्य हि ब्रह्मणस्तत्त्वान्यत्वाभ्यां सत्त्वासत्त्वाभ्यां चानिरुक्ता विरोधिशक्त्युपग्राह्यस्य[१४]

ભર્તૃહરિ તો સ્પષ્ટ છે કે બ્રહ્મ પોતાની શક્તિઓથી ભિન્ન નથી પણ તે ભિન્ન જણાય છે એટલું જ નહીં પણ વિરોધી પણ જણાય છે, કારણ કે તેનાં કાર્યો-વિકારો ભિન્ન છે, એટલું જ નહીં પણ એક બીજાનાં વિરોધી પણ છે.

एकत्वस्याविरोधेन शब्दतत्त्वे ब्रह्मणि समुच्चिता विरोधिन्य आत्मभूताः शक्तयः ।[१५]

વળી તેઓ એક જ તત્ત્વની શક્તિ હોવાને કારણે અને એક જ આધારમાં હોવાથી તેઓ વિરોધી પણ ન કહેવાય.

अविरोधिन्य इति । विरुद्धकार्यप्रसवानुमितविरोधा अप्येकस्मिन्नाधारे यौगपद्येन वृत्तेरविरोधिन्यः ।

શક્તિ વ્યક્તિ બને છે એમ પણ ભર્તૃહરિ કહે છે

तस्माद् द्रव्यादय सर्वाः शक्तयो भिन्नलक्षणः ।
संसृष्टाः पुरुषार्थस्य साधिका न तु केवलाः ॥ વા. પ. ૩-૧-૨૩

તેથી દ્રવ્ય (ગુણ, કર્મ, સામાન્ય) વગેરે જુદા જુદા સ્વરૂપોવાળી (છ) શક્તિઓ સંસૃષ્ટ હોય તો જ પુરૂષની પ્રવૃત્તિની સાધક બને છે, એકલી નહીં.

આ શક્તિઓમાંની વિશિષ્ટ કાર્યો કરતી કેટલીક શક્તિઓનો ભર્તૃહરિ ઉલ્લેખ કરે છે. दिक्, साधन, क्रिया અને काल આ ચાર પ્રકારની શક્તિઓ છે.

दिक् साधनं क्रिया काल इति वस्त्वभिधायिनः ।
शक्तिरूपे पदार्थानामत्यन्तमनवस्थिताः ॥ વા. પ. ૩-૬-૧

દિક્, સાધન, ક્રિયા અને કાલ એવા શબ્દો દ્રવ્યોનું અભિધાન કરે છે એમ માનવામાં આવે તો, પદાર્થોના શક્તિરૂપ (સ્વભાવ)ના તે, વાચક બનતા નથી.

શબ્દતત્ત્વની શક્તિઓમાં કાલશક્તિ વિશેષ નોંધ માગી લે છે, અને ભર્તૃહરિએ પણ એક આખો સમુદ્દેશ-વિભાગ કાલની વિચારણાને આપ્યો છે. બ્રહ્મ-શબ્દતત્ત્વની સૌથી વધુ મહત્ત્વની એ શક્તિ છે. ભર્તૃહરિ 'કાલ' વિશેની અન્ય વિચારસરણિઓનો પણ ઉલ્લેખ કરે છે. આપણે એમાં નહીં જઈએ. આપણે કેવળ, ભર્તૃહરિના પોતાના 'કાલ' વિશેના વિચારોને જોઈશું જે અદ્વૈત વેદાન્તની છાંટવાળા અથવા તો, અદ્વૈત વેદાન્તી જ છે.

ભર્તૃહરિના મત પ્રમાણે કાલ એ બ્રહ્મની કર્તૃશક્તિ છે. વૃત્તિ તેને સ્વાતન્ત્ર્ય[૧૬] કહે છે. कालाख्येन स्वातन्त्र्येण એમ હેલારાજ કહે છે. હેલારાજના મંતવ્ય પ્રમાણે कालाख्या स्वातन्त्र्यशक्तिर्ब्रह्मण इति तत्रभवद्भर्तृहरेरभिप्रायः ।

શક્તિ અને શક્તિ ધારણ કરનાર વચ્ચે આમ તો કોઈ ભેદ છે નહીં એટલે 'કાલ' એ જ બ્રહ્મ છે અથવા 'કાલ' એ બ્રહ્મનું અતિ મહત્ત્વનું પાસું છે. વિશ્વમાં કોઈ પણ પદાર્થનાં જન્મ, સ્થિતિ અને લય માટે 'કાલ' જવાબદાર છે. દરેક વસ્તુનાં પોતાનાં ઉપાદાન અને નિમિત્ત કારણો હોય છે. પણ છેવટે, આ 'કાલ' પર આધારિત છે, આમ 'કાલ'એ સહકારિકારણ છે. सर्वेषां हि विकाराणां कारणान्तरेष्वप्यपेक्षावतां प्रतिबन्धजन्मनामभ्यनुज्ञया सहकारिकारणं कालः ।[૧૭]

'કાલ'ને સૂત્રધાર કહેવામાં આવ્યો છે.

तमस्य लोकयन्त्रस्य सूत्रधारं प्रचक्षते ।
प्रतिबन्धाभ्यनुज्ञायां तेन विश्वं, विभज्यते ॥ વા. પ. ૩-૨-૪.

તેને જગતરૂપી યન્ત્રનો નિયામક કહે છે. અવરોધ અને અનુમતિ વડે તે વિશ્વનું નિયમન કરે છે.

'કાલ'ને કારણે ઘટના બને છે અથવા નથી બનતી. કેટલીક ઘટનાઓ અમુક સમયે થાય છે. અથવા નથી થતી. એક ઘટના અમુક સમયે બનતી હોય તો, એનો અર્થ એકે, 'કાલ' તે ઘટનાના કારણની શક્તિને તે સમયે અસરકારક બનવા દે છે. આને ભર્તૃહરિ 'અભ્યનુજ્ઞા' (૩-૨-૪) કહે છે અને જો ન બનતી હોય તો, કાલ પોતાના 'પ્રતિબન્ધ' (૩-૨-૪)થી અટકાવે છે. આ બે કાલનાં કાર્યોથી જગતમાં વ્યવસ્થા રહે છે. નહીં તો અંધાધૂંધી જ ફેલાય. જો બધી જ વસ્તુઓ એકી સાથે અસ્તિત્વમાં આવતી હોય તો કાર્ય-કારણની શૃંખલા જ તૂટી જાય. 'કાલ' સર્વનું નિમિત્ત કારણ છે. કાર્યો-ઘટનાઓ પદાર્થો જગતમાં થોડોક સમય ચાલુ રહે છે તે પણ 'કાલ'ની 'અભ્યનુજ્ઞા' શક્તિને કારણે. આ કાર્યો નાશ પામતાં હોય તો તે પણ 'કાલ'ને કારણે.

उत्पत्तौ च स्थितौ चैव विनाशे चापि तद्वताम् ।
निमित्तं कालमेवाहुर्विभक्तेनात्मना स्थितम् ॥ વા. પ. ૩-૨-૩

તે ઉત્પત્તિ વગેરે ક્રિયાઓવાળા ભાવોનાં ઉત્પત્તિ, સ્થિતિ અને વિનાશ માટે જુદાં જુદાં સ્વરૂપે રહેલા કાલને જ કારણરૂપ કહ્યો છે.

કાલની અસર સર્વ કાર્યોમાં જોઈ શકાય, એટલે એમ કહી શકાય કે, 'કાલ' વિશ્વનું મૂળભૂત તત્ત્વ છે. જે કંઈ વસ્તુઓ ઉત્પન્ન થાય છે, વિનાશી છે એ કાલના નિયંત્રણમાં છે. જે અવિનાશી છે તે

કાલના નિયંત્રણમાં નથી 'કાલ' કાલ એટલા માટે કહેવાય છે કે તે कालयति કારણોમાંથી કાર્યને બહાર કાઢે છે, પ્રગટ કરે છે. જેવી રીતે જલયન્ત્રઘટિકાને-રેંટને મનુષ્ય પોતાના હાથથી ફેરવે છે તે પ્રમાણે બ્રહ્મ 'કાલ'ની સહાયથી સર્વ ઘટનાઓમાં પરિવર્તન કરે છે. સર્વ પદાર્થો 'કાલ'સૂત્રને વળગેલા છે. જેવી રીતે મોટાં પક્ષીઓને લલચાવવા, પકડવા માટે, નાનાં પક્ષીઓને નાનાં-મોટાં સૂત્રોથી બાંધવામાં આવે છે અને શિકારી પોતાનાં પક્ષીઓનાં ઉડ્ડયનને નિયંત્રણમાં રાખે છે. આ પ્રમાણે ભાવો કે પદાર્થો અસ્તિત્વમાં આવે છે, પોતાના કાર્યો કરે છે, પોતાનાં પ્રયોજનો સિદ્ધ થતાં, તેઓનો નાશ થાય છે. આ સર્વ 'કાલ'થી થાય છે.

प्रतिबद्धाश्च यास्तेन चित्रा विश्वस्य वृत्तयः ।
ताः एव अनुजानाति यथा तन्तुः शकुन्तिकाः ॥ વા. પ. ૩-૧-૧૫

વિશ્વની જુદી જુદી પ્રવૃત્તિઓ તેણે અટકાવી હતી. તેમને તે કાલ, દોરી જેમ પક્ષીઓને ઉડવા દે તેમ, અનુમતિ આપે છે.

પદાર્થ કે ભાવ જો અસ્તિત્વમાં આવતો હોય તો તે 'કાલ'ની અભ્યનુજ્ઞા શક્તિથી.

स्थितः संयोगिभिर्भावैः स क्रियास्वनुगृह्यते ।
नैषां सत्तामनुगृह्य वृत्तिर्जन्मवतां स्मृता ॥ વા. પ. ૩-૧-૨

ઉત્પત્તિ પછી, સ્થિતિમાં રહેલા તે પદાર્થ તેના સહકારી પદાર્થો વડે (અર્થ) ક્રિયાઓમાં પ્રયોજાય છે તે (સહકારી પદાર્થો)ના અસ્તિત્વને સ્વીકાર્યા વિના ઉત્પાદ્ય પદાર્થોની પ્રવૃત્તિ થતી નથી.

જ્યારે પદાર્થો પોતાનાં પ્રયોજનો પાર પાડી શકતાં નથી તે પણ કાલની 'પ્રતિબન્ધ' શક્તિને કારણે. તે શક્તિ તેમ થતું અટકાવે છે. આ 'પ્રતિબન્ધ' પદાર્થને પોતાના સમય પહેલાં અસ્તિત્વમાં આવતો અટકાવે છે, અને સમય પૂરો થયા પછી ચાલુ રહેતો અટકાવે છે. અને તેના બીજા પાસામાં, તે જરા- વૃદ્ધાવસ્થા તરીકે ઓળખાય છે. તે પદાર્થોની શક્તિને અસર કરે છે. પદાર્થોની અવનતિ થાય છે, ચેતન પદાર્થોની સમજશક્તિ નબળી પડે છે, અને અચેતન પદાર્થો ક્ષીણ કે નાશ પામે છે. જે સહાયકારી શક્તિઓ હતી તે પદાર્થોને કૃતઘ્ન મિત્રોની જેમ ત્યજી દે છે, અને છેવટે પોતાના મૂળ સત્ત્વને છોડી દે છે.

जराख्या कालशक्तिर्या शक्त्यन्तरविरोधिनः ।
सा शक्तिं प्रतिबध्नाति जायन्ते च विरोधिनः ॥ વા. પ. ૩-૧૯-૨૪

બીજી શક્તિઓની વિરોધિની જરા નામે કાલશક્તિ છે. તે આવી બીજી શક્તિઓના કાર્યને રોકે છે, અને (પછી રોકી રાખેલી શક્તિઓની) વિરોધી (અવસ્થાઓ) ઉત્પન્ન થાય છે.

'કાલ'થી લંબાઈ, દળ, વજન, ક્રિયા, સૂર્યની ગતિ, દિવસો, મહિનો, વર્ષો વગેરેનું માન થાય છે. મપાય છે. કાલ 'ક્રમ' sequence માટે જવાબદાર છે.

प्रतिबन्धानुज्ञाभ्यां वृत्तिर्या तस्य शाश्वती ।
तया विभज्यमानोऽसौ भजते क्रमरूपताम् ॥ વા. પ. ૩-૯-૩૦

અવરોધ અને અનુમતિ- જે તેની હંમેશની પ્રવૃત્તિ છે- વડે વિભક્ત બનતો તે પૌર્વાપર્યને પામે છે.

ક્રમની સાથે 'યૌગપદ્ય' માટે પણ કાલ જવાબદાર છે અને યુગોના વિભાગ પણ 'કાલ'ને કારણે છે.

एवं यौगपद्यमपि क्रमविरोधी धर्मः कार्यगतः काले समारोप्यते ।

અહીં ફરી એક વાર, ભર્તૃહરિમાં રહેલો અદ્વૈત વેદાન્તી પોતાનું વેદાન્તી તત્ત્વચિંતન 'કાલ'ને લાગુ પાડે છે.

कर्तृभेदात् तदर्थेषु प्रकर्षापचयौ गतः ।
समतां विषमतां वा स एकः प्रतिपद्यते ॥ વા. ૫. ૩-૯-૩૧

જુદા જુદા કર્તાઓને કારણે તેમનાં કાર્યોમાં વૃદ્ધિ અને હ્રાસને પ્રાપ્ત કરનાર તે એકલો (કાલ) સમ અને વિષમ બને છે.

क्रियाभेदाद् यथैकस्मिन् तक्षाद्याख्या प्रवर्तते ।
क्रियाभेदात्तथैकस्मिन् ऋत्वाद्याख्योपजायते ॥ વા. ૫. ૩-૯-૩૨

જેમ એક જ વ્યક્તિમાં તેનાં કાર્યોની ભિન્નતા પ્રમાણે સુથાર, લુહાર વગેરે નામ પ્રાપ્ત થાય છે તેમ ક્રિયાની ભિન્નતાને કારણે એક જ કાલનાં વસન્ત, ગ્રીષ્મઋતુ નામ પ્રાપ્ત થાય છે. અહીં બ્રહ્મસૂત્ર यथा च तक्षोभयथा । (૨-૩-૪૦) સૂત્ર યાદ આવી શકે.

आरम्भश्च क्रिया चैव निष्ठा चेत्यभिधीयते ।
धर्मान्तराणामध्यासभेदात् सदसदात्मनः ॥ વા. ૫. ૩-૯-૩૩

ભાવાત્મક અને અભાવાત્મક પદાર્થોમાં જુદી જુદી ક્રિયાઓના જુદા જુદા આરોપને કારણે (એક જ કાલને) આરંભ (કાલ), ક્રિયા (કાલ) અને સમાપ્તિ (કાલ) કહેવાય છે.

આમ એક જ કાલના ત્રણ વિભાગ પડે છે.

આ વિભાગો, બધા જ નાના મોટા પદાર્થો માટે સરખા છે. નાના મોટા પદાર્થોના ભાગો નાનામોટા હોવાથી ઓછોવત્તો સમય લાગે છે. પણ, અવયવી તો સરખો જ સમય લેતા હોય છે. એટલે હિમાલય હોય કે દ્વયણુક આમ તો, સરખા જ છે. તફાવત તેમના અવયવોના ઓછા વત્તાપણાને કારણે પડતો હોય છે. એટલા ભાગોમાં રહેલો તફાવત કાલ પર આરોપવામાં આવે છે.

अन्यैस्तु भावैरन्येषां प्रचय परिकल्प्यते ।
शनैरिदमिदं क्षिप्रमिति तेन प्रतीयते ॥ વા. ૫. ૩-૯-૩૫

જુદા જુદા પદાર્થોના તેમનાથી જુદા જુદા અવયવોને કારણે, (તેમનામાં) વૃદ્ધિની કલ્પના કરવામાં આવે છે. તેને લીધે આ ધીમું છે, આ ઝડપી છે એમ સમજાય છે.

ક્રમને કારણે, ભૂત, વર્તમાન અને ભવિષ્ય બને છે. ક્રિયાની સ્થિતિ પ્રમાણે, કાળના ભૂત, વર્તમાન અને ભવિષ્ય અને, તેનાં પેટા પ્રકારો (કુલ ૧૧)[૧૮] પડે છે. એટલે, કાલના વિભાગો સાચા

નથી પણ ક્રિયાને કારણે બને છે. ક્રિયાને કારણે કાલ ધીમો કે ઝડપી કહેવાય છે. આ વાત સમજાવવાની પરિભાષા ભર્તૃહરિની અદ્વૈત વેદાન્તી છે.

क्रियोपाधिश्च सन् भूतभविष्यद्वर्तमानता ।
एकादशभिराकारैर्विभक्ताः प्रतिपद्यते ॥ વા. પ. ૩-૯-૩૯

ક્રિયાની ઉપાધિને કારણે, કાલના ત્રણ અને પેટા પ્રકારો સાથે અગિયાર ભેદ પડે છે.

ભર્તૃહરિ વળી બીજી રીતે પણ આ તત્ત્વને જુએ છે. કાલની ભૂત, વર્તમાન અને ભવિષ્ય એ ત્રણ શક્તિઓ છે, નહીં કે વિભાગો. જેના સંબંધથી ભાવો-પદાર્થો દર્શન અને અદર્શન-અવસ્થાને પામે છે.

एकस्य शक्तयः तिस्रः कालस्य समवस्थिताः ।
यत्संबन्धेन भावानां दर्शनादर्शने सताम् ॥ વા. પ. ૩-૯-૪૯

એક કાલની ત્રણ શક્તિઓ નિશ્ચિત છે, જેમની સાથેના સંબંધને લીધે ઉત્પન્ન થયેલા પદાર્થોનાં દર્શન અને અદર્શન સમજાય છે.

ભૂત અને ભવિષ્ય એ પદાર્થોને તિરોહિત કરે છે, અને વર્તમાન પ્રકટ કરે છે.

द्वाभ्यां स किल शक्तिभ्यां भावानां वरणात्मकः ।
शक्तिस्तु वर्तमानाख्या भावरूपप्रकाशिनी ॥ વા. પ. ૩-૯-૫૦

ભૂત અને ભવિષ્યની શક્તિથી કાલ પદાર્થોને ઢાંકનારો બને છે અને તેની વર્તમાનકાળ નામે શક્તિ પદાર્થોના રૂપને પ્રગટ કરનારી છે. પણ ભૂત-ભવિષ્યમાં થોડા ફેર છે.

अनागता जन्मशक्तेः शक्तिरप्रतिबन्धिका ।
अतीताख्या तु या शक्तिस्तया जन्म विरुध्यते ॥ વા. પ.૩-૯-૫૧

ભવિષ્યશક્તિ, જન્મશક્તિનો અવરોધ કરવાની નથી પણ ભૂત નામે જે શક્તિ છે તેના વડે ઉત્પત્તિનો વિરોધ થાય છે.

આગળ આપણે કાલની જે બે શક્તિઓ 'અભ્યનુજ્ઞા' અને 'પ્રતિબન્ધ' જોઈ તેને પણ આ લાગુ પાડી શકાય છે. પણ, કાલ એક હોવા છતાં આમ વહેંચાય છે.

विशिष्टमवधिं तं तमुपादाय प्रकल्पते ।
कालः कालवतामेकः क्षणमासर्तुभेदभाक् ॥ વા. પ. ૬-૯-૬૮

અવયવોવાળા (અનિત્ય) પદાર્થોનો નિશ્ચય કરનારો એક કાલ તે તે ઉદય, અસ્ત, વગેરેને ચોક્કસ અવધિ તરીકે લઈ, ક્ષણ, કાલ, માસ, ઋતુ એવા વિભાગોમાં વહેંચાય છે.

વળી પદાર્થો-ભાવો આવે ને જાય, કાલમાં કોઈ ફેર પડતો નથી. મુસાફરોનું આવાગમન થાય કરે, બંધ થાય, રસ્તામાં કોઈ ફેર પડતો નથી તેમ.

व्यतिक्रमेऽपि भावानां तस्य नास्ति व्यतिकरा: ।
न गन्तृगतिभेदेन मार्गभेदोऽस्ति कश्चन ॥ વા. ૫. ૩-૯-૭૪

પદાર્થોની અવસ્થાઓના વિનાશથી તે (કાલ)નો વિનાશ થતો નથી. ચાલનારાઓનું ચાલવું બંધ થઈ જતાં કાંઈ રસ્તો બંધ થઈ જતો નથી.

એટલે કાલ એક જ છે પણ

बुद्ध्यवग्रहभेदाच्च व्यवहारात्मनि स्थित: ।
तावानेव क्षण: कालो युगमन्वन्तराणि वा ॥ વા.પ. ૩-૯-૬૯

બુદ્ધિમાં ભિન્નપણે સમજાતો હોવાથી, તે એક જ કાલ વ્યવહારમાં. યુગ અથવા મન્વન્તરરૂપે પ્રાપ્ત થાય છે.

આમ જોઈ શકાશે કે, ભર્તૃહરિની દાર્શનિક પ્રતિભાએ કાલનો કેવળ વ્યાકરણ પૂરતો વિચાર ન કરતાં, તેની તત્ત્વમીમાંસા કરી છે, અને અદ્વૈત વેદાન્તના ઢાંચામાં-તત્ત્વસ્વરૂપમાં ઢાળી છે. આમ વ્યાકરણાગ્રન્થનો આરંભ બ્રહ્મ વિશેના વિધાનથી ભર્તૃહરિએ બહુ જ વિચારપૂર્વક કર્યો છે.

હેલારાજ ભર્તૃહરિની કાલમીમાંસાને આ રીતે રજૂ કરે છે. આપણે, આ ખંડનું કર્તૃત્વ હેલારાજનું છે એમ જાણતા ન હોઈએ તો, શંકરાચાર્યનો ખંડ માનવાની ભૂલ કરી બેસીએ એ પ્રકારની અદ્વૈત વેદાન્તની પરિભાષાનો ઉપયોગ થયો છે.

अत एवैतम् कालदर्शनम् । अविद्यायां संसारहेतुभूतायां प्रथमं भेदावभासमयो हि संसार: । भेदश्च देशकालाभ्याम् । तत्र च कालभेदो जगत्सृष्टेराद्य: । अक्रमा हि पश्यन्तीरूपा संवित् प्राणवृत्तिमुपारूढा कालात्मना परिगृहीतक्रमेव चकास्ति इति कृतिनिर्णयं वाक्यपदीये शब्दप्रभायामस्माभिस्तत एवावगमनीयम्। निष्क्रमं हि ब्रह्मतत्त्वं विद्यामयाकालकलितमविद्यावशात् क्रमरूपोपग्रहेण यथायथं विवर्तते इति कालनुवेधात् पदार्थानां क्रमेण प्रत्यवभासोऽनादिसिद्धजीवात्मजगत: सर्वस्य भेदजातस्याविद्यामयत्वात् । कालेऽपि दर्शनभेदेन योऽयं विभाग: सोप्यविद्याजृंभित् एव । आविर्भूतायां तु विद्यायां सर्वस्य भेदप्रपंचस्यापगमादयमप्यैति । अतश्चात्र युक्तायुक्ततया विचारणं प्रयासमात्रफलमेव । व्यवहारे सर्वस्यैवासत्यतया तत्त्वव्यवस्थानुपपत्तेरित्यत्र तात्पर्यार्थ: ।[૧૯]

તો આ છે કાલ વિશેનું દર્શન. સંસારનું કારણ બનેલી અવિદ્યામાં સૌ પ્રથમ ભેદના આભાસથી પૂર્ણ સંસાર જન્મે છે. ભેદ દેશ અને કાલને કારણે છે. કાલભેદ જગતની સૂષ્ટિમાં પ્રથમ છે. પશ્યન્તીના રૂપમાં ચેતના ક્રમ વગરની છે પણ એ જ્યારે પ્રાણ-પ્રવૃત્તિ સાથે જોડાય છે ત્યારે તે 'કાલ'રૂપે પ્રકાશે છે જાણે એને ક્રમ હોય. આ મેં વાક્યપદીય પરની શબ્દપ્રભામાં ટીકામાં દર્શાવ્યું છે અને એ ગ્રંથમાંથી સમજવાનું છે. બ્રહ્મતત્ત્વ ક્રમ વગરનું છે, અને કાલથી અસર ન પામનારું વિદ્યા-જ્ઞાનરૂપ છે. પણ અવિદ્યાને કારણે, એ ક્રમવાળુ બને છે અને આ કે તે રૂપે ભાસે છે. આમ કાલની અસરથી પદાર્થો ક્રમથી ભાસે છે. આ સર્વ ભેદો, અવિદ્યામય હોવાથી, જીવાત્મામાં અનાદિકાળથી ચાલ્યા આવે છે. કાલના પણં જે વિભાગ, જુદી જુદી દૃષ્ટિએ પડે છે તે, અવિદ્યાનાં જ પરિણામ છે.

જ્ઞાનનો ઉદય થતાં, સર્વ ભેદપ્રપંચ દૂર થાય છે અને કાલના ભેદ પણ દૂર થાય છે. એટલા માટે, કાલના વિભાગ યોગ્ય છે કે નહીં તેની વિચારણા કેવળ શ્રમજનક છે. વ્યવહારમાં બધું જ અસત્ય હોવાથી તત્ત્વનો નિર્ણય થઈ શકે તેમ નથી. આ જ આનો અર્થ છે.

આ ઉપર્યુક્ત હેલારાજના ખંડમાં હેલારાજે 'અવિદ્યા'નો ઉલ્લેખ કર્યો છે. ભર્તૃહરિએ પોતે જ વાક્યપદીયમાં અવિદ્યાનો ઉલ્લેખ કર્યો છે.

शक्तयात्मदेवतापक्षैर्भिन्नं कालस्य दर्शनम् ।
प्रथमं तदविद्यायां यद् विद्यायां न विद्यते ॥ વા.પ. ૩-૯-૬૨

શક્તિ, આત્મા, દેવતા એવા જુદા જુદા અભિપ્રાયો કાલ અંગે છે. પ્રથમ અવિદ્યામાં દેખાતો તે કાલ વિદ્યામાં અસ્તિત્વ ધરાવતો નથી.

અવિદ્યાને કારણે એક અનેક બને છે, 'કાલ'માં ક્રમ ઉત્પન્ન થાય છે વગેરે.

એક બીજી જગ્યાએ પણ ભર્તૃહરિએ 'અવિદ્યા' શબ્દ પ્રયોજ્યો છે.

शास्त्रेषु प्रक्रियाभेदैरविद्यैवोपवर्ण्यते ।
अनागमविकल्पा तु स्वयं विद्योपवर्तते ॥ વા. પ. ૨-૨૩૩

વ્યાકરણ, વેદાન્ત વગેરે શાસ્ત્રોમાં જુદી જુદી ક્રિયાઓ વડે અવિદ્યા જ વર્ણવવામાં આવે છે. શાસ્ત્રે પ્રબોધેલા (પ્રકૃતિ, પ્રત્યય વગેરે) વિકલ્પો વિનાની વિદ્યા પોતાની મેળે જ પ્રગટ થાય છે.

આ કારિકાનો સંદર્ભ એવો છે કે, પદ અને તેનો અર્થ સાચા છે કે નહીં ? વૈયાકરણના મત પ્રમાણે વાક્યાર્થ અવિભાજ્ય છે, અને તે જ સત્ છે. અવિભાજ્યતા અને એકતા જ વિદ્યા છે, ભેદ-વિભાગ અવિદ્યા છે અને અવિદ્યા વિદ્યાને પ્રાપ્ત કરવાનું સાધન છે. આ સંદર્ભમાં પેલો પ્રખ્યાતશ્લોક કે જેનો શબ્દશઃ ઉપયોગ અથવા એના ભાવનો ઉપયોગ વેદાન્તીઓ કરે છે.

उपायाः शिक्षमाणानां बालानामुपलालनाः ।
असत्ये वर्त्मानि स्थित्वा ततः सत्यं समीहते ॥ વા. પ. ૨-૨૩૮

ઉપાયો, શિક્ષણ પામતા અલ્પજ્ઞાનીઓ માટે ઉપલાલનરૂપ સમજવા જોઈએ. (શાસ્ત્રપ્રક્રિયા રૂપી) અસત્ય માર્ગનું અનુસરણ કરતાં કરતાં અંતે વ્યક્તિ સત્યને (શબ્દરૂપ બ્રહ્મને) પામે છે.

અદ્વૈત વેદાન્તીઓ બ્રહ્મના તટસ્થ લક્ષણ અને સ્વરૂપ લક્ષણમાં આ સિદ્ધાન્તનો ઉપયોગ કરતા હોય છે. શંકરાચાર્યે આનંદમયાધિકરણમાં પણ આ પ્રકારના સિદ્ધાન્તનો ઉપયોગ, 'અરુન્ધતીના તારા' ના ઉદાહરણમાં કરેલો જણાય છે.

*એક અને અવિભાજ્ય વિદ્યાના નાનાત્વને સમજાવવા માટે, ભર્તૃહરિએ ઉપર ટાંકેલી બન્ને* કારિકામાં 'અવિદ્યા' શબ્દનો ઉપયોગ કર્યો છે. અને તેનો ઊંડો અર્થ એવો છે કે, જે નાનાત્વ છે, તે એકત્વ કરતાં ઓછું સત્ છે.

આ અવિદ્યા શબ્દ વૃત્તિમાં તો ઘણી વાર આવે છે. અને વૃત્તિ જો ભર્તૃહરિની માનીએ તો, ભર્તૃહરિ અદ્વૈત વેદાન્તી છે એ બાબતમાં, કોઈ શંકા રહે તેમ નથી. વળી વૃત્તિમાં, પણ ઘણાં અવતરણો આવે છે. તેમાં પણ 'અવિદ્યા' શબ્દ આવે છે, અને અવિદ્યાના સિદ્ધાન્તનું પ્રતિપાદન થયું છે. તો પછી એમ પણ કહી શકાય કે, 'અવિદ્યા'નો સિદ્ધાન્ત ભર્તૃહરિને પરમ્પરા પ્રાપ્ત છે. વૃત્તિમાંનું એક ઉદ્ધરણ કહે છે.

मूर्तिक्रियाविवर्तावविद्याशक्तिप्रवृत्तिमात्रम् ।
तौ विद्यात्मनि तत्त्वान्यत्वाभ्यामनाख्येयौ । एतद्धि अविद्याया अविद्यात्वम् ।[२०]

મૂર્ત પદાર્થો કે ક્રિયાઓનાં વિવર્તો અવિદ્યાશક્તિથી પ્રવૃત્તિઓ છે. તેઓ વિદ્યાત્મામાં સાથે એક છે. અથવા ભિન્ન છે એમ કહી શકાય તેમ નથી. એમાં તો, અવિદ્યાનું અવિદ્યાપણું છે. કેવલ અદ્વૈત વેદાન્તીઓને અનિવર્ચનીયતાના સિદ્ધાન્તનું અહીં તરત જ સ્મરણ થશે.

આ મૂર્તિવિવર્ત અને ક્રિયાવિવર્ત અનુક્રમે દિક્-શક્તિ અને કાલ-શક્તિનાં પરિણામો છે. જે સિદ્ધ છે તે મૂર્તિવિવર્ત છે અને જે સાધ્ય છે તે ક્રિયાવિવર્ત છે.

એક બાજું પણ ઉદ્ધરણ વૃત્તિમાં મળે છે.

तदेतदमृतं ब्रह्म निर्विकारमविद्यया ।
कलुषत्वमिवापन्नं भेदरूपं विवर्तते ॥

અવિદ્યાથી આ અમૃત બ્રહ્મ નિર્વિકાર રહે છે; અને છતાં, જાણે કે કલુષિત થઈ, ભેદરૂપ ભાસે છે.

હેલારાજ લખે છે :

द्रष्टापि जीवात्मा अविद्याकृतावच्छेदो नियतः संसारी भोक्ता ब्रह्मैव चेतनत्वाद्भावतो भेदानुपपत्तेरिति तत्रैवावेदितम् । कालशक्त्यवच्छिन्नो हि क्रियाविर्वतः दिक्शक्त्यावछिन्नश्च मूर्तिविवर्त इति मूर्तिक्रियाविवर्तरूपं विश्वं प्रतिपादितम् ।[२१]

વળી તે આગળ લખે છે.

विकल्परूपं भजते तत्त्वमेवाविकल्पितम् ।
न चात्र कालभेदोऽस्ति कालभेदश्च गृह्यते ॥[२२]

દ્રષ્ટા જીવાત્મા અવિદ્યાએ કલ્પેલી મર્યાદાવાળો, મર્યાદિત સંસારી, ભોક્તા, પોતે બ્રહ્મ જ છે, અને, ચૈતન્યરૂપ હોવાથી ભેદ તેનામાં ઘટિત થતા નથી. એમ ત્યાં જ જણાવ્યું છે. કાલશક્તિથી અવચ્છિન્ન ક્રિયાવિર્વત છે, અને દિક્શક્તિથી અવચ્છિન્ન મૂર્તિવિવર્ત એમ મૂર્તિ, અને ક્રિયાવિવર્તરૂપ વિશ્વનું પ્રતિપાદન કર્યું છે.

અવિકલ્પિત તત્ત્વ જ વિકલ્પરૂપને પામે છે. અહીં કોઈ કાલભેદ છે નહીં પણ કાલભેદ બુદ્ધિથી સમજાય છે.

હેલારાજ વારંવાર અવિદ્યાનો સિદ્ધાન્ત પ્રતિપાદિત કરે છે. બ્રહ્મમાં ભેદ છે તે અવિદ્યાકલ્પિત છે અને ક્રમ ભાસે છે તે કાલકૃત છે.

अक्रमे ब्रह्मणि भेदावभासनमविद्याकृतम् ।
तत्रैव क्रमाभासनं कालाख्यस्वातन्त्र्यशक्तिकृतम् ।[२३]

આમ વા. ૫. માં अविद्या શબ્દ બે સ્થળે પ્રયોજાયો છે અને બન્ને સ્થળે તે, તત્ત્વચિંતનાત્મક અર્થમાં વપરાયો છે, તે, હેલારાજના તર્ક પરથી સ્પષ્ટ થાય છે. (૨-૨૩૩, ૩-૯-૬૨ વા. ૫.) વળી આ બન્ને સ્થળે 'વિદ્યા' શબ્દ પણ પ્રયોજાયો છે અને તે પણ દાર્શનિક અર્થમાં પ્રયુક્ત છે. એટલે, ફ્રેન્ચ વિદુષી એમ. બિઆર્દુનું મંતવ્ય છે 'અવિદ્યા' શબ્દ એક જ વાર પ્રયોજાયો છે તે બરાબર નથી, અને, તેઓનો મત છે કે અવિદ્યા શબ્દ એક વ્યાવહારિક અજ્ઞાનતાના અર્થમાં પ્રયોજાયો છે તે પણ બરાબર નથી.[૨૪] સુબ્રહ્મણ્ય ઐયર કહે છે તેમ the word occurs twice and that in both the contexts, it stands for a metaphysical principle, the division of one into many, a division which in some way, has a lesser reality than the undifferentiated one (પૃ. ૧૨૮)[૨૫]

હવે, એક, છેલ્લો પ્રશ્ન વિચારી લેવાનો રહે છે. બ્રહ્મ-શબ્દ તત્ત્વથી પ્રગટ થતું જગત્ અદ્વૈત વેદાન્તી અર્થમાં વિવર્ત છે કે પરિણામ છે ?

વા. ૫.ની પહેલી જ કારિકામાં 'વિવર્તતે' શબ્દ આવે છે. જો વા. ૫.ની વૃત્તિ અને તેમાં ઉધ્ધૃત થયેલાં અવતરણો, અને હેલારાજની ટીકા આ સર્વનો એક સાથે વિચાર કરીએ તો, અદ્વૈત વેદાન્તી અર્થમાં 'વિવર્ત' શબ્દ પ્રયોજાયો છે એમ પ્રતીત થયા વગર રહેતું નથી. વળી એટલું પણ ચોક્કસ કે ભર્તૃહરિની 'વિવર્ત'ની વિભાવના, તેમને પરમ્પરા પ્રાપ્ત છે, અને શબ્દકૌસ્તુભમાં દીક્ષિત કહે છે તેમ ભર્તૃહરિ કોડી શોધવા ગયા અને તેમને વિવર્તરૂપી ચિન્તામણિ લાધ્યો'[૨૬] એવું નથી.

ગૌરીનાથ શાસ્ત્રીના મંતવ્ય પ્રમાણે It appears to us, therefore, that Bhartṛhari was not familiar with the difference in connotation of the two terms (Pariṇāma and vivarta) which is usual in later philosophical literature.[૨૭] એમના મત પ્રમાણે, ટીકાકારો પદના વેદાન્તી તત્ત્વદર્શનની અસર હેઠળ આવી, ભર્તૃહરિની કારિકાઓનું એ પ્રમાણેનું અર્થઘટન કરે છે જે, ભર્તૃહરિને અભિપ્રેત ન હોય. તેમનો આ મત બ્રહ્મકાણ્ડની વૃત્તિ ભર્તૃહરિ રચિત નથી એ માન્યતા પર આધારિત છે. પણ, ભારતીય પરંપરા આ વૃત્તિને ભર્તૃહરિ રચિત માને છે, ચારુદેવ શાત્રી પણ, એ પ્રમાણેનો મત ધરાવે છે[૨૮]. ગૌરીનાથ શાસ્ત્રીની સાથે, આગળ જેનો ઉલ્લેખ કર્યો તે, ફ્રેંચ વિદુષી એમ. બિઆર્દુ (M. Biardeau) પણ આવો જ મત ધરાવતાં હોવાથી, તેઓ પણ, બ્રહ્મકાણ્ડની વૃત્તિ ભર્તૃહરિ રચિત માનતાં નથી અને તે પ્રમાણે, વિવર્તનો અર્થ 'પરિણામ' કરે છે. તેઓ કહે છે The Being is not One and then many in the course of its evolution. Nor is it One really and many illusorily but it is One substantially and many phenomenally... Thus one understands why it would be inconceivable to look for and a fortiori, to find in Bhartṛhari avidyā, metaphysical ignorance and māyā, cosmic illusion, which form the pivots of Vedāntic thought.[૨૯]

'અવિદ્યા' શબ્દ જે રીતે ભર્તૃહરિ પ્રયોજે છે અને ભર્તૃહરિની 'કાલ'ની જે વિભાવના છે, તે, દેખીતી રીતે વિવર્તવાદને અનુમોદનાં આપે છે.

હેરોલ્ડ કાવર્ડ પણ, કે. એ. સુબ્રમણ્યન ઐયરના આ અર્થઘટન સાથે સંમત થતા નથી. હેરોલ્ડ કાવર્ડ પોતાના ગ્રંથ Derrida and Indian philosophyમાં લખે છે કે 'વાક્યપદીય'ના અદ્વૈતી અર્થઘટન કરવામાં તેઓ ભર્તૃહરિ અને શંકર વચ્ચેની ભિન્નતાને ચૂકી જાય છે. હેરોલ્ડ કાવર્ડના મત પ્રમાણે, ભર્તૃહરિની કાલની વિભાવના અને શંકરાચાર્યની માયાની વિભાવનામાં ભિન્નતા, કાલ કે માયાના બ્રહ્મમાંના સ્થાન વિશે નથી. પણ, કાલ કે માયાની જે શક્તિઓ છે તેના વિશે છે. Bhartṛhari's Kāla doctrine emphasizes the driving (Kalayati) power inherent in Brahman that is the first cause of the bursting forth of the worldly phenomena. The Advaita conception of māyā, although it does indeed (in the Vivaraṇa tradition, at least) locate māyā in Brahman does not seem to attribute to māyā the same degree of ontological pregnancy or 'driving force' as Bhartṛhari ascribes to kāla.[30] શંકરાચાર્યના કેવલાદ્વૈત વેદાન્ત સાથે, ભર્તૃહરિના સર્વ સિદ્ધાન્તો મળતા આવવા જોઈએ એવું જરૂરી નથી. 'કાલ'ના ભર્તહરિના સિદ્ધાન્તનું સમર્થન શંકરાચાર્યમાંથી ન મળે પણ, પછીના વેદાન્ત વિચારના વિકાસમાં માયાની બે પ્રકારની શક્તિઓ 'આવરણ' અને 'વિક્ષેપ' શક્તિ પર ભાર મૂકાયો છે એ ધ્યાનમાં રાખીએ તો, ભર્તૃહરિની અદ્વૈત વેદાન્તી દાર્શનિક ભૂમિકાને સ્વીકારવામાં કોઈ વૈચારિક મુશ્કેલી નડવી જોઈએ નહીં.

## સંદર્ભો :

૧. K. A. Subramania Iyer, Bhartṛhari, A study of the Vākyapadīya in the light of the Ancient Commentaries, pub. Deccan College, Poona, 1969 પૃ. ૧૦.

૨. અનુવાદ, જે. એમ. શુક્લ, ભર્તૃહરિનું વાક્યપદીય, ગુજરાતી અનુવાદ અને નોંધ, પ્રથમ આવૃત્તિ ફેબ્રુઆરી ૧૯૮૪, ક્યાંક નજીવા ફેરફાર સિવાય, અનુવાદ શ્રી જે. એમ. શુક્લનો અહીં આપ્યો છે. વાક્યપદીયના કારિકાસંદર્ભો, શ્રી જે. એમ. શુક્લની આવૃત્તિ પ્રમાણે છે.

૩. વાક્યપદીય (વા.પ.)ની ૧૨૪મી કારિકા પરની વૃત્તિ, वाक्यपदीय (प्रथम काण्ड), પરિષ્કર્તા ચારુદેવશાસ્ત્રી, હર્ય્યુપજ્ઞવૃત્તિસનાથં, વૃષભદેવ ટીકા સંક્ષેપયુતં, પ્રથમ આવૃત્તિ, ઇ. સ. ૧૯૩૪, પૃ.૧૦૯.

૪. એજન વા. પ. ૧-૧૨૪ પરની વૃત્તિ, પૃ. ૧૮૯.

૫. એજન વા. પ. ૧-૧ પરની વૃત્તિ, પૃ. ૪-૫.

૬. એજન વા. પ. ૧-૧ પરની વૃત્તિ, પૃ. ૮.

૭. એજન વા. પ. ૧-૧૨૨ પરની વૃત્તિ, પૃ. ૧૦૬.

૮. એજન વા. પ. ૧-૧૨૨ પરની વૃત્તિ, પૃ. ૧૦૭.

૯. એજન વા. પ. ૧-૧૩૨ પરની વૃત્તિ, પૃ. ૧૧૨.

૧૦. એજન વા. પ. ૧-૧૩૧ પરની વૃત્તિ, પૃ. ૧૧૧.

૧૧. એજન વા. પ. ૧-૧૩૪ પરની વૃત્તિ, પૃ. ૧૧૪.

૧૨. એજન વા. પ. ૧-૧૩૪ પરની વૃત્તિ, પૃ. ૧૧૪.

૧૩. એજન વા. પ. ૧-૧૩૪ પરની વૃત્તિ, પૃ. ૧૧૪.

૧૪. એજન વા. પ. ૧-૪ પરની વૃત્તિ, પૃ. ૧૨.

૧૫. એજન વા. પ. ૧-૨ પરની વૃત્તિ, પૃ. ૬.

૧૬. એજન વા. પ. ૧-૩ પરની વૃત્તિ, પૃ. ૧૧.

૧૭. એજન વા. પ. ૧-૩ પરની વૃત્તિ, પૃ. ૧૧.

૧૮. પાંચ પ્રકારનો ભૂતકાળ (સામાન્ય ભૂત, અદ્યતન ભૂત, અનદ્યતન ભૂત, અદ્યતન એ અનદ્યતનનો સમુદાય એવો ભૂત અને અધ્યારોપિત એવો ભૂત એમ પાંચ) ચાર પ્રકારનો ભવિષ્ય કાળ (સામાન્ય ભવિષ્ય, અદ્યતન ભવિષ્ય, અનદ્યતન ભવિષ્ય અને અદ્યતન અનદ્યતન ભવિષ્ય એમ ચાર) અને બે પ્રકારનો વર્તમાન કાળ (મુખ્ય વર્તમાન અને અતિદિષ્ટ વર્તમાન) એમ અગિયાર કાલ.

૧૯. હેલારાજનાં અવતરણો માટે, આગળ ઉલ્લિખિત સુબ્રમણ્ય ઐયરની આવૃત્તિનો જ ઉપયોગ કર્યો છે. Bhartṛhari, પૃ. ૪૪૫.

૨૦. એજન પૃ. ૪૪૬.

૨૧. એજન પૃ. ૪૪૬.

૨૨. એજન પૃ. ૪૪૬.

૨૩. એજન પૃ. ૪૪૬.

૨૪. સુબ્રમણ્ય ઐયરની આવૃત્તિમાં ઉદ્ધૃત પૃ. ૧૨૮.

૨૫. એજન પૃ.૧૨૮.

૨૬. ચારુદેવશાસ્ત્રીની આવૃત્તિની પ્રસ્તાવનામાં પૃ. ૬.

૨૭. સુબ્રહ્મણ્ય ઐયર દ્વારા ઉદ્ધૃત પૃ. ૧૩૦.

૨૮. ચારુદેવશાસ્ત્રીની આવૃત્તિ.

૨૯. સુબ્રહ્મણ્ય ઐયર દ્વારા ઉદ્ધૃત પૃ. ૧૩૧.

૩૦. Harold Coward, Derrida and Indian Philosophy, First Indian Edition 1991, પૃ. ૪૧-૪૨.

□□□

# ત્રીજી સહસ્રાબ્દીમાં ભારતીય સભ્યતાનો પુરુષાર્થ : રક્ષણ, પુનર્નવીનીકરણ અને વિકાસની નવી દિશાઓ★

**દિલીપ ચારણ**

એકવીસમી શતાબ્દિમાં પ્રવેશ કરવાની સાથે-સાથે આપણે એક નવી સહસ્ત્રાબ્દીમાં પણ પ્રવેશ કર્યો છે. સભ્યતાઓ અને સભ્યતાના પુરષાર્થની વાત કરવા માટે શતાબ્દિઓમાં નહીં પણ સહસ્ત્રાબ્દિઓના પુરુષાર્થનો વિચાર કરવો પડે છે. ખાસ કરીને ભારતીય સભ્યતાના સંદર્ભમાં આવો વિચાર અનિવાર્ય છે. ભારતીય સભ્યતાની પાસે ઓછામાં ઓછા પાંચ સહસ્ત્રાબ્દી સુધીની પ્રમાણભૂત ઈતિહાસની ધરોહર છે. સ્વયંને ભારતીય કહેવાનો અર્થ એ છે કે આપણને સુદૂર ભૂતકાળમાં રહેલા આપણી પરંપરાના મૂળનો અહેસાસ છે. જેના મૂળ હડપ્પા સભ્યતામાં જોઈ શકાય છે. આમ, ભારતીયતાની સંરચના એક લાંબા ભૂતકાળની ધરોહર પર રચાયેલ સરંચના છે. ભવ્ય ભૂતકાળથી બનેલ આપણી સંરચના ભવિષ્યમાં સાચવી રાખવાની જવાબદારીનો અહેસાસ પણ આપણને થાય છે.

સાંપ્રતમાં ભારતીયતાની ઓળખનું રક્ષણ અથવા જાળવણીની ચિંતા કેમ ઉપસ્થિત થઈ છે ? શું એટલા માટે કે ભવિષ્યમાં આપણને આપણી ઓળખ ગુમાવવાનો ખતરો દેખાય છે ? શા માટે આપણે ભારતીય પરંપરાનું પૂનર્મૂલ્યાંકન અને એના વિકાસની નવી દિશાઓની વાત કરીએ છીએ ? સ્વની ઓળખનો પ્રશ્ન આપણા સમયની સૌથી ગંભીર અને વિકટ સમસ્યાઓમાંની એક છે. જો આપણે ભારત સિવાય અન્ય કોઈ જગ્યાએ – અમેરિકામાં કે પશ્ચિમ યુરોપીય દેશોમાં જન્મ્યા હોત તો આવો પ્રશ્ન ઉપસ્થિત થાત નહી. યુરોપીય સભ્યતાઓ પોતાના ભવિષ્ય માટે નિશ્ચિત અને આશ્વસ્ત છે તેટલી ભારતીય, ચીની, પશ્ચિમ એશિયા અથવા ઈસ્લામી સભ્યતાઓ પોતાના ભવિષ્ય માટે નિશ્ચિંત અને આશ્વસ્ત નથી. બધી જ પશ્ચિમેતર સભ્યતાઓ આજે સંકટગ્રસ્ત પ્રજાતિઓ બની રહી છે. વર્તમાન વૈશ્વિકરણને કારણે અને વિશ્વના બીજા બધા જ માનવ સમુદાયો પર પશ્ચિમની પ્રજાતિઓના એકછત્ર વર્ચસ્વના કારણે, વિશ્વનો મોટાભાગનો વિસ્તાર પશ્ચિમ ધ્વારા પરાજિત અને ઉપનિવેશી (સંસ્થાનવાદ) બની રહ્યો. જેના ફલસ્વરૂપ થોડાક જ સૈકાઓમાં ઉત્તર અને દક્ષિણ અમેરિકા તેમજ ઓસ્ટ્રેલિયા અને અન્ય દેશોમાં રહેલી બહુમતી આદિવાસી પ્રજાતિઓ પૂર્ણતઃ વિલુપ્ત થઈ ચુકી છે. એટલું જ નહીં પણ

---

★ પ્રો. દયાકૃષ્ણના 'तीसरी सहस्राब्दी में भारतीय सभ्यता के पुरुषार्थ : पुनर्नवीनीकरण और विकास की नई दिशाएँ', લેખનો સારગર્ભ.

થોડી-ઘણી બચેલી અન્ય સભ્યતાઓના હયાત સભ્યો, ખાસ કરીને તેમના પ્રબુદ્ધજનો પણ એક લાંબી સામ્રાજયવાદી અને અર્ધસામ્રાજયવાદી દાસત્વને કારણે બહારથી આરોપિત શિક્ષણ પદ્ધતિના રંગમાં રંગાઈને એટલી હદ સુધી રૂપાંતરિત અને એટલી હદસુધી સ્મૃત્તિભંશનો શિકાર થઈ ચૂક્યા છે કે હવે તે પ્રબુદ્ધજનો પોતાની સભ્યતા અને સંસ્કૃતિની દૃષ્ટિએ દુનિયાને જોવાને બદલે પશ્ચિમી બીબામાં સરી પડ્યા છે. વિશ્વની પ્રાચીનતર સભ્યતાઓને પણ સાથે ભેળવીને સમગ્ર પૃથ્વીનો ઈતિહાસ કંઈક એવી રીતે લખવામાં આવ્યો છે કે એનું અધ્યયન કરનાર પર એવી છાપ પડે કે, પાશ્ચાત્ય સભ્યતા અન્ય બધી સભ્યતાઓને પરાસ્ત કરી ચૂકી છે, તેમ જ એવી સર્વ સભ્યતાઓ કે જે ઐતિહાસિક કારણોથી પાછળ રહી ગયેલ છે તેમના માટે હવે પશ્ચિમી સભ્યતા માનવમાત્રના ભવિષ્યનું એકમાત્ર સાચું પ્રતિનિધિત્વ કરી શકે એવી સભ્યતાના રૂપમાં પ્રતિષ્ઠિત થઈ ચૂકી છે. મહદ્ અંશે મનુષ્યના અતિતને જોવા સમજવાની આ 'ઐતિહાસિક' પદ્ધતિને જાણ્યે-અજાણ્યે બધાએ આત્મસાત કરી લીધી છે.

કાર્લ સૈગનનું પ્રસિદ્ધ પુસ્તક "ધ એસેન્ટ ઓફ મેન" માં એક પણ એવા અપશ્ચિમી વ્યક્તિનો ઉલ્લેખ નથી મળતો કે જેણે સુદીર્ઘ કાળખંડો દરમ્યાન માનવ સભ્યતાના વિકાસના સીમાચિહ્નોમાં રજમાત્ર પણ યોગદાન આપ્યું હોય. કાર્લ સૈગનનું આ પુસ્તક નિઃશંક, ખૂબ જ અસરકારક છે, પરંતુ મૂળભુત રીતે તેમાં માણસની નહીં પણ, પાશ્ચાત્ય મનુષ્યને સભ્યતાના શિખર પર આરોહણના અભિયાનની આ કથા છે. જે ખરેખર તો એક પ્રકારની સભાનતાથી જાણી-સમજીને માનવજાતિની સંયુક્ત ઉપલબ્ધિમાં પશ્ચિમેતર સભ્યતાઓના અકાટ્ય યોગદાનને નજરઅંદાજ કરે છે. પશ્ચિમની શ્રેષ્ઠતાને પૂરવાર કરવામાં એ તથ્યને સંપૂર્ણ પણે ભૂલવામાં આવ્યું છે કે, સમગ્ર માનવજાતિ જે દિવસથી આ નાના ગ્રહ ઉપર અવતરિત થઈ છે ત્યારથી સભ્યતાના આ અભિયાનમાં સમ્મિલિત છે, સંઘર્ષરત છે.

આ પ્રવૃત્તિનું એક બીજુ ઉદાહરણ સનૂસંવત લખવાની આપણી પરંપરાગત પદ્ધતિને બદલવામાં આવી છે એમાં જોવા મળે છે. એ.ડી. (એટલે કે ઈસુના પછી) ને હવે 'સી.ઈ.' અર્થાત્ 'કોમન એરા'ના (સર્વમાન્ય કાળનિર્ણયના) રૂપમાં પ્રસ્થાપિત કરી દેવામાં આવ્યો છે, જાણે કે સમગ્ર માવનજાતિ એ વાત પર સંમત થઈ ગઈ છે કે આજ બધાનો સર્વનિષ્ઠ અને સર્વાશ્લેષી 'કાળ' છે. આવા તો અનેક ઉદાહરણો આપી શકાય એમ છે. એ સ્પષ્ટ છે કે જે પરિસ્થિતિમાં આપણે મુકાયા છીએ તેના પ્રતિ જાગ્રત થવું પડશે. કેમ કે તો જ આપણે આપણી સભ્યતાના ભૂતકાળ અને વર્તમાન ઉભયનો એક સાથે સાક્ષાત્કાર અને મનન કરી શકીશું અને તેને સાર્થક રીતે વર્તમાનની સાથે જોડી શકીશું.

કહેવાતો પાશ્ચાત્ય ઈતિહાસકાર અથવા તો પશ્ચિમી દૃષ્ટિબિંદુથી વસ્તુને જોવાની દીક્ષા પામેલો ઈતિહાસકાર પ્રથમથી જ એ નિશ્ચય કરીને પ્રસ્થાન કરે છે કે આર્યપ્રજા ક્યાંક બહારથી આવી અને તેમના પૂર્વવર્તી એવી હડપ્પા સભ્યતાનો નાશ કરવાની ભૂમિકા એમણે ભજવી અને, જો કે આ દેશના રહેવાસીઓ એવા આપણે મોટાભાગના લોકો પોતાના ભૂતકાળને તેના વૈદિક મૂળ સુધી સરળતાથી ઓળખીએ છીએ અને સ્વીકારીએ છીએ. આપણને હડપ્પાકાલીન સભ્યતાની સાથે તેના સંબંધની (જોડાણની) કોઈ ખાસ જાણકારી કે સમજ નથી. હડપ્પા સભ્યતાની સાથે એ સભ્યતા કે જેણે આપણે *ભારતીય સભ્યતા કહીએ છીએ – માનીએ છીએ તેનો જે કંઈ પણ સંબંધ હોય તે આપણા માટે ઘણું*

કરીને અટકળનો વિષય જ રહ્યો છે, સહજ વિશ્વાસનો કે જાણકારીના લગાવનો નહી. જો કે ધીરે ધીરે આપણા ભૂતકાળ અંગેની ઈન્ડો-યુરોપિય વિદ્વાનો દ્વારા રચવામાં આવેલ તસવીર બદલાઈ રહી છે. આજે કોઈપણ ગંભીરતાપૂર્વક, "આક્રમણકારી આર્યો" અથવા 'હુમલાખોર આર્યો'ની થીયરીને માનતું નથી. જો કે આમ છતાં આર્યો બહારથી ભારતમાં આવ્યા છે એવી ધારણા અત્યારે પણ સ્વીકારવામાં આવે છે. જ્યારે કે એ વાતના આધારભૂત પ્રમાણો સતત ઉપલબ્ધ થતા રહ્યા છે કે જે સરસ્વતી નદીની વેદોમાં જેટલી જીવંત ભૂમિકા જોવા મળે છે તે જ સરસ્વતી નદીનું હડપ્પા સભ્યતાના વિકાસમાં પણ એટલું જ આધારભૂત યોગદાન રહ્યું હતું. હવે એવુ સ્વીકારાવા લાગ્યું છે કે સરસ્વતી નદીની સુકાઈ જવાની કે લુપ્ત થઈ જવાની ભૌગોલિક ઘટના ઉત્તર હડપ્પાકાલીન સભ્યતામાં આવેલા પરિવર્તનોનું મૂળ કારણ હતું. જો કે, સરસ્વતી નદી કે જે વૈદિક વાઙ્મયમાં દર્શાવાએલ લોકો વચ્ચેની મહત્વપૂર્ણ કડીના રૂપમાં છે તેના વિશેના નિર્ણાયક સંશોધનો હજુ પ્રથમિક અવસ્થામાં છે.

આપણી સભ્યતાના ગહનતમ સ્રોતોં સુધી પહોંચવાના માર્ગમાં વચ્ચે જે વિકટ સમસ્યાઓ (કોયડાઓ) સામે આવે છે તે વાસ્તવમાં એ હકીકત સાથે જોડાયેલ છે કે એક તરફ તો વિસ્મયકારી પૂરાતત્ત્વિય પ્રમાણોને આપણે શોધી કાઢ્યા છે તો બીજા તરફ આપણે ભાષા (સિન્ધુ ખીણની સભ્યતાની લિપિ) ની સમસ્યા નથી ઉકેલી શક્યા. અને તેને કારણે આપણી મુશ્કેલી એ છે કે ઘણું બધું જાણતા હોવા છતાં આપણે નિશ્ચયપૂર્વક કશું જ જાણતા નથી. બીજી બાજુ જ્યાં આપણી પાસે વેદોના પ્રામાણિક પાઠ છેલ્લા ત્રણ હજાર વર્ષોથી સુરક્ષિત અને ઉપલબ્ધ છે તેમજ વેદોના ભાષ્ય અને તેની વ્યાખ્યા કરવાની એટલી જ લાંબી પરંપરા છે, પરંતુ આ સમૃદ્ધ સાહિત્યની પુષ્ટી કરી શકે તેવા પુરાતત્વિય આધારો ખૂબ જ ઓછા ઉપલબ્ધ છે. સંભવ છે કે કોઈક દિવસ બંને વચ્ચેનો સંબંધ ન કેવળ પ્રમાણિત થઈ જાય પણ એક અવિચ્છિન્ન ધારામાં તેમની સુસંબધતા સ્થાપિત થઈ જાય, પરંતુ આ સંભાવના અત્યારે તો ભવિષ્યના ગર્ભમાં જ છે.

આમ, છતાં જે કંઈ થોડી-ઘણી જાણકારી આપણને ઉપરોક્ત પ્રમાણોથી મળે છે તે આશ્ચર્યમાં મૂકી દે એવી છે. ચોંકાવનારી છે. હડપ્પા સભ્યતાનો વિસ્તાર અને તેની વ્યાપકતા વિસ્મયકારક છે. તેની ગુણવત્તા અને સમૃદ્ધિ માન્યામાં ન આવે તેવી છે. મેસોપોટામિયાની સાથે તેના સમુદ્રવેપાર સંબંધો અંગેના ઉપલબ્ધ પ્રમાણો એ સ્પષ્ટ રૂપથી દર્શાવે છે કે આ આગવી સભ્યતાએ વાહનવ્યવહાર, સંગઠન, લેખા-જોખા, માલગોદામો તથા અન્ય આવશ્યક, સંસાધનોનું અને પ્રણાલિકાઓનું કેવું વ્યવહાર કૌશલ્યયુક્ત જટિલ વ્યવસ્થાતંત્ર વિકસિત કરી લીધું હતું કે જેના વગર આવા પ્રકારની કાર્યપ્રણાલિ કોઈપણ સભ્યતા માટે અસંભવ છે. બીજી તરફ વૈદિક વાઙ્મયમાં પ્રસ્તુત પ્રકૃતિ અને મનુષ્યના સંબંધ અંગેના ગહન-ગંભીર ચિંતન મનનની સાથે સાથે એવા ખગોલીય સૂક્ષ્મ નીરિક્ષણોનો પણ ઉલ્લેખ કરે છે કે જે ખરેખર તો સૂક્ષ્મ નીરિક્ષણાત્મક જ્ઞાન અને કોઈ વિશેષ પ્રકારના સામર્થ્યની અપેક્ષા દર્શાવનારા ગાણિતીક જ્ઞાન વગર અશક્ય છે. આ ઉપરાંત વૈદિક ઋષિ પોતાના કવિકર્મને આધારે- આર્ષદષ્ટિને આધારે પણ ખૂબ જ સજગ સ્વ-ચેતનાનું પ્રમાણ આપે છે. જેના માધ્યમથી જ તેમની જિજ્ઞાસાઓ, અંતર્દૃષ્ટિઓ અને નીરિક્ષણો આકારિત થઈ શકે છે. વૈદિક અનુષ્ઠાન અને વૈદિક

યજ્ઞનું પણ વિસ્તૃત વિવેચન થયું છે, પરંતુ એમાં ઘણું કરીને એ વાતનું વિસ્મરણ કરી દેવામાં આવ્યું છે કે યજ્ઞ સમ્પન્ન કરવા માટે જે વેદી આવશ્યક હતી તેનું નિર્માણ ખૂબ જ જટિલ ભૌમિતિક જાણકારીની અપેક્ષા રાખતું હતું. અને સાથે સાથે યજ્ઞ માટે યોગ્ય મુહૂર્ત નિશ્ચિત કરવા માટે આવશ્યક નક્ષત્રોની ગતિ વિધિનું વિસ્તૃતજ્ઞાન પણ આવશ્યક હતું. વૈદિક વાઙ્મય ની અતિપ્રાચીન ઋચાઓ અનુષ્ઠાનોના અર્થના સંદર્ભમાં અને, જે તે સમ્પન્ન યજ્ઞ વિશેના યથાર્થ અભિપ્રાયોના સંદર્ભમાં પણ ભરપૂર ચિંતન મનનનું પ્રમાણ આપે છે.

પ્રાચીનતમ બ્રાહ્મણગ્રંથોમાંથી એકમાં મહર્ષિ યાજ્ઞવલ્કયને એક વિચિત્ર પ્રશ્ન કરવામાં આવ્યો છે કે એવી પરિસ્થિતિમાં કે જ્યારે યજ્ઞમાં આહુતિ આપવા માટે કંઈ જ સામગ્રી ઉપલબ્ધ ન હોય તો શું કરવું ઉચિત ગણાશે ? યાજ્ઞવલ્ક્યનો ઉત્તર પ્રશ્નથી પણ વધારે અદ્ભૂત છે. યાજ્ઞવલ્કય કહે છે કે જો કશું પણ ઉપલબ્ધ ન હોય તો, સત્યની આહુતિ શ્રદ્ધાની વેદીમાં (અગ્નિમાં) આપવી જોઈએ. કેવી વિચિત્ર લાગે છે આ વાત– એક દુર્ગમ કોયડા જેવી ! થોડોક વિચાર તો કરો કે એક મનીષી આપણને સત્યનું બલિદાન આપવાનું કહી રહ્યા છે. શું મતલબ હોઈ શકે છે તેમના આમ કહેવાનો ? અહીં યાજ્ઞવલ્કય પરમ આહુતિની વાત કરી રહ્યા છે. ઈન્દ્રિય સંવેદનો અને તર્કશક્તિથી પ્રાપ્ત સમસ્ત જ્ઞાનનું બલિદાન આપવાનું આહ્વાન કરી રહ્યા છે, અને એ સમજાવી રહ્યા છે કે અન્તતઃ આ સમગ્ર લૌકિક જ્ઞાનને તે પરાત્પર સત્ તરફની શ્રદ્ધામાં વિસર્જિત કરી દેવું આવશ્યક છે કે જે કાળથી પર (કાલાતીત) અને શાશ્વત (સનાતન) છે અને જેને ન તો પ્રત્યક્ષ સંવેદન દ્વારા જાણી શકાય છે કે ન તો અનુમાન ધ્વારા. આ એવી પરમ આહુતિ છે કે જે ત્યારે જ આપવી જરૂરી છે જ્યારે તેની અનિવાર્યતાની ક્ષણ આવી જાય. કારણ કે મનુષ્ય પોતાની જ્ઞાનેન્દ્રિયો કે તાર્કિકતાની મદદથી જે સત્યોને જાણી શકે છે, તે પારમાર્થિક નહીં, વ્યવહારિક, કામચલાઉ સત્યો જ હોય છે. જેમનું સંશોધન અને પરિમાર્જન થતું આવ્યુ છે.

આ પ્રાચીન પાઠોમાં બીજી પણ એવી બાબતો છે કે જે, તે સમયની (ઈસુના પૂર્વના ત્રીજી સહસ્ત્રાબ્દી) આપણી જે છબી બનાવવામાં આવી હતી તેને ઘણી ઉલટ પુલટ કરી દે તેવી છે. શરૂઆતના બ્રાહ્મણગ્રંથોમાં કવષની કથા તેની આપણને પ્રતિતિ કરાવે છે. આજ વાત છાન્દોગ્ય ઉપનિષદમાં સત્યકામ જાબાલના આખ્યાનમાં પણ છે. પરંતુ આ બધા પર જેટલું ધ્યાન અપાવું જોઈએ તેટલું અપાતું નથી. ના તો એ હકીકતને પણ ઉજાગર કરવામાં આવી છે કે વેદની સાથે વેદાંગ અનિવાર્ય રૂપથી જોડાયેલા છે જેમાં મુખ્યત્વે ગણિત, ખગોળવિદ્યા અને કાવ્યશાસ્ત્ર વગેરે ક્ષેત્રોના સંબંધી પ્રાયોગિક અને તાર્કિક જ્ઞાન સમાવિષ્ટ છે. આ વાત કલ્પનામાં ન આવે તેવી જણાય છે કે આ જ્ઞાનનું હડપ્પાકાલીન સભ્યતાની જ્ઞાનાત્મક ઉપલબ્ધિયોં સાથે અથવા તેના પછીના જ્ઞાનના વિકાસની સાથે કોઈ સંબંધ જ ન હતો. વિશાળ બંદરોનું નિર્માણ અને દૂરના દેશો સાથે સામૂહિક વેપારના સંબંધો સ્થાપવા એ ઉચ્ચકોટીનું યાંત્રિક કૌશલ્ય વિકસિત કર્યા સિવાય અને નક્ષત્રોની ગતિ વિધીઓની જાણકારી વગર કેવી રીતે સંભવિત બની શકે ? આ સિવાય, વ્યાપારિક સંબંધોમાં માત્ર ઉત્પાદનની વસ્તુઓનું જ વિનિમય થાય છે એવું નથી, વિચારોની પણ આયાત-નિકાસ અનિવાર્ય પણે થતી રહે છે. પ્રાચીન કે આધુનિક વેપાર માર્ગો જ એ માર્ગો છે કે જેના ધ્વારા વિચારોનું પણ એક સભ્યતાથી

બીજી સભ્યતા સુધી સંક્રમણ થયું. ભારતીય સભ્યતાનો ફારસી સભ્યતાની સાથે, અથવા જરથુસ્ત્ર ધર્મ અને દર્શનની સાથેનો સંબંધ તો સર્વ જાણે જ છે.

ઈસવીસન પૂર્વેની પ્રથમ સહસ્રાબ્ધિના ઉત્તરાર્ધની તથા ઈસુના પછીની પ્રથમ સહસ્ત્રાબ્ધિની ગાથા હવે લખવાની છે. જે ચિત્ર અત્યારે પ્રચલિત છે – ઓછામાં ઓછુ દર્શનના ક્ષેત્રમાં તે સંપૂર્ણપણે અસત્ય અને ભ્રામક જણાઈ આવે છે, કેમ કે તે બૌદ્ધ ચિંતકોના તાત્કાલિન પ્રભાવને ઘણો જ ઘટાડીને દર્શાવે છે. આ વિષય પર જે કંઈ લખાણ મળે છે, તેનાથી આપણા ઉપર એવી છાપ પડે છે કે આ સમગ્ર કાળ ઔપનિષદિક વેદાંત દર્શનની ધારાથી સિંચાયેલ છે. પરંતુ આઠમી શતાબ્દિમાં શંકરાચાર્યની પહેલાં બ્રહ્મસૂત્રો પર કોઈપણ ભાષ્યની સંપૂર્ણ ગેરહાજરી કંઈક બીજુ જ દર્શાવે છે. આવી જ હાલત વેદોની પણ છે. જેના વિષયમાં યાસ્કના નિરુક્ત પછી સાતમી આઠમી સદી સુધી કોઈ ગ્રંથ લખેલો મળતો નથી, જ્યારે કે વલ્લભી રાજ્યની અંદર પહેલીવાર એના પર સીધુ કામ કરવામાં આવ્યું. વૈદિક અધ્યયનનો વાસ્તવિક પુનર્જન્મ કેવળ વિજયનગરના સામ્રાજ્યમાં જ શક્ય બન્યો જે ચૌદમી સદી પછી ફૂલ્યુ ફાલ્યુ હતું. એ સત્ય છે કે આપણી પાસે મીમાંસાસૂત્ર, શબરભાષ્ય, કુમારિલ અને પ્રભાકરની સુપ્રસિદ્ધ કૃતિઓ વિદ્યમાન છે, પરંતુ આ કૃતિઓ સીધેસીધી વૈદિક પાઠો સાથે જોડાયેલી નથી. હકીકત એ છે કે ભારતીય દર્શનની તથાકથિત 'ઓર્થોડોક્સ' પરંપરાઓની અંતર્ગત રચાયેલી સમગ્ર દાર્શનિક કૃતિઓને ભેગી કરીએ તો પણ તેનું યોગદાન બૌદ્ધદર્શનના ગ્રંથોની સંખ્યાથી અડધા સુધી પણ ભાગ્યે જ પહોંચી શકશે.

પરંતુ દર્શન તે સહસ્રાબ્દીમાં સર્જિત ભારતીય સભ્યતાના વિશાળ સાહિત્ય સર્જનનો એક ભાગ માત્ર છે. આપણને એ જાણીને આશ્ચર્ય થશે કે એ સહસ્રાદીના અંતમાં આપણા મહાન ચિંતકોમાંના એક ચિંતક થઈ ગયા જે સ્વયંને આધુનિક કહેતા હતા, તેમણે જાગ્રત પણે જ પોતાને તેમના પૂર્વવર્તી આચાર્યોથી અલગ કર્યા હતા. આ ચિંતકનું નામ **ઉદયન** હતું. એક મહાન દાર્શનિક, જે દસમી સદીની આસપાસ સક્રિય હતા.

નિઃસંદેહ, એ સહસ્ત્રાબ્દિનો અંત મહમૂદ ગજનવીએ વારંવાર એક પછી એક કરેલા આક્રમણોથી થાય છે. સોમાનથ મંદિરની એના ધ્વારા ધ્વંસ થયાની કથા તે સમયના ઈતિહાસના લેખકોએ ખૂબ જ વર્ણવી છે. સોમનાથના ધ્વંસની સમકક્ષ બૌદ્ધિક ઘટનાના રૂપમાં અલબેરુનીના ભારતયાત્રા વૃતાંતની પણ ખૂબ જ ચર્ચા થઈ છે જેમાં અલબેરુનીએ ભારતીય વિદ્વાનોની આત્મ-તુષ્ટ અને સંગોપનશીલ માનસિકતાની આલોચના કરી છે, અને કહ્યું છે કે ભારતના લોકોમાં બહારની સભ્યતાઓ કે અન્ય દેશોની જ્ઞાન સમ્પદા માટે કોઈ જિજ્ઞાસા નથી. અલબેરુનીના વકતવ્યને એટલું મહત્વ આપવામાં આવ્યું કે તેને વિશ્વભરમાં બ્રાહ્મણ બુદ્ધિજીવીઓના ચરિત્રનું પ્રામાણિક ચિત્ર માની લેવામાં આવ્યું છે; પરંતુ અહીં એ હકીકતને ખૂબ જ આસાનીથી ભૂલી જવામાં આવી છે કે આ એ વ્યક્તિનું વકતવ્ય છે જે વિજેતા મહમુદ ગજનવીની સાથે ભારત આવ્યો હતો, જેને ભારતની ધર્મપરાયણ સંસ્કૃતિ પ્રત્યે ધૃણા હતી. જે એ સર્વનો નિરંકુશ ઢંગથી નાશ કરવામાં લાગ્યો હતો જે ભારતના લોકો માટે દિવ્ય અને પાવન હતું. આવી પરિસ્થિતિમાં અલબેરુની એ લોકો પાસેથી કેવી

રીતે એવી અપેક્ષા રાખતો હતો કે તેઓ તેને એ બધું ઉત્સાહપૂર્વક બતાવવા તૈયાર થશે જે એ તેમની પાસેથી જાણવા માંગતો હતો ? વાસ્તવમાં તો ખુદ અલબેરુનીએ એવી વાત કહી છે કે જે કોઈપણને આઘાત પહોંચાડવા અને તેની આંખો ખોલી નાખવા પર્યાપ્ત છે. તે એ છે કે સિવાય એ લોકોને કે જે કોઈપણ રીતે ભાગી નીકળ્યા– અમારી પહોંચથી બહાર– અમે જે પણ અમારા હાથમાં સપડાયા એ બધાનો નાશ કરી દીધો છે. આ જ શબ્દોમાં ભલે એ ન હોય, પરંતુ અર્થ તો ઘણું કરીને આવો જ છે.

આમ, છતાં અલબેરુનીની ભારતયાત્રાનો એક બીજો આયામ પણ છે જેના ઉપર આપણું ધ્યાન જવું જોઈએ. તે અહીં મનીષિઓની શોધમાં આવ્યો ન હતો. પરંતુ ગણિત, ખગોળ, ઔષધ-વિજ્ઞાન અને એના જેવા વ્યવહારિક ઉપયોગના જ્ઞાન-વિજ્ઞાનની શોધ કરવા આવ્યો હતો જેના માટે ભારત તે સમયના વિશ્વમાં ખાસુ પ્રખ્યાત બનવા લાગ્યું હતું. આરબ લોકો ઉપર યુનાની વિદ્વતાનો પ્રભાવ બધા જાણે છે પરંતુ ભારતીય વિદ્વતાએ અરબી દુનિયામાં જ્ઞાનના વિવિધ ક્ષેત્રોમાં થઈ રહેલા વિકાસને કેટલો અને કઈ રીતે પ્રભાવિત કર્યો, એની બહુ જ ઓછી વાત કરવામાં આવે છે. અરબી આંકડાઓની વાત અવશ્ય કરવામાં આવે છે. જે ભારત પાસેથી લેવામાં આવ્યા હતા. પરંતુ એના પછી... જાણે કે વાર્તા પૂરી થઈ ગઈ છે. એવી જ રીતે ભારત ઉપર અરબી વિદ્વતાની અસર અંગે પણ કોઈ ચર્ચા કરતું નથી. ઈતિહાસકારોની રૂચિ તો લાગે છે કે યુદ્ધો અને વિનાશોનાં વર્ણનમાં રહેલી છે. હિંદુ-મુસ્લિમ સંઘર્ષની શબ્દાવલીમાં કથા કહેવામાં રહેલી છે. - ભલેને એ જાણેલી અને માનેલી હકીકત હોય કે ભારતમાં જ મુસલમાન શાસકોની વચ્ચે આપસમાં યુદ્ધો લડાયા છે, જેવી રીતે હિંદુ રાજાઓની વચ્ચે લડાતા હતા.

ઈસુના પછીની બીજી સહસ્રાબ્દીની કથાને ઘણી રીતે જોઈ શકાય એમ છે. પરંતુ આનું ભારપૂર્વક નિરૂપણ કરવું જરૂરી છે કે ન કેવળ સોમનાથના મંદિરનો નાશ કર્યા પછી તરત જ એનું પુનર્નિર્માણ કરવામાં આવ્યું, પરંતુ આ ઘટનાની પછી ઘણા સમયે ઓરિસ્સા અને મધ્યપ્રદેશના વિખ્યાત મંદિર સમૂહોની રચના થઈ. ભુવનેશ્વર અને ખજુરાહોના ભવ્ય મંદિરો એ હકીકતનું જીવંત પ્રમાણ છે કે ગજનવીના વિનાશકારી આક્રમણોનો ઉત્તર ભારતના કેટલાક ભાગોને બાદ કરતાં કોઈ ખાસ પ્રભાવ નથી પડ્યો અને જ્યાં પડ્યો છે ત્યાં પણ થોડા સમય પૂરતો જ. નાલન્દાની મહાન બૌદ્ધ વિદ્યાપીઠ બસો વર્ષ સુધી આગળ ફૂલી-ફાલી રહી જ્યાં સુધી બખ્તિયાર ખિલજીએ આવીને ન કેવળ વિશાળ વિસ્તારમાં ફેલાએલા તેના વિહારોને ધુળમાં મેળવી દીધા, પરંતુ એ સર્વ આચાર્યો અને સ્થવિરોની હત્યા કરી નાખી જે ત્યાં રહીને અધ્યાપન કરાવતા હતા. ઈતિહાસમાં ભાગ્યે જ આટલા બધા બુદ્ધિજીવીઓની આટલા ઓછા સમયમાં આટલી ઝડપથી અને આટલી આકસ્મિક કત્લેઆમ થઈ હશે. ભારતમાં બૌદ્ધદર્શન આ ભયંકર વિનાશલીલા પછી ટકી ન શક્યું. કારણકે આ તારીખ પછી (૧૨૦૦ એ.ડી.) કોઈ બોદ્ધ વિચારક થયાનું જણાતું નથી. ૧૦૦૦ એ.ડી. અને ૧૨૦૦ એ.ડી. ની વચ્ચેના બસો વર્ષોમાં એ ઘણી સંખ્યામાં વિદ્યમાન હતા. વસ્તુતઃ આ સમય દરમ્યાન તેમની સંખ્યા વેદાંન્તિઓથી પણ ઘણી વધારે હતી. આ શંકરાચાર્યના સમયથી ઘણી પાછળની વાત છે જેને આઠમી સદીમાં જ ભારતમાંથી બૌદ્ધદર્શનને જડમૂળથી ઉખેડી નાખવાનું શ્રેય આપવામાં આવે છે. વિચિત્ર હકીકતતો એ પણ છે કે જૈનધર્મ પણ ૧૦૦૦ એ.ડી. પછી ઘણો જ ફૂલ્યો-ફાલ્યો જણાય છે અને જૈનદર્શનના વિદ્વાનોની સંખ્યા પણ વેદાંતીઓથી વધારે હતી.

અદ્વૈત વેદાંતીઓને જે પડકાર પ્રાપ્ત થયા તે એક બીજી જગ્યાએથી પ્રાપ્ત થયા છે. યમુનાચાર્યથી

શરૂ કરીને એક સંપૂર્ણ પરંપરા વેદાંતી આચાર્યોની દક્ષિણમાં પ્રકટ થઈ જેમણે શંકરાચાર્ય રચિત ઉપનિષદો અને બ્રહ્મસૂત્રો પરના ભાષ્યો સાથે અસહમતિ દર્શાવી. આ સમયથી દાર્શનિક ગતિવિધિઓનું કેન્દ્ર વિંધ્યાચલની અને નર્મદાની દક્ષિણ તરફ કેન્દ્રિત થયું. યમુનાચાર્યએ વેદની સમકક્ષ આગમ-ગ્રંથોની પ્રામાણિકતા સ્થાપિત કરતાં આગમ-પ્રામાણ્ય લખ્યું. અદ્વૈત વેદાંતીઓને આનાથી પણ ગંભીર ચુનૌતી વીર શૈવ સંપ્રદાયો તરફથી આવી જેમણે જાહેરમાં સ્પષ્ટ રીતે વેદના પ્રામાણ્યનો અસ્વીકાર કર્યો અને પોતાના ગ્રંથો તમિલ ભાષામાં લખ્યા. દક્ષિણમાં જ શૈવ સિદ્ધાંતનું આંદોલન શરૂ થયું. આ ઉપરાંત તર્કશાસ્ત્ર અને જ્ઞાનમીમાંસાના ક્ષેત્રોમાં પણ અત્યંત મહત્ત્વપૂર્ણ પ્રગતિ થઈ જેનું કેન્દ્ર પૂર્વભારતમાં- ખાસ કરીને બિહાર તથા બંગાળમાં હતું, જ્યાં ગંગેશથી ગદાધર સુધી એકથી એક ચઢિયાતા બૌદ્ધિક આવિષ્કારોની બોલબાલા રહી. આ સહસ્ત્રાબ્દીના પૂર્વાર્ધમાં દક્ષિણ અને પૂર્વ આ રીતે મહાન બૌદ્ધિક ગતિવિધિઓના કેન્દ્ર બની રહ્યાં. બરાબર એજ સમયમાં કે જ્યારે ઉત્તર ભારત એક પછી એક મુસ્લિમ શાસકોના રાજવંશોના આધિપત્યમાં ગયું અને જેનું વાસ્તવિક નિયંત્રણ દિલ્હી અને આગરાની આસપાસ કેન્દ્રિત રહ્યું.

આ યુગના ઈતિહાસકારોએ પોતાનું સંપૂર્ણ ધ્યાન ઉત્તર ભારતની રાજનૈતિક ઘટનાઓ ઉપર કેન્દ્રિત કર્યું છે; અને તેથી તેઓ તે સમયનું ખૂબ જ એકાંગી અને વિકૃત ચિત્ર જ પ્રસ્તુત કરી શક્યા છે. સમજાતું નથી કે આ કેવા પ્રકાનું ઇતિહાસ લેખન છે. જે દિલ્હી અને આગરામાં હકૂમત ચલાવી રહેલા ગણ્યા ગાંઠ્યા રાજવંશો પૂરતું જ સિમીત રહ્યું છે અને દક્ષિણમાં ચારસો વર્ષો સુધી અત્યંત સફળતાપૂર્વક સક્રિય ચોલ શાસનની અદ્ભુત ઉપલબ્ધિઓને બિલકુલ નજરઅંદાજ કરી દે છે. ચૌલોએ ન કેવળ સીલોન જીત્યું, પણ ઈન્ડોનેશિયા સુધી પહોંચ્યા હતા. આપણે યાદ રાખવું જોઈએ કે દક્ષિણમાં ન કેવળ હિંદુ રાજ્યોની એક ગૌરવશાળી પરંપરા અગીયારમી સદીથી લઈને પાંચસો – સાડાપાંચસો વર્ષ સુધી ફૂલી-ફાલી રહી વિજયનગર સામ્રાજ્યના અંત (૧૫૬૭ એ.ડી.) સુધી, પરંતુ જ્ઞાન અને સર્જનના તમામ ક્ષેત્રોમાં ભારતીય સભ્યતાના પ્રગતિશીલ અભિયાનનો સિલસિલો પોતાન સમગ્ર આયામોમાં ચાલતો રહ્યો. પોતાના સમગ્ર આયામોમાં પોતાની નિરંતરતા અને વિકાસશીલતાના અસંદિગ્ધ પ્રમાણો પ્રસ્તુત કરતો રહ્યો. ચૌલ કાંસ્ય મૂર્તિઓ વિશ્વપ્રસિદ્ધ છે અને એવી જ રીતે વિજયનગર સામ્રાજ્યની અંદર સાયણાચાર્ય દ્વારા કરવામાં આવેલું વેદભાષ્ય પણ. આ સમયમાં કેરળ પણ સર્જનની દૃષ્ટિએ ખૂબ જ સમૃદ્ધ રહ્યું છે. કહેવાય છે કે ન કેવળ સાહિત્ય અને કલાઓમાં, પરંતુ ગણિત અને વ્યાકરણ જેવા જ્ઞાનના ક્ષેત્રોમાં પણ ત્યાં જબરજસ્ત પ્રગતિ થઈ. પરંતુ આ તરફ પણ અપેક્ષિત ધ્યાન આપવામાં આવ્યું નથી. ઈતિહાસ જે કથા કહે છે તે ગોરીવંશ, ગુલામવંશ, ખિલજીવંશ, તુગલકવંશ, સૈયદવંશ, લોદી સલ્તનત અને મુગલ સલ્તનતની કથા છે. આવી ખંડિત અને વિકલાંગ છબી ઈતિહાસકારોએ બનાવી છે. જ્યાં સુધી ઉત્તર ભારતનો સંબંધ છે, કદાચ માત્ર એક તુગલકોને બાદ કરતાં વાસ્તવિક સર્જનાત્મક ગતિવિધિઓ મુગલોના આગમન પછી જ શક્ય બની શકી, જેમનો અસરકારક શાસનકાળ ૧૫૨૭ માં થયેલી પાણીપતની લડાઈથી નહીં, પણ ૧૫૪૦ થી ૧૫૬૦ એ.ડી.ની આસપાસ શરૂ થયેલો માનવો જોઈએ જ્યારે અકબરે ગુજરાત વિજયની સાથે

પોતાનું સામ્રાજ્ય સુદૃઢ કર્યું. આમ છતાં ઉત્તર ભારતના મુસલમાની શાસનની મહત્ત્વપૂર્ણ ઉપલબ્ધિઓ સ્થાપત્ય, પ્રશાસન, ચિત્રકલા અને સંગીતના ક્ષેત્રોમાં થયેલ છે, જોકે ઈતિહાસકારોના અહેવાલોમાં આ બાબતો પર ખૂબ જ ઓછું ધ્યાન આપવામાં આવ્યું છે.

આ સમય સમસ્ત ભારતવર્ષમાં સંતકવિઓના ઉત્કર્ષનો પણ સુવર્ણ યુગ છે. દેશી ભાષાઓમાં સાહિત્ય સર્જનનો એક નૂતનયુગ ત્યારથી શરૂ થાય છે. રાષ્ટ્રીય પુનરુત્થાન માટે સમર્પિત નવા કેન્દ્રોનો પાયો પણ આ સમયમાં જ નંખાયો છે જેમ કે ચૈતન્ય મહાપ્રભુના નેતૃત્ત્વમાં વૃન્દાવનમાં સોળમી સદીના અંતભાગમાં શરૂ થયેલી ચળવળ. અહીં એ ન ભૂલવું જોઈએ કે વૃન્દાવન ન કેવળ મથુરાની ખૂબ જ નજીક છે, પરંતુ આગરા પણ ત્યાંથી નજીક જ છે એ આગરા કે જે વૈભવશાળી મુગલ સામ્રાજ્યના મધ્યાહ્નના સુર્યની માફક ચમકી રહ્યું હતું. અકબર વાસ્તવમાં જ મહાન શાસક હતો. અને તેણે જે સામ્રાજ્ય ઉભું કર્યું તે ૧૭૦૭ એ.ડી. માં ઔરંગજેબના મૃત્યુ સુધી કાયમ રહ્યું.

આ પછીની કથા બધા જાણે છે. ૧૭૫૭ એ.ડી.માં પ્લાસીનું યુદ્ધ થાય છે અને ૧૮૫૭ એ.ડી.માં ઉત્તર ભારતનું પ્રથમ સંયુક્ત અને નિષ્ફળ અભિયાન અંગ્રેજોને હિન્દુસ્તાનની ધરતી પરથી હાંકી કાંઢવા માટે થયું. આ સ્વપ્ન તો છેક ૧૯૪૭માં સાકાર થાય છે. - ૧૮૫૭માં અંગ્રેજોની જીતના બરાબર નેવું વર્ષ પછી. જરા વિચારો, અંગ્રેજોને પોતાની બધી નવી ટેકનોલોજી અને શક્તિની સાથે સમગ્ર દેશ પર પોતાનું આધિપત્ય જમાવવામાં સો વર્ષ લાગ્યા અને અહીંથી જવા માટે મજબૂર કરવામાં માત્ર નેવું વર્ષ.

૧૯૪૭ના પહેલાંની કથા અકલ્પનીય જોવા મળે છે. રાજા રામમોહન રોય થી લઈને ગાંધીજી સુધી જે વિલક્ષણ વિભૂતિયોં આ નાના કાલખંડ અંતર્ગત એક પછી એક આપણી નજર સામેથી પસાર થાય છે, તે કોઈપણ અન્ય સભ્યતાના ઈતિહાસમાં અધ્વિતિય અને અતુલનીય કહેવાય તેવી હકીકત છે. આમ છતાં આજે આપણે આપણા ચોતરફના પરિવેશ પર નજર નાખીએ છીએ અથવા સવારનું છાપુ વાંચીએ છીએ ત્યારે અંદરથી કોચવાઈએ છીએ અને સત્વહિનતા અનુભવીએ છીએ. પરંતુ આપણે સભ્યતાઓના દીર્ઘકાલીન અભિયાનો તરફ જોતાં શીખવું પડશે. પાછળ વળીને જોઈએ અને ઈતિહાસના સમગ્ર દીર્ઘકાલીન પરિપ્રેક્ષ્યમાં પોતાને રાખીને વિચાર કરીએ ત્યારે આપણને કંઈક અલગ પ્રકારનો અનુભવ થશે. આખરે ૧૯૪૭ની પછીના ભારતની પણ પોતાની મોટી ઉપલબ્ધિઓ છે. એનું સંક્ષિપ્ત સર્વેક્ષણ કરીએ તો પણ આપણે જોઈશું કે આપણા પર જે વીતી છે, તે સાવ નીરાશાજનક નથી વીતી, પરંતુ આપણે ઠોસ પ્રગતિ કરી છે. જનસંખ્યામાં અકલ્પનીય વૃદ્ધિ થવા છતાં આપણે આ પૂરા સમય દરમ્યાન કોઈ મોટા પ્રમાણમાં દુષ્કાળ અને ભૂખમરાનો ભોગ ન બન્યા તે પોતાનામાં એક ઉપલબ્ધિ છે. જેનુ ઉદાહરણ બ્રિટીશરાજ્ય કે મુગલશાસન બંનેમાંથી એકેયમાં જોવા મળતું નથી. બીજા વિશ્વયુદ્ધ દરમ્યાન પડેલ મનુષ્યનિર્મિત બંગાળનો દુષ્કાળ જરૂર અંગ્રેજી રાજની ઉપલબ્ધિઓમાં ગણવામાં આવશે. સ્વતંત્રતા પછીની ભારતની ઉપલબ્ધિઓ વિસ્મયકારક છે, સંખ્યાની દૃષ્ટિએ, જોકે પ્રત્યેક નાગરિકની માથાદિઠ આવકના હિસાબે જોઈએ તો આપણી ઉપલબ્ધિઓ નગણ્ય લાગે છે. પરંતુ વિજ્ઞાનના ક્ષેત્રમાં, ન્યુક્લિયર ટેકનોલોજી તથા અંતરિક્ષ વિજ્ઞાનમાં, કે જેમાં પશ્ચિમી તાકતો પોતાના

જ્ઞાનને પ્રકટ કરવાના મામલે અત્યંત ગોપનીયતા વર્તે છે, ભારત બીજા દેશો માટે ઈર્ષ્યાનો વિષય બની ગયું છે. એટલું જ નહીં, ગાંધીનો વારસો પણ નાશ પામ્યો છે એવું કદાપી નહી કહી શકાય. આ સંદર્ભમાં પહેલાં વિનોબાએ, ત્યારપછી જયપ્રકાશ નારાયણે ખૂબ જ મોટા પ્રમાણમાં પ્રયોગો કર્યા છે. એ સત્ય છે કે તેમના પ્રયોગો સફળ ન થયા, તો પણ એ હકીકત છે કે તે અજમાવવામાં આવ્યા. અર્થાત્ ગાંધીજીને લોકો ભૂલ્યા નથી.

સહસ્ત્રાબ્દીયોથી ચાલી આવેલી આપણી સભ્યતાની કથા કહેવાનો ઉદ્દેશ એ જ છે કે હવે આ *ત્રીજી સહસ્ત્રાબ્દીમાં પ્રવેશ કરતાં પૂર્વે આપણે એક વાર પાછળ વળીને જોઈ લેવું જોઈએ અને આપણી* સભ્યતાની આ સુદીર્ઘ યાત્રાની સમગ્ર ઝલક મેળવી લેવી જોઈએ કે ક્યાં સુધી આપણે પહોંચ્યા છીએ. આમ કરવાથી આપણામાં ભૂતકાળમાંથી પ્રોત્સાહન અને સંકલ્પસાહસ મેળવીને ભવિષ્યમાં સંક્રમણ કરવાનો વિશ્વાસ જાગશે. આ નવી સહસ્ત્રાબ્દીમાં પ્રવેશની સાથે જ, આ પુનર્મૂલ્યાંકનની અનિવાર્યતા માટેનો એક તર્ક એ છે કે છેલ્લા દોઢસો વર્ષોમાં કંઈક એવું બન્યું છે કે આપણે આ ભારતીય સભ્યતાના જ્ઞાનાત્મક અતીતની સ્મૃતિથી કપાઈ ગયા છીએ, એ સ્મૃતિથી કે જે આત્મચેતનાના સ્તર ઉપર, આ સભ્યતાના હોવાની, એના અસ્તિત્વની પાયાની શરત છે.

ઈ.સ. ૧૮૫૭માં અંગ્રેજોએ ભારતમાં પોતાના વિશ્વવિદ્યાલયો સ્થાપ્યા. ત્યાર પછી તે પૂરની જેમ ફેલાતા રહ્યા અને તેમણે હિન્દુસ્તાનમાં એક નવો જ વર્ગ ઉછેર્યો છે. આ વર્ગમાં આપણે બધા આવીએ છીએ - જે પોતના દેશ અને એના લાંબા ભૂતકાળથી ઘણું વધારે પશ્ચિમના વિષયમાં જાણે છે. જ્ઞાનના તમામ ક્ષેત્રોમાં આપણે એ જાણીએ છીએ જે પશ્ચિમે ઉપજાવ્યું છે. યુનાનિઓના સમયની માંડીને આજ સુધી. કારણકે આપણી સ્કૂલો, કોલેજો અને યુનિવર્સિટીઓમાં - જ્યાં આપણા હૃદય અને દિમાગનું ઘડતર થાય છે — આ જ શીખવામાં આવે છે. આ રીતે એક એવી માનસિકતાનું નિર્માણ થયું છે કે જેમાં પ્રત્યેક ભારતીય અંદરથી એ માનીને ચાલે છે કે બધા જ જ્ઞાનનું મૂળ પશ્ચિમમાં છે. અને ભારતીય સભ્યતાનો અથવા તો કોઈપણ અન્ય પશ્ચિમેત્તર સભ્યતાનો ભૂતકાળનો વારસો એ દૃષ્ટિથી શૂન્ય છે કે એનું વિશ્વ-સભ્યતામાં કોઈ યોગદાન છે. અને આપણે ત્યાં જે કંઈ છે જેમાં આપણે થોડી ઘણી ઉમ્મીદ રાખી શકીએ તો તે છે માત્ર અધ્યાત્મ, ધર્મ અથવા ડહાપણ **(Wisdom)**. જે નામે કહીએ તે.

આપણી સભ્યતાનો આ સર્વગ્રાસી સ્મૃતિ-ભ્રંશ આપણી અંદર એટલે ઊંડે સુધી પકડ જમાવી ચૂક્યો છે કે આપણામાંથી મોટાભાગના એ હકીકતથી જરાપણ અવગત નથી કે આપણે આપણા ઈતિહાસના હજારો વર્ષો દરમ્યાન આ બધા જ જ્ઞાનાત્મક અભિયાનોમાંથી પસાર થઈ ચૂક્યા છીએ અને એમાંથી પસાર થઈ ને જ અહીં સુધી પહોંચ્યા છીએ. આપણી આ સ્મૃતિભ્રંશ દુર્દશાની અવસ્થા એ શિક્ષણ પદ્ધતિની દેન છે જેને અંગ્રેજોએ આ દેશમાં વાવી અને જેની પરિણતિ એક ભયંકર રંગભેદ જેવી પૃથકતામાં થઈ છે. એક તરફ એવા લોકો છે જે આજે પણ કોઈપણ રીતે જ્ઞાનની પરંપરાગત પદ્ધતિઓને વળગી રહ્યા છે, તો બીજી તરફ એ લોકો કે જેઓ આ વિષયોનું તે પદ્ધતિથી અધ્યયન કરે છે જેને 'મોડર્ન' : આધુનિક કહેવાય છે. આ બે વર્ગો વચ્ચે કોઈ પ્રકારનો સંવાદ કે સમ્પ્રેષણની સંભાવના જ બચી નથી. કેમ કે આ મોડર્ન' : આધુનિકો જ દેશના વાસ્તવિક સત્તાધારી અગ્રવર્ગના

રૂપમાં પ્રતિષ્ઠિત થઈ ચૂક્યા છે અને તેઓ પોતાને જ આ સભ્યતાના એકમાત્ર પ્રતિનિધિ માને છે. આથી એક એવી વિચિત્ર અને અસંગતિઓથી ભરેલી સ્થિતિ ઉત્પન્ન થઈ છે કે આ દેશનો સભ્યતાગત ભૂતકાળ, જેણે સ્વયં પોતાને પાંચ હજાર વર્ષો - અને એ પણ ઉથલ-પાથલથી ભરેલા વર્ષોમાં હંમેશા કાયમ અને સક્રિય રચનાશીલ રાખ્યો, તેની સામે આજે ઈતિહાસની આ ક્ષણે સંપૂર્ણ આત્મવિસ્મૃતિ અને પૂરી રીતે નષ્ટ થઈ જવાનો ભય ઉપસ્થિત છે. આ ભય પશ્ચિમના વિધ્વાનો દ્વારા પ્રવર્તાવેલ અને ભારતીયો ધ્વારા વગર વિચાર્યે અપનાવી લેવામાં આવેલા ઈન્ડોલોજીકલ દષ્ટિકોણથી વધારે વિકટ બન્યો છે. તે દષ્ટિકોણ અનુસાર આ સભ્યતાના બૌદ્ધિક અતીતને અભિલેખાગારો તથા પુસ્તકાલયોમાં સુરક્ષિત કરી લેવો જોઈએ જેવી રીતે પ્રાચીન મિસ્રમાં લોકો શબોને મમી બનાવીને દફનાવતા હતા.જેથી કરીને તે અભ્યાસ અને સંશોધનના માટે માત્ર યોગ્ય સામગ્રીની જેમ સુલભ બની શકે. આ રીતનો દષ્ટિકોણ ભારતીય અતીતને શબમાં ફેરવી દે છે અને તેને એક પિરામીડ જેવું જ બનાવી દે છે.

શક્ય છે કે, ઘણાને આ પદ્ધતિ યોગ્ય લાગતી હોય, પરંતુ સાચી સમજણ એ કહે છે કે આ સભ્યતાને-પૂરાતન કાળથી જીવીત પ્રાણવાન સભ્યતાને-જાળવી રાખવાનો, તેની સાચવણીનો, આ યોગ્ય ઉપાય નથી. જે આ પદ્ધતિને અપનાવી રહ્યા છે, તે એ લોકો છે જે ભિન્ન ભિન્ન પ્રકારના કોશ તૈયાર કરે છે, હસ્ત લિખિત ગ્રંથોની શોધ કરે છે અને પછી તેને વાતાનુકૂલિત પુસ્તકાલયો – અભિલેખાગારોમાં લઈ આવે છે અને ક્યારેક ક્યારેક તેને સમ્પાદિત કરીને છપાવી દે છે. આ પ્રકારની ગતિવિધિઓ છેક ઈ.સ. ૧૭૮૪થી – જ્યારથી એશિયાટિક સોસાટી સ્થપાઈ – ત્યારથી ચાલી આવી છે. આ દેશમાં પણ અને વિદેશોમાં પણ, ઘણા બધા આપણા વિદ્વાન લોકો આ ગ્રંથોના અંગ્રેજીમાં અથવા ભારતીય ભાષાઓમાં અનુવાદ કરવામાં લાગેલા છે, બની શકે કે, તેમનો ઉદ્દેશ્ય નિર્દોષ હોય, તો પણ આ નિર્દોષ ઉદ્દેશોથી વિધ્વજ્જનો અનુકૂળતાપૂર્વક ભૂલી જાય છે કે, ભારતીય સભ્યતાને પોતાના કોઈપણ ઉદ્યમને આ રીતે સાચવી રાખવાની મુસીબત જ્ઞાત ઈતિહાસના સમગ્ર ગાળા દરમ્યાન ક્યારેય આવી નથી. તેઓ એ ભૂલી જાય છે કે આ પ્રકારના સંરક્ષણાત્મક ઉપાયો જેટલા વધે છે તેટલું જ લોકોને પોતાના દેશની પરમ્પરાઓના જ્ઞાનનું વિસ્મરણ થતું જાય છે. મુશ્કેલી તો એ છે કે જેટલા પ્રમાણમાં આ પ્રાચીન ગ્રંથોનું મુદ્રણ કાર્ય વધતું જાય છે એટલાજ પ્રમાણમાં આપણી સંસ્કૃતિના સરળતમ પાઠોંને શીખવા-સમજવાની આપણી ક્ષમતા ક્ષીણ થતી જાય છે. જયાં પાન્ડુલિપીઓના સમજવાનો સવાલ છે ત્યાં તો એના વાંચવા સમજવાની વાત તો દૂર રહી તેને સુરક્ષિત રાખવા માટે જ પાન્ડુ લિપી-વિજ્ઞાનના વિભાગો ખોલવા પડ્યા છે.

આ સમગ્ર વસ્તુસ્થિતિ બધા જ જાણે છે. છતાં પણ જેને ભારતના અતિત સાથે થોડી પણ લેવા દેવા નથી, તેઓને આ મુશ્કેલીનો ઉકેલ અથવા તેની સુધારણાનો આના સિવાય અન્ય કોઈ ઉપાય નથી સુજતો કે ગમે તે રીતે પરંતુ આ સંરક્ષણ વગેરેના કાર્યને જ વેગ આપાવમાં આવે અને સરકારી સંસ્થાન તેના માટે જેટલી બની શકે તેટલી વધુ ધનરાશી ઉપલબ્ધ કરે. આ વિડમ્બનાપૂર્ણ કાર્યને પરમ્પરાનું **'સંરક્ષણ'** કહેવામાં આવે છે. હું આગ્રહપૂર્વક એ વાત કહેવા માંગુ છું કે અતીતના સંરક્ષણની આ ધારણાનો પૂર્ણતઃ ત્યાગ કરવામાં નહીં આવે, ત્યાં સુધી આ દેશની અતીત પરમ્પરાને

બચાવી લેવાની કે તેનું જતન કરવાની ઉમ્મીદ રાખવી સદન્તર વ્યર્થ છે. પરમ્પરાઓને પોતાના જાગ્રત સાક્ષાત જીવનથી અલગ કરી દઈને, વિચ્છિન્ન કરી દઈને ન તો તેને બચાવી શકાય છે કે ન તો તેને ચુસ્ત કે દોષરહિત રાખી શકાય છે. તેની સાચી સંભાળ ત્યારે જ શક્ય બને છે જ્યારે તે તેનું અધ્યયન અને સંશોધન કરવાવાળાઓના સક્રિય બુદ્ધિજીવનનું સાક્ષાત જીવંત અંગ બની શકે. આનો અર્થ એ છે કે તેનું અવિરત, આલોચનાપૂર્ણ અનુશીલન થતું રહે; તે આપણા જીવંત સંવાદમાં સામેલ થાય અને આપણા જીવંત અનુભવોના પ્રકાશમાં તેની પરખ થાય. તેનું સંશોધન પરિમાર્જન થતું રહે. સાથે સાથે જે દિશાઓમાં વિકાસ આપણે ઈચ્છિએ છીએ, તેના સંદર્ભમાં પણ તે આપણી પથપ્રદર્શક બને.

અર્થાત્ જેને આપણે **જાળવણી અથવા 'મેન્ટેનન્સ'** કહીએ છીએ તેની પ્રક્રિયા **પુનર્નવીકરણથી** અલગ કરી શકાતી નથી. અને પુનર્નવીકરણને પણ એ જ રીતે **વિકાસના** પ્રશ્નથી અલગ કરીને જોઈ શકાય નહી. આ ત્રણેય બાબતો એક જ ક્રિયાના ત્રણ પાસાં છે : અર્થાત્ જે પણ આપણને મળ્યું છે, જે આપણી વિરાસત છે, તેની સાથે જીવંત આદાન-પ્રદાનનો સંબંધ અને એ વિરાસતમાં તેને રૂપાંતરિત કરવાની સહજ તત્પરતા – એવી આત્મ ચેતનાની સાથે કે જે આલોચનાપૂર્ણ પણ હશે, ગુણસ્વીકારી પણ હશે અને સર્જનશીલ પણ હશે. આ ત્રણેય એક સાથે જ હશે. આ ત્રણે આયામ એટલા બધા પરસ્પરથી જોડાયેલા હોવા છતાં આપણી પ્રવૃત્તિ તેમને અલગ કરવાની જ છે. ગ્રહણ કરવાવાળી અને નિર્ણય કરવાવાળી આત્મચેતનાનો અર્થ જ થાય છે – તે નિર્ણયનો એક બાજુ આપણી ભાવનાઓ પર પ્રભાવ પડવો, અને બીજી તરફ સમ્યક્ કર્મની દિશામાં આપણને પ્રેરિત કરવા. તો આવું જ સભ્યતાના અતીતની આપણી સમજની સાથે પણ હોવું જોઈએ. પરમ્પરાને યથાવત્, જેવી તે છે અથવા હતી – માનવી એક નરી ભ્રાંતિ છે જે એ તથ્યથી પોષિત છે કે આપણને એવો ભ્રમ છે કે આપણે તેની રક્ષાને સુનિશ્ચિત કરવાના કામમાં સંલગ્ન છીએ- તેને યથાવત્ અતીતના જેવી શુદ્ધતામાં કાયમ રાખીને. આખરે એક જીવીત વસ્તુ એક મૃત વસ્તુથી કઈ રીતે અલગ હોય છે ? જેવી રીતે મૃત વસ્તુને આપણે કેટલાક લક્ષણોના આધારે ઓળખીએ છીએ, તેવી રીતે જીવીત વસ્તુને આપણે ક્યારેય ન ઓળખી શકીએ. તેને આપણે કેવળ તેના ઉદ્દેશ્યો અથવા પુરુષાર્થો અથવા અદમ્ય ઈચ્છાઓની પદાવલીમાંજ ગ્રહણ કરી શકીએ. તે કઈ રીતે ચરિતાર્થ થવાની કોશિશ કરે છે અને પોતાનામાં કઈ અભિપ્સાઓને સાકાર કરવાની તેની અંદરની માંગ છે. આ રીતે તેનું 'હોવું' તેના થતાં રહેવાની અથવા તો પરિણમનની પ્રક્રિયામાં જ સમાવિષ્ટ છે. - આ પરિણમન, જે ક્યારેય સમાપ્ત ન થવા વાળી પ્રક્રિયા છે. જો કોઈ વસ્તુ નિરંતર જીવીત રહેતી આવી છે, તો તે અન્તર્વિવશ છે તે આદર્શને ચરિતાર્થ કરવા માટે, જેનું તે સંજ્ઞાન હોય છે. ભારતીય પરમ્પરા જેને 'પુરુષાર્થ' કહીને ઓળખાવે છે, તેનો આજ અર્થ છે, જોકે તેને આ રીતે સમજવામાં અને સમાજાવવામાં આવેલ નથી.

એટલા માટે જ હું ભારતના અતીતને ફરીથી જીવંત બનાવવા માટેની ત્રેવડી રણનીતિનો પ્રસ્તાવ કરવા ઈચ્છુ છું. તેનું પ્રથમ ડગલું હશે તેના પ્રતિ સચેતન કે જાગ્રત થવું. પરંતુ, જેમ કે મેં હમણાં જ કહ્યું એમ - કોઈ જીવીત વસ્તુના વિષયમાં જાગ્રત થવું એટલે તેની અભિપ્સાઓના વિષયમાં સચેતન થવું તે છે. અને આ અભિપ્સા, આ ખોજ અનેક દિશાઓ અપનાવી શકે છે, કેટલાયે રૂપો

ધારણ કરી શકે છે. જાગૃત થવાનો અર્થ છે. તેની અવધારણાઓ, જિજ્ઞાસાઓ, સમસ્યાઓ અને વિચારો પ્રતિ જાગ્રત થવું. જેમનો અતિતમાં સામનો કરવામાં આવ્યો, અનુસરણ કરવામાં આવ્યું અને જેને પુનઃ સૂત્રબદ્ધ કરવામાં આવ્યા. આ એટલા માટે કે આ બધુ તે વિશેષ સંદર્ભમાં બન્યુ જેમાં તે પોતાના ઉદ્‌ભવની પ્રક્રિયાઓ દ્વારા જ બંધાયેલુ રહ્યું હતું, એટલે જ તેનું એક વિશેષીકૃત રૂઢ થઈ ચૂકેલું રૂપ છે જેનાંથી તેને મુકત કરાવવું જરૂરી છે. આ દ્વારા તેનામાં જે કંઈ ખરેખર સાર્વભૌમ છે, તેને સ્વાયત્ત કરી શકાય. અને આપણા નવા જીવનસંદર્ભમાં તેને ચરિતાર્થ કરી શકાય, જે સાંપ્રતમાં આપણે જીવી રહ્યા છીએ. આ સ્વાયત્તીકરણ, સમજવાનો આ ઉપક્રમ, તેને એક પુરુષાર્થની જેમ આપણા માટે પ્રસ્તુત કરે છે. અર્થાત્ એવાં નવાં-નવાં જીવંત રૂપોમાં તે પોતાને ઉદઘાટિત અને ચરિતાર્થ કરાવના પડકારો આપણી સમક્ષ રજૂ કરે છે. પોતાના સ્વભાવથી જ કોઈ આદર્શ અથવા પુરુષાર્થ ક્યારેય પણ આ લોકમાં પોતાની સંભાવનાઓને શત પ્રતિશત ચરિતાર્થ નથી કરી શકતો, એટલા માટે જ તો તે આદર્શ છે અને તેથી જ તે વરેણ્ય છે.

એક વિપુલ અને વિરાટ સભ્યતાની ધરોહર – જેવી કે આપણી સભ્યતા રહી છે - આ રીત એક અસમાપ્ત કાર્યની જેમ હોય છે, જેને અતીતની પેઢીઓ તરફથી સોંપવામાં આવેલા દાયિત્વની જેમ આપણે અનુભવવી જોઈએ. એવી ધરોહર, જેના પ્રતિ આપણે ઋણી હોવાનો અનુભવ કરીએ છીએ – એ સર્વ સમૃદ્ધિ માટે જે આપણા માટે તે છોડી ગઈ છે. જે તેણે હજુ અધુરા કાર્યની જેમ આપણા પુરુષાર્થ માટે છોડયું છે. આપણી યોગ્યતા અનુસાર, આપણી અન્તદષ્ટિઓ અનુસાર.

વર્તમાનમાં પરિસ્થિતિ એ છે કે જયાં આપણે કેવળ એક, માત્ર એક સભ્યતા ધ્વારા ચોતરફથી ઘેરાય ગયા છીએ, આક્રંત છીએ. આપણા જેવી જ દુઃખદ વિડમ્બનાપૂર્ણ નિયતિ અન્ય સભ્યતાઓની પણ છે. સંભવ છે કે આગામી સહસ્રાબ્દીમાં આપણી સૌથી મોટી જવાબદારી એ છે કે આપણે સ્વયંને એ તમામ અન્ય સભ્યતાઓ પ્રતિ, તેમના પુરુષાર્થો પ્રતિ ખોલીએ અને એવો પ્રયત્ન કરીએ કે કેવી રીતે આપણે સ્વયં આપણી સભ્યતાના અન્તર્નિહિત અને પ્રેરક પુરુષાર્થોને અન્ય સભ્યતાઓના પ્રકાશમાં રૂપાંતરિત, પરિવર્તિત – સંશોધિત કરી શકીએ અને આ જ ખુલ્લાપણામાં સ્વયંની આર-પાર સર્જનશીલ પણ બની રહી શકીએ.

**સંદર્ભ :**

૧. प्रो. दया कृष्ण / 'तीसरी सहस्राब्दी में भारतीय सभ्यता के पुरुषार्थ : पुनर्नवीनीकरण और विकास की नई दिशाएँ' / (सम्पा. डॉ. (श्रीमती) योगेश गुप्ता) / UGC Asihss Programme Dep. of Philosophy, University of Rajsthan & Literary Circle, Jaipur (2006).

□ □ □

# હાજાપટેલની પોળમાં આવેલ બલાજના પાડામાંના એક જ ઘરના બે દસ્તાવેજો

રસીલા કડીઆ

સંવેગીના ઉપાશ્રયના જ્ઞાનભંડારમાંથી મને કેટલાક દસ્તાવેજો સાંપડ્યા છે. આમાંથી બે દસ્તાવેજોની વિગતો વાંચતાં, આશ્ચર્ય થયું કે આ દસ્તાવેજ તો એક જ ઘરનો છે, તેનો વિગતવાર અભ્યાસ કરતાં જણાયું કે આ ઘર ખરીદનાર તથા ગિરવે લેનાર એક જ વ્યક્તિ છે અને ઘર વેચનાર તથા ગિરવે દેનાર બે બહેનો છે.

પરીક્ષ કેશવ વાસીઆ સૂરાએ પોતાની જ—શ્રીમાળી—જ્ઞાતિની બેન કાહાંનબાઈ જસરાજ જીવા પાસેથી ઘર વેચાતું લીધું છે. મામા વકીલ હોવાથી કાહાંનબાઈએ શવગણને વકીલ તરીકે સાથે રાખ્યા છે અને એની સાક્ષી રૂપે બે જણ નીમ્યા છે. એક તેના મામાનો દીકરો હંસરાજ વાઘજી શ્રીવંત અમીપાલ છે. બીજા છે શાહ વીરજી કૂઅરજી સંઘ. આ દસ્તાવેજની શકસંવત ૧૫૭૫ને આધારે એની વિ. સં. ૧૭૧૦ અને ઈ.સ. ૧૬૫૩ની સાલ પ્રાપ્ત થાય છે.

બીજો દસ્તાવેજ આ હાજાપટેલની પોળના બલાજના પાડામાંનો જ છે. ઘર આ જ છે એ તેના ખૂંટ અને અન્ય વિગતો જોતાં, સ્પષ્ટ થાય છે. આ દસ્તાવેજમાં છિદ્રો હોવાથી અને ઉપરનો ભાગ ફાટી ગયેલ હોવાથી સાલ મળી શકતી નથી. ગિરવે આપનાર છે બાઈ જીવી જસરાજ જીવા. સં.૧૭૧૦ના દસ્તાવેજમાં કાહાંનબાઈના પિતા-દાદાનું નામ સરખું હોવાથી એવું જણાય છે કે આ બન્ને બેનો હોવી જોઈએ અને તેઓને પિતાનું મકાન વારસામાં, ભાગે પડતું મળ્યું હોવું જોઈએ. જીવીબાઈ આ મકાન વેચતી નથી પણ ગિરે આપે છે. આ બેને પણ વકીલને સાથે રાખ્યા છે. પણ નામમાં સાહ પછી છિદ્રોને કારણે લખાણ નથી રહ્યું. બન્ને દસ્તાવેજો પર વકીલના જ હસ્તાક્ષરો છે અને વકીલ તેમના મામાનો દીકરો ભાઈ હોવાથી વકીલ 'શાહ' પછી નામને સ્થાને છિદ્રો હોવા છતાં

---

**ભૂલ સુધારણા** : સંબોધિ અંક Vol.XXXII, 2009 રસીલા કડીઆ સંપાદિત 'સં.૧૭૪૯નો હાજીપટેલની પોળના મકાનનો દસ્તાવેજ' લેખમાં પૃ.૧૫૭ ની ૧૭મી લીટીમાં શેઠશ્રી 'અરવિંદભાઈ કલ્યાણભાઈ' નહિ પણ 'હરેનભાઈ કલ્યાણભાઈ' સમજવું.

આ દસ્તાવેજમાં શાહ શવગણે જ હસ્તાક્ષરો કર્યા હોય તેમ અનુમાને માની શકાય તેમ છે. ગિરવે લેનાર, કાહાંનબાઈના ઘરની પેઠે અહીં પણ, પરીક્ષ કેશવ વાસીઆ સૂરા છે.

બન્ને દસ્તાવેજોમાં સ્થળનામ બલાજનો પાડો છે પણ ગિરોખતમાં "'અનુઆ' બલાજનો પાડો" નામ આપેલ છે. ટૂંકમાં એ માત્ર બલાજના પાડાથી ઓળખાતો હોઈ શકે.

બન્ને દસ્તાવેજો એક જ ઘરના બે ભાગ વિશે, અને તેના હસ્તાક્ષર એક જ વ્યક્તિએ કર્યા હોવા છતાં, તે એક જ દિવસે થયા નથી. ગિરોખત ગુરુવારના રોજ થયું છે. વેચાણખત રવિવારના રોજ બન્યું છે.

બન્ને દસ્તાવેજમાં શાસક અને શાસન અધિકારીઓનાં નામો સમાન છે તેથી આ બન્ને દસ્તાવેજો એક જ વર્ષમાં થયા હોવા જોઈએ. અહીં જે શાસ્તખાન (શાઈસ્તખાન)નું નામ છે તેનો અમલ ઇ.સ. ૧૬૫૨-૫૪માં ગુજરાત—અમદાવાદમાં હતો. વેચાણખત ઈ.સ. ૧૬૫૨-૫૪માં જ હોવો જોઈએ એમ જણાય છે.

ઘરના વર્ણન પરથી જણાય છે કે કાહાંનબાઈના ભાગના મકાનના ઓરડા ઉપર પીટણી છે. જ્યારે જીવીબાઈના ભાગે આવેલા મકાનના ઓરડામાં જે પીટણી છે તે ડાગલાજડિત છે. કાહાંનબાઈની પડસાળમાં પાણિયારે બે ઘડા કે ઘડા મૂકવાના કાંઠલા છે. જીવીબાઈની પડસાળમાં પ્રવેશતાં જમણી બાજુ પાણિયારું છે જ્યાં બે ઘડા કે ઘડા મૂકવાના કાંઠલા છે. વળી, તેમની પડસાળ આગળ ઓટલો છે જ્યારે કાહાંનબાઈની પડસાળની ઉપર નળિયાવાળું છાપરું છે. જીવીબાઈના ઓરડાની પીટણીએ વળીના ડાગલાની નીસરણી છે તે સહિત ઘર ગિરે અપાયું છે.

બંને ઘરના ખૂંટ સરખા છે તેથી આ બન્નેના મળેલ ઓરડા બાજુ-બાજુમાં હોવા જોઈએ. કાહાંનબાઈ ઘર વેચી દે છે અને તેના તેને ૩૫૧ રૂા મળે છે. ગિરવે મૂકનારને ૪૨૫ રૂા મળે છે. શક્ય છે કે ઓરડો કે ઓરડાની પરસાળ વધારે મોટાં હશે.

બંને દસ્તાવેજોના અક્ષરો મોટા તથા એક જ વ્યક્તિએ લખ્યા હોય તેવા છે. કાહાંનબાઈએ મામા વકીલ શાહ શવગણને નીમ્યા છે તેનો ઉલ્લેખ તો છે ઉપરાંત આ કદાચ મકાનના કોઈ પણ રેકોર્ડમાં હોય અથવા તે પોતે agree party હોઈને તેનો લીટી ૩૨માં (કાહાંનબાઈના દસ્તાવેજમાં) ખાસં ઉલ્લેખ કરી સ્પષ્ટતા કરવામાં આવી છે કે આ વેચાણ બાદ જેમ કાહાંનબાઈને આ ઘર સાથે સંબંધ નથી તેવી રીતે શવગણને અને તેના પરિવારને પણ આ ઘર સાથે કશો સંબંધ નથી.

જીવીબાઈના દસ્તાવેજમાં ગિરે આપ્યા પછી વ્યાજ નથી લેવાનું પણ અન્યથા, વળતર રૂપે પ્રતિ વર્ષ ૧૫ ત્રાંબાના દોકડા આપવાના ઠેરવ્યા છે, જેમાંથી એ સમયના ગિરવે મકાનના આર્થિક વ્યવહારો કેવી રીતે થતા તેની જાણકારી મળે છે.

તે સમયની ભાષા અને લિપિ બાબતે પણ આ દસ્તાવેજોમાંથી સારી માહિતી સાંપડે છે. કાહાંનબાઈના દસ્તાવેજમાં ૫૦ મી લીટીમાંના 'મળ્યુ છે' શબ્દને ડ ની સાથે બ્રાહ્મીનો ય(^) જોડયો

છે. જે 'ય' આજે આપણને આજના 'ઘ' માં રહી ગયેલો માલૂમ પડે છે. લિપિગત આ વિશિષ્ટતા નોંધવા જેવી છે.

## (૧) સં.૧૭૧૦ (ઈ.સ. ૧૬૫૩)નો અમદાવાદની હાજા પટેલની પોળનો ઘરના વેચાણનો દસ્તાવેજ

પ્રસ્તુત દસ્તાવજો મને સંવેગીના ઉપાશ્રયમાંથી વાંચવા મળ્યા છે, એ બદલ હું સંવેગીના ઉપાશ્રયના ટ્રસ્ટીઓ તથા કર્મચારીઓનો આભાર માનું છું.

સં.૧૭૧૦નો આ દસ્તાવેજ કાપડ પર છે અને તેનો શરૂઆતનો જમણા ખૂણાનો ભાગ કપાઈ ગયો છે. એમાં મતુ અને સાક્ષી સિવાયના મૂળ પાઠમાં કુલ ૮૨ લીટીઓ છે. પ્રારંભની ત્રણ લીટીઓનો શબ્દો તેમાં જતા રહ્યા છે આમ છતાં, અન્ય એ જ પોળના તથા સમયના દસ્તાવેજોની રીતિ જોઈને અનુમાન કરીને મૂકી શકાયા ત્યાં ખૂટતા શબ્દો ચોરસ કૌંસમાં મૂક્યા છે. વળી, આ જ રીતે નીચેના ભાગે પણ દસ્તાવેજ ફાટેલ છે પણ 'સાખ'નું લખાણ ગયું નથી. સછિદ્ર હોવાથી, ક્યાંક લખાણ ઉકેલવું મુશ્કેલ કે દુર્બોધ બન્યું છે. વચ્ચે બે સ્થાને–૩૫ અને ૬૩મી લીટીમાં–શાહીનો ડબકો પડ્યો હોય તેવો ડાઘ હોવાથી, વર્ણો અવાચ્ય રહ્યા છે. ૬૩મી લીટીમાં પૂર્વાપર સંબંધે, અનુમાનિત શબ્દો ચોરસ કૌંસ [ ] માં મૂક્યા છે. 'મતુ' માં બે સહી પછીનો ભાગ ફાટી ગયો છે. એમાં લખાણ ગયું હશે કે નહિ તેની ખબર પડતી નથી પણ 'સાખ'માં નો છેવાડાનો થોડો ભાગ કપાયો છે પણ લખાણ અકબંધ છે. સાક્ષીઓની સંખ્યા સારી એવી છે. તેની લંબાઈ ૨૭" જેટલી છે. આ દસ્તાવેજનું માપ ૮૦" × ૯ $\frac{૩}{૪}$" છે.

દસ્તાવેજની લિપિ દેવનાગરી છે. ભાષા મધ્યકાલીન ગુજરાતી, સંસ્કૃત મિશ્રિત છે. 'ષ' અહીં 'ખ' ના અર્થમાં પ્રયોજાયેલ છે. 'લ' અને 'ણ' આજની ગુજરાતી પેઠે લખાયા છે. હ્રસ્વ ઈ માટે 'अि' દીર્ઘ ई માટે દેવનગરી इ ને દીર્ઘમાત્રા લગાવી इी કરી છે. ओ માટે उ ને જ કાનો તથા માત્રા લગાવેલ છે પણ વચ્ચે જોડતી રેખા નથી. (દા.ત.उो ) ત્રિપાંખિયો अ નું ચલણ છે. વ્યંજનને ઉકારાન્તની જોડવાની રીતિ અલગ છે. વ્યંજનની નીચે સ્વર उ લગાડેલ છે. (દા.ત.डु = डु) અંકો દેવનાગરી–ગુજરાતી મિશ્રપણે લખાયા છે. (દા.ત. ३ ૫૧) દસ્તાવેજના અક્ષરો સ્થૂલ કદના, શુદ્ધ અને સુવાચ્ય છે. सारव અને 'મતુ' માં શિરોરેખાવાળી ગુજરાતી છે અને અક્ષરો અત્યંત ગરબડિયા છે જેથી ઘણે સ્થાને અવાચ્ય છે. એમાં જેવો અક્ષર જણાયો તેવો લખ્યો છે.

### સારાંશ

પ્રથમ ૧ થી ૪ લીટીની વિગતો જોતાં, દસ્તાવેજની શકસંવત ૧૫૭૫ હોવાથી, એના ઉપરથી વિક્રમ સંવત કાઢતાં તે વિ.સં. ૧૭૧૦ માં પોષ વદમાં લખાયો છે. 'તિથિ'ના સ્થાને કાપડ ફાટેલું છે. સંવત આષાઢાદૌ છે. વાર રવિ છે. અમદાવાદના ઘરવેચાણનું ખત હોવાનું જણાવ્યું છે.

લીટી ૫ થી ૨૨ માં તે સમયના શાસકના ગુણસૂચક વિશેષણો તથા નામ આપેલ છે. આ સમયે દિલ્હીના સ્યાંહાનાવાદમાં અબુઅલ મુજફર શાહાબદીન મહિમ્મદ સાહિબ કિરાંનસાંની શાહિસ્યાંહાં

પાતશાહ રાજય કરતા હતા. મોગલ સમ્રાટ શાહજહાંનું આ બિરુદ હતું. ત્યારબાદ નવાબ સાદુલ્લાખાંન અને અમદાવાદ ખાતેના હાકેમનવાબ શાસ્તખાંનની સાથે તે સમયના જુદા જુદા અધિકારીઓની વિગતો સાપડે છે. તે સમયે મંડપવેરો તથા ચોતરાનું અમલદસ્તૂર માફ હોવાની વિગતો ૨૨-૨૩મી લીટીમાં છે.

લીટી ૨૪ થી ૩૫ માં મકાન વેચવાનું છે તે સ્થળ તથા ખરીદનાર–વેચનારની વિગતો મુજબ, પ્રસ્તુત મકાન ઢીંકવાની હવેલી વિસ્તારમાં આવેલી હાજા પટેલની પોળ મધ્યે આવેલ બલાજના પાડામાંનુ ઘર વેચાનાર છે. મકાન ખરીદનાર શ્રીમાળી જ્ઞાતિના, વૃદ્ધિ શાખાના પરીક્ષ (પરીખ) કેશવ વાશીઅ સૂરા છે. વેચનાર પણ શ્રીમાળી જ્ઞાતિના વૃદ્ધિ શાખાના છે. વેચનારનું નામ છે કાહાંનબાઈ જસરાજ જીવા. બાઈએ પોતાના મામાને વકીલ તરીકે રાખ્યા છે જેનું નાામ શાહ શવગણ શ્રીવંત અમીપાલ છે. તેઓને વકીલ તરીકે રાખ્યા છે તેની ગવાહી દેનાર બે સાક્ષીઓના નામો છે : એક તો બાઈ કાહાંનબાઈના મુહુલાઈ (મામાનો દીકરો) ભાઈ શાહ હંસરાજ વાઘજી શ્રીવંત અમીપાલ છે. બીજા સાક્ષીનું નામ અહીં નથી પણ ૮૧મી લીટીમાં આપેલ છે તે પ્રમાણે તે શાહ વીરજી કુઅરજી સંઘ છે. દસ્તાવેજ પર હસ્તાક્ષર કાહાંનબાઈના વકીલે કર્યા છે.

લીટી ૩૫ થી ૪૯ સુધી ઘરનું વર્ણન તથા ચારે ખૂંટની વિગતો છે. આ ઘરમાં દક્ષિણાભિમુખી ઓરડો છે જે ચોરસાબદ્ધ (જડિત) છે. તેની આગળ પડસાળ પણ ચોરસાબદ્ધ દક્ષિણાભિમુખી છે. ઓરડા ઉપર પાટડો છે. પડસાળમાં પાણીયારે પાણી ભરવાના બે ઘડા છે. પડસાળ ઉપર નળિયાવાળું છાપરું છે અને પડસાળને બારણે ઓટલો છે તે સહિત ઘર આપવાનું છે. તેની આગળ ચોક છે. ખડકીમાં જવા આવવાનો રસ્તો સહિયારો છે. ઘરની પાછલી દીવાલે આવેલા વાડામાં આ ઘરનું વાડું સહિયારુ છે. આ ઘર તેનાં ભીંત, કમાડ, મોભ, વલી, ખાપ, નળિયાથી આચ્છાદિત, પાકી ઈંટોનું બનેલ, જીર્ણ લાકડાં સહિત, ભૂમિ સહિત આપવામાં આવે છે. તેની પૂર્વે ખડકી છે જ્યાં આવવા જવાનો રસ્તો સહિયારો છે. પશ્ચિમે શાહ નાંનીઆ મદન અમીઆનું ઘર, દક્ષિણે ઘરનું નિકાલ, નેવ, આંગણું તથા ઓટલો છે તથા આગળનો ચોકનો ચાલ સહિયારો છે. ઉત્તરે પાછળની ભીંતની ખડકીના સહિયારા વાડામાં આ ઘરનાં પાછલી પડાલના નેવ ઊતરે છે. આ પ્રકારનું ઘર શાહ જસરાજની પુત્રી કાહાંનબાઈને મળ્યું છે.

લીટી ૪૯ થી ૬૩ માં કાહાંનબાઈએ વકીલ તરીકે શાહ શવગણ તથા તેની ગવાહી રૂપે બે સાક્ષીઓ હંસરાજ તથા વીરજી છે તેની વાત છે. તેની કિંમત (૩૫૧ રૂા.) એકસાથે આપવાના થશે. જે છે તેવી હાલતમાં જ આ ઘર પરીક્ષ કેશવને આ ઠરાવેલી કિંમત લઈને આપ્યું છે. હવે આ ઘર સાથે બાઈ કાહાંનબાઈ કે વકીલ કે વકીલના પુત્રપૌત્રોને કશો સંબંધ નથી. હવે આ ઘર કેશવ પરીક્ષ અને તેના પુત્ર પૌત્રાદિ પરિવારનું છે. તેમાંથી નિધિ દૈવવશાત્ પ્રકટ થાય તો તે પણ પરીક્ષ કેશવનું છે. તે સ્વેચ્છાએ અપાયેલું હોઈને કેશવ હવે પોતે રહે, બીજાને રહેવા આપે, ભાડે આપે કે બે ત્રણ માળ સુધીનું બનાવરાવે તો વેચનારનો હવે કશો દાવો રહેતો નથી.

પંક્તિ ૭૪ થી ૮૨માં આ વેચનારનો પાણીના સ્થાનોમાં પણ સંબંધ રહેતો નથી તેમ સ્પષ્ટતા છે. બીજો કોઈ આ ઘરનો વારસો માંગતો આવે તો કાહાંનબાઈ કે તેના પરિવારવાળા સમજાવે. નાળ, પ્રનાળ

કે ચાલવાનો માર્ગ, પાણી જવાનો માર્ગ—બધું પહેલાં હતું તેમ જ રહેશે. આમ લખ્યા પ્રમાણે પાળવું.

અંતે કાહાંનબાઈ તથા વકીલ શવગણની સહી છે. સાક્ષીઓની યાદી પ્રમાણમાં ઘણી વધારે છે. આ પહેલાંનો 'સંબોધિ'ના અંક 'XXXII-2009' માં છપાયેલા હાજાપટેલની પોળના જ દસ્તાવેજમાં, આ જ રીતે, સાક્ષીઓની લાંબી યાદી છે.

હાજાપટેલની પોળમાં હાલના સમયે 'બલાજનો પાડો' નામ નથી, જેમ સં.૧૭૪૯ના દસ્તાવેજમાં જેમ હાજા પટેલની પોળમાં 'કોડીઆનો પાડો' નો ઉલ્લેખ છે અને આજે તે નામ અસ્તિત્વમાં નથી તેમ.

રસિકલાલ પરીખ સંપાદિત ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ ગ્રંથ-૬ના પૃ.૬૫-૬૬ પરની માહિતીમાંથી જાણવા મળે છે કે શાહજહાંના અમલ દરમ્યાન શાઈસ્તખાન બીજીવાર ઇ.સ. ૧૬૫૨-૫૪ માં ગુજરાતમાં વહીવટ માટે મુકાયેલ. આ દસ્તાવેજ પણ તેના અમલ બાબતે ગવાહી દે છે.

આમ, આ દસ્તાવેજ અમદાવાદની પોળોના નામોની જાણકારી આપે છે અને તે સમયના શાસન અધિકારીઓના ખાતાં અને તેમનાં નામોની માહિતી આપે છે. આ રીતે તેનું મૂલ્ય છે.

## (ઇ.સ. ૧૬૫૩) સં.૧૭૧૦ નો અમદાવાદની હાજાપટેલની પોળનો ઘરના વેચાણનો દસ્તાવેજ

### મૂળપાઠ

१. [स्वस्ति श्री श्रीमन्नृप] विक्रमार्क। समयातीत । स(सं)वत्(त) आषाढादौ
२. [१७१०] [व]र्षे । शाके १५७५ प्रवर्त्तमाने पौष मासे । कृष्ण पक्षे १–
३. यां तिथौ । रवि दिने । अधेह श्री अहिम्मदावाद मध्ये वा–
४. स्तव्यं । स्वकीयं स्वहद्दं । गृहं विक्रीत पत्रमभिलिख्यते । अ–
५. द्येह श्री गूर्जराधीश । अगंजगंजन । रिपुरायां मांनमर्द्दन । स–
६. कलरायां श(शि)रोमणि । अभिनव मार्त्तंडाऽवतार । वाचाऽविच–
७. ल संग्रामांगणधीर । दानैकवीर । यवनकुलतिलक । माहा–
८. राजाधिराज । प्रौढप्रताप । पातशाह श्री श्री श्री श्री श्री श्री श्री
९. अबूअल मुजफर शाहाबदीन महिम्मदसाहिब किरांनसां–
१०. नी शाहिस्यांहां पातशाहा गाजी श्री ध्रिलीना स्यांहानावादमध्ये
११. विजय राज्यं क्रीयते । तत्र विजारित्यां नबाब श्री ५ सादुल्लाषां(खां)–
१२. न । तत्र श्री अहिम्मदावाद नगरे हाक्यिमनबाब श्री ५ शा–
१३. स्तषां(खां)न धर्मन्यायां प्रवर्त्तते । तत्र तस्याग्रे सर्वाधिकारे मीयां श्री–
१४. ५ शेष (रव) सुलतान । तथा अमीन मीयां श्री ५ शेष (रव) मनसूर । तथा अ–

१५. दालतिना दारोगो मीयां श्री ५ नाजर अद्राष(रव)। तथा पांतशाही दी–
१६. वांनी मीयाँ श्री ५ अहिआ । तथा बकशी वाकानवेश मीयां श्री–
१७. ५ शेष(रव) अब्दलसमद एतांन् धर्मन्यायां प्रवर्त्तते । तत्र कादी श्री ५–
१८. मीर महिम्मद मीरक । तथा अदालति मीर श्री ५ सअिदअहिम्म–
१९. द । तथा दारोगो मीयां श्री ५ मुकीम । तथा मफतीमीयां कमाल महि–
२०. म्मद । तथा मीयां बुहुरांन । एतान् धर्मसंज्ञके । तत्र चुतरिमीयां श्री–
२१. ५ शाहावेग । तथा मुशरफ ठाकुर गोवर्धन्निदास । तथा सहिर का–
२२. नूगो समस्त एतांन् धर्मन्यायां प्रवर्त्तते । तत्र मंडपिका माफ छि । त–
२३. था चुतरानूं अमलदस्तुर माफ छि । एवं पंचकुलान्वये । तत्र हवे–
२४. ल्यां ढीकुआनी पोलि पटेल हाजानी मध्ये तन्मध्ये पाडा बला–
२५. जना मध्ये वास्तव्यं । तत्र स्थांने गृहं विक्रीतं । खरीदार ।
२६. श्री श्रीमाल ज्ञातीय । वृद्धि शाखायां । परीक्ष केशव बिन वाशीअ बिन सू–
२७. रा । ते परीक्ष केशव पारस्यात् । वेचनार । श्री श्रीमाल ज्ञातीय । वृ–
२८. द्धि शाषा(खा)यां । बाई काहांनबाई बिं(बि)त(न) जसराज बिन जीवा.। ते
२९. बाई कांहानबाईअि ए घर वेचवानि पोताना मांमानि वकी–
३०. ल । कीधा तिहनूं नांम । साह शवगण बिन श्रीवंत बिन अमीपा–
३१. ल । ते शाह शवगणनि वकील कीधा गुहा जण २ बि हजूरि ति–
३२. हनां नांम । बाई काहानबाईना मुहुलाई भाई साह हंसराज
३३. बिन वाघजी बिन श्रीवंत बिन अमीपाल ए जण २ बि हजूरि व–
३४. कील कीधा छि । ते बाई काहानबाईना वकील साह शवगण
३५. हस्ताक्षरांणि दत्ता । यित घर एक १ [म]ध्ये ओरडु एक १ दक्षिणा–
३६. भिमुष(ख)नुं भूमि चुरसांबद्ध छि ते ओरडा आगलि पटसालि ए–
३७. क १ दक्षिणाभिमुष(ख)नी चुरसांबद्धः छि ते ओरडा ऊपरि पीटणी
३८. छि । ते पटसालि उदकस्थांनक गढा २ बि उदक भरवानां छि
३९. ते पटसालि उपरि नलीअर छापरूं छि ते सहित ति पटसालि
४०. ना द्वार आगलि ओटलु छि ते सहित । अग्रे चुक ष(ख)डकी मध्ये चा–
४१. ल साध्य छि । तथा ए घरनी पछीतिना वाडा मध्ये ए घरनि वाडु सा–
४२. ध्य छि तेहना समंधः सहित । ए घरनां भीतडां । बारत । कमाड । मोभ ।
४३. वली । षा(खा)प । नलकैराछ्यादितं । पकवेष्टकारचितं । जीर्ण काष्ट स–

४४. हित । भूमिसहित । ए घरनां षूंट(खूंट) । पूर्व दिशि ष(ख)डकी नुं चाल साध्य–
४५. छि । पश्चिमे साह नांनीआ मदन बिना अमीआना परिवारनूं
४६. घर छि । दक्षिणे ए घरनुं नीकाल छि । तथा नेव आंगणू ओटलु छि ।
४७. तथा अग्रे चुक चाल साध्य छि । उत्तरे पछीति ष(ख)डकीना साध्य
४८. समंधना वाडा मध्ये ए घरनां पाछिला पडालनां नेव ऊतरि छि ।
४९. एवं च्यारि ४ (षूं)खूंटानि । एवंविधं गृहं ए घर साह जसराजनी पुत्री–
५०. बाई काहानबाईनिअ मळ्युं छि । पछिते बाई काहानबाईअि
५१. ए घर वेचवानि साह शवगणनि वकील कीधा । गुहा जण र बि–
५२. साह हंसराज । तथा साह वीरजी हजूरि । तिहवार पछी ते बाई
५३. काहानबाईना वकील मांमा साह शवगणि गुहा जण २ बि साह हं–
५४. सराज वीरजी हजूरि ए घर अदबद नवनिधांन सहितं । स्व
५५. स्वेछायां शाकपणिकान्यायेन गृहं विक्रीतं । तस्य द्रव्य संख्या अ–
५६. हिम्मदावादनी टंकसालना आकरा कोरा मासां ११॥ ना । ३प्पै[आ]
५७. ३५१ अंके त्रंण्यसहि एकावन्न पूरा रोकडा एकिमूठि परीक्ष के–
५८. शव पासेथी बाई काहानबाईना वकील शाह शवगणि गुह(हा)–
५९. जण २ बि साह हंसराज वीरजी हजूरि लेईनि अे घर अदब
६०. द परीक्ष केशवनि वेचात् आप्यू छि । ए परीक्ष केशविए ३प्पै[आ]
६१. ३५१ अंके त्रंण्यसहि एकावन पूरा रोकडा एकिमूठि बा–
६२. ई काहानबाईना वकील साह रावगणनि गुहा जण २ बि सा–
६३. ह हंसराज । तथा साह वीरजी हजूरि आपीनि ए घर अद[बद]
६४. वेचात् लीधू छि । हवि ए घर मध्ये दैववशात् निधि प्रगट हुअि
६५. तेहनु समंध परीक्ष केशवनि सही । हवि एणि घरि परीक्ष
६६. केशव तथा परीक्ष केशवना पुत्र पौत्रादिक परिवार वसि
६७. वासि भाडि आपि । तथा ग्रहिणि मूकि । तथा द्वित्रिभूमि करि
६८. करावि । तथा स्वेच्छा आवि ते करि तिहवारि अन्य को कस्य स–
६९. मंधो नास्ति । लागोभागो नास्तिः । हवि ए घर साथि । तथा ए घ–
७०. रनी भूमि साथि बाई काहानबाईनि । तथा बाई काहा–
७१. न बाईना वकील साह शवगणनि । तथा साह शवगण
७२. ना पुत्रपौत्रादिक परिवारनि किशु सरसमंध नही । लागो

७३. भागो नास्तिः । तदागेपि उदकसंमधो नास्तिः । आचंद्राऽ–
७४. र्क कुल्ल अभिरांमन दावे कीधूं छि । हवि ए घरनुं । तथा ।
७५. घरनी भूमिनु को वहिरशी आवि तेहनि बाई काहान बा–
७६. ई तथा बाई काहानबाईना पुत्र पौत्रादिक परिवार म–
७७. ध्ये ये को हाजरि हुअि ते प्रीछवि वारि । ए घरनां षा(खा)ल प्र–
७८. नाल नेव नीछारिकं वाडु हीडवानु मार्गः सर्व पूर्वरीति
७९. समंधः सही । गुहा जण २ बि शाह हंसराज बिन वाघजी बिन श्री–
८०. वंत । तथा साह वीरजी बिन कूअरजी बिन शंघ । ए गुहा जण २ बि ह
८१. जूरि बाई काहानबाईअि साह शिवगणनि वकील करीनि
८२. ए घर वेचातू [आपू] छि । अस्य लख्यित विधे परिपालनायः ॥–

१ अत्र मतू

१. बई काहानबई बन जसराइ
मत अपर लखतो सही
लखवीबई बुलबई ल

१ वकलो सवगण श्रीवंता मता अपर
लखतो सही रुपअ ३५१ अंक तण
सह अकवन पर रकडा
लखत १ अइ घर
अदबद अनरमोतद १ करवी
वयतो अप छ.

१ अत्र साष्यि (ख्य)

१ हाशराजी वांघाजी सख ने
उपा लखा परमण
३पीया ३५१ अमा हज
री अपथ

१ स. वीरजी कूअरजी सारव उपरा
लखा परमणा रू ३५१ अम ह
जर आप्यु

१ भगवतीदास पंनजी....
उपर लखा परमाण सही ।

१ अदेसेनी रतंन सख उपर
लखा परमाण ॥।

१ सा पनीअमीती वीर दल स
ख ऊपर लख परणाम

१ मी. –डनजीय लीख

१ –लसंमदमूमान
लखा परमा साख

१ दोवोलीसुंन सुरदास सांरव व
मत् छे ते साख

१ पी. मूमनजी
अपर लखत हाथी

१. ऊ द १ जी मदनससेद्दएपीना
१ पुअसास१पु ।।। श्री १/५ हजूर
१ भारुवजी चुलीआ साख उपर लखा
परमणां सासेककण करवी छ
१ भगवतीदास हरीदास सखा धणी
हजूर छे
१ माधवजी कलाणाजी सारवे
१ ओस्वजी । ली । र । सख धणी ब
१ सोनी रीखबदांस लखु_सख
१ खेतूरटीआ साख वकील साहा सा
वगण हाथी बारीक लख—ऊपर
लखा परमाण आपू ॥
१ शवजी कीला साख धणी हजूर
१ ली. रूपजी नाना साख धणी
ब हजूर
१ नागजी मगल सारवे धमी ते काला
सीवगणा ब हजर करवी छे धणा
बा हअहजर करी छे
१ नानजी कीका सख—
१ परीखजीवा सुतो गोकुलदास
वकील सीवयगण वन हजूर पछ
तह_सख
१ लीलघर जयश्री हजी
१ सारितमजीसत साख २ घणी
१ सा. जीवीअ दर साख छे
सा—हंशरज...णा ता....ला दी,
लादनखत हजूर साख
१ सा. रा अी...साहेरकरणा ऊपर
लेखा परमाण साखे
१ चंदरभाण जेठा सारव उपर लखा
परमाण
१ माधवजी सवदास साख
१ गणस—पो सख

## (૨) હાજાપટેલની પોળનો ગૃહગ્રહણક દસ્તાવેજ

પ્રસ્તુત દસ્તાવેજ જીર્ણ તથા સ-છિદ્ર ઘણો છે. કાપડ પરના આ દસ્તાવેજની ધારી ફાટેલી છે. પ્રારંભની બે લીટીઓનાં લખાણ સાથેનો ભાગ તથા અંતનો 'મતુ' તથા 'साख्यि' ના હેડિંગ પછીનો ભાગ ફાટેલો હોવાથી પ્રારંભની બે લીટીઓનું લખાણ મળતું નથી આમ છતાં, આ જ ઘરના બીજા ભાગનો વેચાણ દસ્તાવેજ છે તેની પરિપાટી પ્રમાણે જ આ લખાયો હોવાને લીધે મૂકી શકાયા તેટલા શબ્દો ચોરસ કૌંસમાં મૂકેલ છે. દસ્તાવેજના મૂળ પાઠની મતુ અને સાક્ષી બાદ કરતાં કુલ ૬૭ લીટીઓ છે. છિદ્રો વધુ હોવાને લીધે વચ્ચે વચ્ચે શબ્દો, કે વાક્ય વંચાયા નથી. તેટલી જગ્યાએ કાપડ ફાટી જ ગયેલું છે તેથી તેનું માપ ઝેરોક્ષમાં તે 'ખાલી જગા' બતાવે છે. તેનું માપ ૪૪ $\frac{૧}{૨}$ " × ૯ $\frac{૧}{૨}$ " છે. અક્ષરો સ્થૂલ કદના છે.

દસ્તાવેજની લિપિ દેવનાગરી છે. ભાષા સંસ્કૃત, ગુજરાતી મિશ્ર છે. ત્રિપાંખિયો 'અ' વપરાયો છે પણ વળાંક આજના 'અ' તરફ જતો જણાય છે. 'ષ' 'ખ'ના અર્થમાં પ્રયોજાય છે અને પ્રતિલિપિમાં 'ષ' લખી તેને કૌંસમાં (ખ) મૂકેલ છે. ઈ દીર્ઘ કરવા इ કરી ઈની માત્રા લગાડી છે. (દા.ત. इी) 'ण' તથા લ આજના વર્ણો જેવા છે. 'ડ' ને ઉકારાન્ત કે ઊકારાન્ત લગાડવા નાનો 'ઉ' તથા મોટો 'ઊ' જોડાય છે. (દા.ત. डुडू ) 'ओ' માં 'उ' ને કાણો તથા માત્રા લગાડી કર્યા છે. (उो) અંકલેખન ગુજરાતી લિપિમાં છે.

**સારાંશ**

પ્રથમ બે લીટીઓવાળું લખાણ ફાટી ગયું છે તેથી શક કે વિક્રમ સંવત મળતી નથી માત્ર તિથિ અને વાર ત્રીજી લીટીમાં આપેલ છે. લીટી ૪ થી ૨૧ પર્યંત દસ્તાવેજ અમદાવાદનું ગિરોખત હોવાનું માલૂમ પડે છે વળી, એ સમયની પરિપાટી મુજબ તે સમયે દિલ્હીના તખ્ત પર બેઠેલ બાદશાહ શાહજહાંના અનેક વિશેષણો તથા ગુજરાત ખાતેનો સૂબો તથા અન્ય શાસનાધિકારીનાં નામો કાહાંનબાઈના દસ્તાવેજની જેમ જ જોવા મળે છે.

ત્યારબાદ ૨૩ થી ૨૪ પર્યંત મકાનનું સ્થળ, સ્થાન, ગિરવે રાખનાર તથા વેચનારનાં નામો, ઘરનું વર્ણન આગળ જણાવ્યા પ્રમાણે નજીવા ફેરફારવાળું છે. ઘર હાજાપટેલની પોળના અનુઆ બલાજના પાડાનું જીવીબાઈને વારસામાં મળેલ છે અને તે પરીક્ષ કેશવને ગિરે આપે છે. પંક્તિ ૪૫ થી ૫૦ માં ગિરો માટેની કિંમતની વાત છે. પરીક્ષ કેશવે તે ૪૨૫ રૂા. માં ગિરે રાખ્યું છે.

લીટી ૫૦ થી ૫૪ માં ચારે ખૂંટની વિગતો છે જે કાહાંનબાઈના દસ્તાવેજની જેમ જ છે. લીટી ૫૫ થી ૬૭ માં ગિરે રાખવાની શરતોનું વર્ણન છે. અહીં ગિરો માટે ઠરાવેલી કોઈ ચોક્કસ મુદત નથી પણ દર વર્ષે એકસાથે રોકડા દોકડા ૧૫ ત્રાંબાના સામે આપવાના છે. જ્યારે જીવીબાઈ ૪૨૫ રૂા. એકસાથે આપે ત્યારે આ ઘર ગિરેથી છૂટે. તે દરમ્યાન એમનો કોઈ વારસદાર આવીને કણવાર કરે તો જીવીબાઈ સમજાવે.

અંતે કાપડ ફાટી ગયેલ હોવાથી 'મતુ અને સાક્ષી' લખેલ છે પણ સહીઓવાળું કાપડ ફાટી ગયું હોવાથી એકે સહી મળતી નથી. એ રીતે આ અપૂર્ણ દસ્તાવેજ છે છતાં કાહાંબાઈના ઘર સાથે જોડાયેલ હોવાથી, તેનું મહત્ત્વ છે.

## (ઈ.સ. ૧૬૫૩) સં.૧૭૧૦ નો અમદાવાદની હાજાપટેલની પોળનો ઘરના વેચાણનો દસ્તાવેજ

### મૂળપાઠ

१. [स्वस्ति श्री श्रीमन्नृप] विक्रमार्क। समयातीत । संवत......
२. वर्षे । शाके.........प्रवर्त्तमाने..........मासे ......पक्षे ]
३. चोदसां तिथौ गूरु दिने । अद्यहे श्री अहिम्मदावाद मध्ये [वास्त]
४. व्यं । स्वकीयं स्वहद्दं । गृहं ग्रहणक पत्रमभिलिख्यते । अद्येह [श्री गू]–
५. र्जराधीश । अगंजगंजन । रिपुरायां मांनमर्द्दन् । सकलरायां शि–
६. रोमणि । अभिनव मार्त्तंडाऽवतार । वाचाऽविचल । संग्रामांग–
७. णधीर । दानैकवीर । यवनकुलतिलक । माहाराजाधिराज । प्रौ–
८. ढप्रताप । पातशाह श्री श्री श्री श्री श्री श्री श्री अबूअल म(मु)जफर–
९. शाहाबदीन महिम्मदसाहिब किरांनसांनी शाहस्यांहान पा–
१०. तशाहा गाजी श्री दि्ल्वीना यांहानावाद मध्थे विजय राज्यं क्रीयते]
११. तत्र विजारितां नबाब श्री ५ सादूलाषां(खां) न । तत्र श्री अहिम्मदावा[द]–
१२. नगरे हाकिम नबाब श्री पू शास्तषां(खां)न ष तस्याग्रे सर्वाधिकारे [मी]
१३. र्या श्री ५ शेष(ख) सूलतांन । तथा अमीन मीर्या श्री प शेष (ख) मनसूर । त–
१४. था अदालतिना दारोगो मीयां श्री ५ नाजर ईद्राष(ख) । तथा पात–
१५. शाही दीवांनी मीर्यां श्री ५ अहिआ । तथा बकशी वाकानवेश
१६. मीयां श्री ५ शेष(ख) अब्दल समद । एतान् धर्मन्यायां प्रवर्त्तते । तथा–
१७. कादी श्री ५ मीर महिम्मद मीरक । तथा अदालति मीर श्री ५ अहि–
१८. म्मद । तथा दारीगो मीर्यां श्री ५ मूकीम । तथा मफतीमीयां कमाल–
१९. महिम्मद । मीयां बुहुरांन एतान् धर्मन्यायां प्रवर्त्तते । तत्र चुतरे मीयां
२०. श्री प शाहावेग । तथा मुशरफ ठाकुर श्री ५ गोवरधनदास तथा [स]
२१. हिर कानूंगो समस्त एतांन् धर्मन्यायां प्रवर्त्तते । तत्र मंहि(ड)प(पि)का म[मा]–
२२. फ छि । तथा चुतरानूं अमल दस्तूंर माफ छि । एवं पंच कूंलान्वये ।
२३. तत्र हवेल्यां ढीकूआनी । पोलि पटल हाजानी मध्ये पाडा
२४. अनूआ बलाजना मध्ये वास्तव्यं । तत्र स्थांने गृहं ग्रहणेक दत्तांनि
२५. श्री श्रीमाल ज्ञातीय । वृद्धि शाषा(खा)यां । परीक्ष केशव बिन वाशीआ बि[न]–
२६. सूरा अे परीक्ष केशव पारस्यात् । श्री श्रीमाल ज्ञातीय । वृद्धि शाषां(खां)
२७. यां । बाई जीवी बिन साह जसराज बिन जीवाए बाई जीवीना वकी–

२८. ल साह [श व ग ण बि न श्री वं त अ मी पा ल ?] एतान् हस्तांक्षरांणि दत्ता ।
२९. यित घर अेक १ ते मध्ये ओरडु अेक १ दक्षिणाभिमुष(ख)नु छि ते ओर–
३०. डानी भूमि चुरसांबधः छि । ते ओरडा ऊपरि पीटणी डागला जडी–
३१. त्र छि ते सहित । ए ओरडा अग्रे पटसालि अेक १ दक्षिणाभिमुष(ख)नी
३२. छि तेहनी भूमि चुरसांबधः छि ते सहित । ते पटसालि मध्ये पिसतां य–
३३. मणि पासि मांहिल्यां पासां ऊदकस्थांनक छि । ते मध्ये गढां २ बि–
३४. ऊदक भरवानां छि ते सहित । ए पटसालिना द्वार आगलि ओटलु
३५. छि ते सहित । ए घरनी हद्दःना आंगणा चाल सहित ए घरना ओर–
४०. डानी पछीति ष(ख)डकी मध्येना लोकनुं वाडु छि । ते वाडु साध्य । सबं–
४१. ध । नु छि ते वाडा मध्ये ए घरनि वाडि जावाना समंधः सहित । ए घ
४२. रनां भीतडां । बारत । कमाड । भोम । वली । षा(खा) प । नलकैराच्छादि–
४३. तं । पक्वेष्टकारचितं । सागी तथा ककठकाष्टादि रचितं । भूमि स–
४४. हितं । एवंविधं गृहं ग्रहणके दतानि । तस्य गृह ओपरि अहिम्मदा
४५. वादनी टंकसालिना आकरा कोरा मासा ११॥ ना । रूपैआ ४२५ अं–
४६. के चारसहि पंचवीस पूरा रोकडा एकिमूठि परीक्ष केशवि । बाई जी–
४७. वीनि तथा बाई जीवीना वकील साह [श व ग ण ?] नि आपीनि अे घर ग्र–
४८. हिणि लीधूं छि । ए बाई जीवी रूपैआ ४२५ अंके चारसहि पं–
४९. चवीस पूरा रोकडा एकिमूठि परीक्ष केशव पासेथी लेई अे घर परी–
५०. क्ष केशवनि ग्रहिणि आप्यूं छि । ए घरनां षूं(खूं)ट । पूर्व द(दि)सि ष(ख)डकी मध्ये
५१. ना लोकनुं चाल छि । पश्चिमे साह नानीआ बिन अमीआनुं
५२. घर छि उत्तरे पछीति ष(ख)डकी मध्येना लोकनुं वाडु साध्य समं–
५३. धः नु छि । दक्षिणे ए घरनुं नीकाल छि । तथा चुकना चाल साध्यः छि । ए
५४. वं च्यारि ४ षूं(खूं)टानि। ए घरना ओरडानी पीटणीअि नीसरणी एक १–
५५. वलीना डागूआनी छि ते सहित । अे घर पडयूं करावित तथा राजक दैव–
५६. क लागिते । तथा नलीआंनी षो(खो)टि अे घर छोडवतां सर्व अे घरना धणी–
५७. वरी आपि । संचरांमणी वसनारनी । रुप्पैआनूं वाज नही । ए घर–
५८. नूं भाड्यूं नही । एणि घिरि अे परीक्ष केशव । तथा परीक्ष केशवना पु–
५९. त्र परिवार स्त्री वसि वासि भाडि आपि । तथा ग्रहिणि मूकि । तिह्वा–
६०. रि ए घरना धणी कणवार न करि । वलतीऊ वर्ष अेक प्रति थोकडि
६१. दोकडा १५ पंन्नर छूटा त्रांबना वलती । यिह्वारि बाई जीवी
६२. अहिम्मदावादनी टंकसालिना आकरा कोरा मासा ११॥ ना रूपै–
६३. आ चारसहि पंचवीस पूरा रोकडा । एकिमूठि परीक्ष केशवनि । त–
६४. था परीक्ष केशवना पुत्रपरिवार स्त्रीनि आपि । तिह्वारि ए घर छूटि ।

६५. अे घरनुं को वहिरशी आवि तेहनि बाई[जीवी]
६६. समझावि । जबाप करि अे घरनां षा(खा)[ल] प्रनाल । नेव नीछारिक वाडु[ही]–
६७. डवानुं मार्गः सर्व पूर्व रीति [स]मंधः सही ।

१ अत्र मतूं                                        १ अत्र साष्यि (ख्य)

**નોંધ :** અહીંથી કાપડ ફાટી ગયેલ છે તેથી એકપણ મતૂ કે સાક્ષીની સહી મળી શકતી નથી.

## શબ્દાર્થ

| | | | |
|---|---|---|---|
| ४. | गृहग्रहणक | = | ઘર ગિરે આપવાનું |
| ३०. | चुरसांबधः | = | પથ્થરજડિત |
| | डागला जडित | = | ભારોટિયાના થાંભલાની ઉપરનું આધારરૂપ નાનું લાકડું કે પથ્થરનું ચોસલું. |
| | ભારોટિયું | = | પાટડો |
| ३०. | पिसतां | = | પ્રવેશતાં |
| | यमणी | = | જમણી |
| ३३. | महिल्यां पासां | = | અંદરની બાજુએ |
| | उदकस्थांनक | = | પાણિયારું/પાણી ભરીને રાખવાની જગ્યા |
| | गढां | = | ઘડાં/ઘડો મૂકવા માટે બનાવેલો કાંઠલો |
| ४०. | वाडु | = | સંડાસ જવાની બાંધેલી જગ્યા |
| ४३. | ककठकाष्ट | = | મજબૂત ?/ કાષ્ટનો પ્રકાર |
| ५२. | वली | = | પાતળો, લાંબો સોટો |
| | डागूआ | = | ડાગલાની |
| ५६. | कणवार | = | કંકણવું/કણકણવું/કચકચ કરવી |
| | वलतीउ | = | પાછું/સામું |
| | प्रति थोकडी | = | દરેક વખતે/દરેક વર્ષે/ |
| ५७. | दोकडा | = | રૂપિયાનો સોમો ભાગ/બાર ટકા વ્યાજ |
| | छूटा | = | રોકડા |
| | त्रांबना | = | તાંબાના |
| | वलती | = | વળતા |
| | यिह्वारी | = | જયારે |
| ६१. | वहिरशी | = | વારસદાર |

□□□

# પુણ્યવિજયજી : સંશોધન-સંપાદન ક્ષેત્રે પ્રભાવશાળી પ્રદાન કરનાર સૌમ્ય વ્યક્તિત્વ

**અભય દોશી**

પુણ્યવિજયજી એ જૈન શ્રમણોની વિદ્યાભ્યાસની ગૌરવશાળી પરંપરાના એક તેજસ્વી પ્રતિનિધિ હતા. તેમણે વિદ્યાભ્યાસની પ્રાચીન સાથે અર્વાચીન સંશોધનપદ્ધતિનો સુમેળ સાધી જૈનસાહિત્યના સંશોધન-સંપાદનને આગવી દિશાઓ દર્શાવી છે તેમ જ હસ્તપ્રતભંડારના સંરક્ષણ-સંવર્ધનની સુદીર્ઘ કામગીરીથી જૈન સંઘને માટે શ્રુતવારસાની વ્યવસ્થા કરવાનું ભગીરથ કાર્ય કર્યું છે.

પુણ્યવિજયજીના નામ સાથે એક વાત ચિત્તમાં સ્મરે છે. સુરેશ જોષીના મિત્ર અને પ્રસિદ્ધ સાહિત્યમર્મજ્ઞ શ્રી રસિક શાહ પોતાના બાળપણની વાત કરતાં કરતાં પુણ્યવિજયજીનું સ્મરણ ઘણીવીર રજૂ કરતા. તેઓ કહેતા; 'અમે પાટણના સાગર ઉપાશ્રયે બાળપણમાં જતા ત્યારે પુણ્યવિજયજી તેમના ગુરુ ચતુરવિજયજી અને દાદાગુરુ પ્રવર્તક કાન્તિવિજયજી સૌ સાધુઓ સાથે પ્રતો ગોઠવવા, તેની ઉપરના કપડાં બદલવા વગરે કાર્યોમાં વ્યસ્ત હોય, પરંતુ આવેલા અમારા જેવા બાળકોને કામ કરતાં કરતાંય સુંદર જૈન કથાવાર્તા કહેતા જાય... સામે થાંભલાને અડેલીને બેઠા હોય કાન્તિવિજયજી દાદા, સામે હોય પ્રતોનો વિશાળ ઢગલો.....' આવા કાર્યશીલ છતાં સ્નેહાળ પુણ્યવિજયજીનું કાર્ય એટલે ત્રણ પેઢીની સંચિત જ્ઞાનસાધના, તેને સંપૂર્ણ અંજલિ આપવા તો પુસ્તકોનાં પુસ્તકો ઓછા પડે, પરંતુ આ લેખમાં તેમની પાવનસ્મૃતિને કાંઈક અંશે એકત્ર કરવાનો ઉપક્રમ કર્યો છે.

પુણ્યવિજયજીના કુલ ૩૯ જેટલા સંપાદિત તથા મૌલિક ગ્રંથો ઉપલબ્ધ થાય છે. તેમનો જન્મ કપડવંજમાં વિ.સં. ૧૯૫૨ના જ્ઞાનપંચમીના દિવસે થયો હતો. જ્ઞાનપંચમીનો જન્મ એ કેવળ યોગાનુયોગ ન હતો પરંતુ પુણ્યવિજયજીના ભાવિ જીવનની દિશા સૂચવનારો પુણ્યસંકેત હતો. પોતાના જન્મના સંકેતને સાર્થક કરતું પુણ્યવિજયજીનું સમગ્ર જીવન જ્ઞાનસાધનાને સમર્પિત બની રહ્યું. બાળપણમાં ઘોડીયે ઝૂલતા મણિલાલ (પુણ્યવિજયજીનું સાંસારિક નામ)ને એકલો મૂકી મા કપડા ધોવા ગઈ, પાછળ ઘરમાં ભયાનક આગ લાગી. પડોશમાં રહેતા વહોરા ગૃહસ્થની સમયસૂચકતાને લીધે બાળક મણિલાલનો જીવ બચ્યો. આમ, બાળક મણિલાલની સુરક્ષા દ્વારા આ વહોરા ગૃહસ્થે જૈનસંઘના અમૂલ્ય રત્નનું રક્ષણ કર્યું. આ ઘટના બાદ પિતા બાળક મણિલાલ અને માતાને લઈ મુંબઈ આવ્યા. ૧૪ વર્ષની વયે પિતાના મૃત્યુ બાદ માતાની ઈચ્છા દીક્ષા લેવાની હતી. આથી માતાની

ઈચ્છામાં પોતાની ઇચ્છા જોઈ બાળક મણિલાલ પુણ્યવિજયજી બન્યા, તો માતા રત્નશ્રીજીના નામે સાધ્વી તરીકે દીક્ષિત થયા.

દીક્ષાનાં પ્રારંભિક વર્ષોમાં વિવિધ પંડિતો પાસે અભ્યાસ કરવાની સાથે જ પંડિત સુખલાલજી જેવા સંશોધન-સંપાદનની આધુનિક સૂઝવાળા વિદ્વાનની પાસે અભ્યાસ કરવાનો યોગ થયો, તેના પરિણામે પુણ્યવિજયજીની દૃષ્ટિ વિશાળ અને ઉદાર બની. ગુરુ, દાદાગુરુ તેમજ દાદાગુરુના ગુરુબંધુ મુનિશ્રી હંસવિજયજી પાસેથી જ્ઞાનભંડારની વ્યવસ્થા તેમજ આગમોદ્ધારની પ્રવૃત્તિના પાઠ પ્રાપ્ત કર્યા. આ કાર્યમાં સાગરજી મહારાજ અને નેમિસૂરિસમુદાયના લાવણ્યવિજયજીનાં કાર્યોનો પણ પરોક્ષ પ્રભાવ રહ્યો.

તેમણે પોતાનું સમગ્ર જીવન શ્રુતસેવામાં સમર્પિત કર્યું. તેમના આ બૃહત્કાર્યમાં આગમગ્રંથોનું સંશોધન-સંપાદન સૌથી વધુ મહત્ત્વપૂર્ણ કાર્ય છે. તેમણે ‘બૃહત્કલ્પસૂત્ર’ નામક આગમ ગ્રંથ જે એક મહત્ત્વપૂર્ણ છેદસૂત્ર છે, તેનું નિર્યુક્તિ, ભાષ્ય, વૃત્તિ સાથેનું સંપાદન તૈયાર કર્યું. અનેક હસ્તપ્રતોને આધારે પાઠનિર્ણય કરીને કરાયેલું આ એક મૂલ્યવાન સંપાદન છે. છ ભાગમાં ફેલાયેલું ૧૯૩૩ થી ૧૯૪૨ સુધીના નવ વર્ષ સુધી ચાલેલું આ ગ્રંથનું સંપાદનકાર્ય ગુરુ-શિષ્યના સહિયારા પુરુષાર્થનું એક યશસ્વી શિખર છે. પુણ્યવિજયજીએ આ ગ્રંથની વિદ્વત્તાપૂર્ણ પ્રસ્તાવના લખી છે, તેમાં તેમની નિષ્પક્ષ દૃષ્ટિનાં દર્શન થાય છે. તેઓ ઐતિહાસિક તથ્યોને સાંપ્રદાયિક માન્યતામાં બદ્ધ થયા વિના નિર્ભિકપણે રજૂ કરે છે.

સાંપ્રદાયિક માન્યતા એવી છે કે સૂત્રકાર અને નિર્યુક્તિકાર ભદ્રબાહુ સ્વામી એક જ છે, પરંતુ તેમણે તિત્થાગોલિયપ્રકરણ, પંચકલ્પ ભાષ્ય, ચૂર્ણી આદિ અનેક ગ્રંથોનાં અવતરણો આપી સિદ્ધ કર્યું કે સૂત્રકાર અને નિર્યુક્તિકાર ભદ્રબાહુસ્વામી વિભિન્ન છે. તેઓ સૂત્રકાર તરીકે અંતિમ ચતુર્દશપૂર્વધર ભદ્રબાહુસ્વામીને દર્શાવે છે, તો નિર્યુક્તિ ભદ્રબાહુસ્વામી ઉત્તરકાલીન વિક્રમની છઠ્ઠી સદીમાં થયેલા છે, એમ સિદ્ધ કરે છે. તેઓ દસ નિર્યુક્તિગ્રંથો, ઉપસર્ગહરસ્તોત્ર, ભદ્રબાહુસંહિતા આદિના કર્તા છે, એમ સપ્રમાણ રજૂ કરે છે. એ ઉપરાંત આ નિર્યુક્તિકાર પૂર્વે ગોવિંદ નામના આચાર્યની ‘ગોવિંદનિર્યુક્તિ’ની રચના થઈ હતી, એવી મહત્ત્વની વિગત પર પ્રકાશ પાથરે છે.

એ જ રીતે કલ્પભાષ્યકાર સંઘદાસગણિ અને ટીકા રચનાર આચાર્ય મલયગિરિજીનો પરિચય સંશોધન બાદ ઉપલબ્ધ કરે છે. ૨૬ ટીકાગ્રંથો રચનાર મલયગિરિજીના જીવનની વિગતોને પ્રકાશમાં લાવી આ મહાન આચાર્યનું ભાવપૂર્ણ તર્પણ કર્યું છે. તેમની લેખનશૈલીનો પરિચય આપતાં પુણ્યવિજયજી આદરપૂર્વક કહે છે;

“ગંભીરમાં ગંભીર વિષયોને ચર્ચતી વખતે પણ ભાષાની પ્રાસાદિકતા, પ્રૌઢતા અને સ્પષ્ટતામાં જરા સરખી પણ ઊણપ નજરે પડતી નથી અને વિષયની વિશદતા એટલી જ કાયમ રહે છે.”

આ બૃહત્કલ્પસૂત્રાં ઉત્સર્ગ અને અપવાદમાર્ગનું જે વિસ્તૃત નિરૂપણ ઉપલબ્ધ થાય છે, તે આજે પણ સાધુજીવન માટે આચાર માર્ગદર્શક બની રહે એવું અજોડ છે. આ સમગ્ર સૂત્રનો મર્મ દર્શાવતી ખૂબ માર્મિક વાત પુણ્યવિજયજી મહારાજ પ્રસ્તાવનામાં રજૂ કરે છે;

“ઉત્સર્ગ અપવાદની મર્યાદામાંથી જ્યારે પરિણામીપણું અને શુદ્ધવૃત્તિ પરવારી જાય છે, ત્યારે

એ જ ઉત્સર્ગ અને અપવાદ ઉત્સર્ગ અપવાદ ન રહેતાં અનાચાર અને જીવનનાં મહાન દૂષણો બની જાય છે. આ જ કારણથી ઉત્સર્ગ-અપવાદનું નિરૂપણ-નિર્માણ કરવા પહેલાં ભાષ્યકાર ભગવંતે પરિણામી, અપરિણામી શિષ્યો એટલે કે અનુયાયીઓનું નિરૂપણ કર્યું છે અને જણાવ્યું છે કે યથાવસ્થિત વસ્તુને સમજનાર જ ઉત્સર્ગમાર્ગ અને અપવાદમાર્ગની આરાધના કરી શકે છે. તેમ જ આવા જિનાજ્ઞાવશવર્તી મહાનુભાવ શિષ્યો-ત્યાગી-અનુયાયીઓ જ છેદ આગમજ્ઞાનના અધિકારી છે અને પોતાનું જીવન નિરાબાધ રાખી શકે છે. જ્યારે પરિણામીભાવ અદશ્ય થાય છે અને જીવનમાં શુદ્ધ સાત્ત્વિક સાધુતાને બદલે સ્વાર્થ, સ્વચ્છંદતા અને ઉપેક્ષાવૃત્તિ જન્મે છે, ત્યારે ઉત્સર્ગ અપવાદનું વાસ્તવિક જ્ઞાન અને પવિત્રપાવન વીતરાગધર્મ આરાધના દૂરને દૂર જાય છે અને અંતે આરાધના કરનાર પડી ભાંગે છે."

તેમણે આ વિશાળ બૃહત્કલ્પસૂત્ર ઉપરાંત શ્રી જિનભદ્રગણિ ક્ષમાશ્રમણકૃત જીતકલ્પસૂત્રનું સંપાદન કર્યું, તેમ જ હાલમાં કલ્પસૂત્ર તરીકે વિશેષ પ્રસિદ્ધ 'પર્યુષણા કલ્પસૂત્ર'નું પણ નિર્યુકિત, ચૂર્ણી, ટિપ્પણ, ગુર્જરાનુવાદ સાથે સંપાદન કર્યું. તેમણે કલ્પસૂત્રમાં આવતાં સ્વપ્નનાં હાલનાં વર્ણકોને સ્થાને પૂર્વે અન્ય વર્ણકો ઉપલબ્ધ હશે એવું પ્રમાણને આધારે દર્શાવ્યું, તેમ જ સ્થવિરાવલી પછીથી ઉમેરાયેલી હોવા છતાં નિષ્પ્રમાણ નથી એમ સિદ્ધ કરી પોતાની નિષ્પક્ષપાતી સંશોધકવૃત્તિનાં દર્શન કરાવ્યાં છે.

આ સંપાદનો ઉપરાંત મહાવીર જૈનવિદ્યાલયની આગમ-પ્રકાશનયોજનામાં **'नंदीसुत्तं अणुओगद्दाराइं च'** (નંદીસૂત્ર-અનુયોગોદ્ધાર) પન્નવણા સૂત્રના બે ભાગ, નંદીસૂત્ર-ચૂર્ણી સાથે, નંદીસૂત્ર વિવિધ વૃત્તિ સાથે, સૂત્રકૃતાંગ ચૂર્ણી, દસ-વૈકાલિક અગસ્ત્યચૂર્ણી સાથેનું સંપાદન કર્યું છે. દસવૈકાલિક અગસ્ત્યચૂર્ણીના સંપાદનમાં તેમણે અગસ્ત્યસિંહની શ્રમણ પરંપરા તેમ જ આ ચૂર્ણીનું મહત્ત્વ યથાયોગ્ય રીતે અંકિત કરી આપ્યું છે.

તેમના આગમવિષયક સંપાદનમાં એક મહત્ત્વનું સંપાદન 'અંગવિજ્જા' (પ્રકિર્ણક)નું સંપાદન છે. આ અંગવિજ્જા પ્રકીર્ણક (અંગવિદ્યા પ્રકીર્ણક)માં મનુષ્યની હાલવા-ચાલવાની રીત-વર્તણૂક પરથી તેનું ભવિષ્ય જાણવાની પદ્ધતિ દર્શાવી છે. તેમણે ખૂબ જહેમત લઈ અપ્રાપ્ય એવા આ ગ્રંથનું સંપાદન કર્યું છે. તેમણે પ્રસ્તુત સંપાદન તેમ જ બૃહત્કલ્પસૂત્રના સંપાદનની પ્રસ્તાવના આગમગ્રંથોમાં આવતી વિગતોને આધારે તે સમયના મનુષ્યનાં વસ્ત્ર, ભોજન, રહેવાસ, નૃત્ય, રાજ્યકારભાર આદિની સાંસ્કૃતિક વિગતો પર સારો પ્રકાશ પાથર્યો છે. આ રીતે તેમણે સાંસ્કૃતિક અધ્યયનનો નવા દૃષ્ટિકોણનો પણ પરિચય કરાવ્યો છે.

તેમણે આગમસાહિત્યની સાથે જ પ્રાકૃતભાષામાં રચાયેલા વિપુલકર્મ સંબંધિત સાહિત્યનું પણ વિશાળ પાયા પર સંપાદન કરી જૈનદર્શનના અધ્યયનની વિવિધ દિશાઓ ઊઘાડી આપી છે. તેમણે પ્રથમ પાંચ કર્મગ્રંથ તેમજ પંચસંગ્રહ ગ્રંથનાં સુંદર સંપાદનો ઉપલબ્ધ કર્યાં છે. આ સંપાદનોમાં દિગંબરકર્મવિષયક સાહિત્યનું તુલનાત્મક અધ્યયન રજૂ કરી પોતાની વિશાળ વિદ્યાપ્રીતિભરી દૃષ્ટિનાં દર્શન કરાવ્યાં છે. તેમનું વ્યક્તિત્વ એવું વિશાળ હતું કે, બૌદ્ધ, વૈદિક આદિ અન્ય દર્શનની મહત્ત્વપૂર્ણ કૃતિઓ જૈનભંડારમાંથી ઉપલબ્ધ થઈ હોય તો એ પ્રત્યે પણ જગતનું લક્ષ્ય દોર્યું છે.

તેમણે જીવનભર આગમગ્રંથોનું સંશોધન કર્યું, પરંતુ સાથે જ લલિત કહી શકાય એવાં નાટક અને કથાગ્રંથોનું પણ સંશાધન-સપાદન તેમના હાથે થતું રહ્યું છે. તેમના સંશોધનકાર્યના પ્રકાશનનો પ્રારંભ જ જૈનનાટકોથી થયો હતો. સોલંકીવંશના પ્રતાપી ગુરુ હેમચંદ્રાચાર્યના શિષ્ય રામચંદ્ર રચિત નાટકોનું પ્રાગટ્ય ગુજરાતના સાંસ્કૃતિક ઇતિહાસની એક મહત્ત્વની ઘટના બની રહી. ગુજરાતમાં સંસ્કૃત નાટકો લખવાની, ભજવવાની પરંપરાનું દર્શન કરાવ્યું. આ સાથે જ 'કૌમુદી મિત્રાનંદમ્' નાટક તથા મુનિ રામભદ્રનું 'પ્રબુદ્ધ રૌહિણેયમ' નાટક સંપાદિત કર્યાં.

તેમાના 'પ્રબુદ્ધ રૌહિણેયમ' નાટકના શ્રી ગોવર્ધન પંચાલ દ્વારા ભાઈદાસ સભાગૃહ, વિલેપાર્લે, મુંબઈમાં થયેલા મંચનપ્રયોગનું દર્શન કરવાનું સદ્ભાગ્ય મને પ્રાપ્ત થયું હતું. આ પ્રયોગમાં ગુજરાતના એ સંસ્કૃતભાષી કવિ રામભદ્રની રંગમંચની ઊંડી સૂઝનાં દર્શન થયાં હતાં. આ નાટકની પ્રસ્તાવનામાં મુનિ પુણ્યવિજયજીએ આ નાટક યુગાદિદેવના પ્રાસાદમાં ભજવાયું હતું એવો ઉલ્લેખ દર્શાવી જૈન નાટકો માત્ર લખવા નહિ પરંતુ ભજવાતાં પણ હતાં, તે સિદ્ધ કરી આપ્યું.

વિશાળ જૈનકથાસાહિત્યમાં અપૂર્વ મહત્ત્વ ધરાવનાર વાચક સંઘદાસગણિ વિરચિત 'વસુદેવહિણ્ડિ' ગ્રંથના પ્રથમ ખંડનું પોતાના ગુરુ ચતુરવિજયજી સાથે યશસ્વી સંપાદન કર્યું. આ સંપાદને જૈનપરંપરામાં ઉપલબ્ધ બૃહત્કથાના પ્રાચીન રૂપાંતરનું દર્શન કરાવ્યું. એ પછીના ખંડનું પણ શ્રી ભોગેલાલ સાંડેસરા મુનિશ્રીની પુણ્ય પ્રેરણાથી જ સંપાદન કરી શક્યા. આ સંપાદનમાં પણ તેમની સાંસ્કૃતિક અધ્યયનની દૃષ્ટિનો ઉચિત વિનિયોગ થયો છે. તેમણે દેવભદ્રગણિકૃત 'કથારત્નકોશ' નામની પ્રમાણમાં અપ્રસિદ્ધ કૃતિનું ગાઢ પુરુષાર્થ બાદ પ્રકાશન કર્યું.

તેમણે જૈનકથાગ્રંથોમાં અત્યંત ગૌરવવંત અને સમૃદ્ધ ત્રિષષ્ટિશલાકાપુરુષચરિતમહાકાવ્યમ્‌ના ત્રણ પર્વોનું સંપાદન કરીને આ કથાભંડારની વિશેષતાઓ દર્શાવી છે. તેમણે આ ઉપરાંત નેમિચન્દ્રાચાર્યકૃત આખ્યાનક-મણિકોશનું પણ સંપાદન કર્યું છે.

ગુજરાતનો ઈતિહાસ એ પણ પુણ્યવિજયજીના એક ઊંડા રસનો વિષય રહ્યો છે. હેમચંદ્રાચાર્ય અને કુમારપાળના જીવનસંબંધી નાનાં-મોટાં લખાણો કરતા રહ્યા છે. તેમણે પાટણ ૧૯ ચોમાસાં કર્યાં હોવાથી, તેમની કર્મભૂમિ પાટણના આ પુણ્યપુરુષો વિશે ત્રણ વાર લખી અંજલિ આપી છે. આ ઉપરાંત સકલાર્હતસ્તોત્ર વૃત્તિ સહ અને ત્રિષષ્ટિશલકાપુરુષચરિત જેવા ગ્રંથોનાં સંપાદનો કર્યાં છે. તેમણે 'સિદ્ધહેમકુવારસંવત' અંગે પણ સુંદર અંગુલિનિર્દેશ કર્યો છે. શત્રુંજયની એક ધાતુપ્રતિમા પરથી પ્રાપ્ત સંવત પુણ્યવિજયજી જણાવે છે તેમ આગળ વિશેષ કાળના બળમાં ચાલ્યો નથી, પરંતુ કોઈ અજ્ઞાત વ્યક્તિએ પોતાના યુગની ત્રણ વિલક્ષણ પ્રતિભાઓના નામોલ્લેખનો સમન્વય કરી આ સંવત ચલાવ્યો હશે, તે એમને ધન્યવાદપાત્ર જણાય છે, તેમજ આ મૂર્તિને સાચવવાની વિશેષ ભલામણ કરે છે.

એ જ રીતે વસ્તુપાલ-તેજપાલનું જીવન પણ વારંવાર તેમના સંશોધનક્ષેત્રમાં આવતું રહ્યું છે. તેમણે ઉદયપ્રભસૂરિકૃત ધર્માભ્યુદય મહાકાવ્યમ્ સં.૧૯૪૯ થી પ્રારંભી ૧૯૬૧માં સુકૃતકીર્તિ કલ્લોલિન્યાદિવસ્તુપાલ પ્રશસ્તિસંગ્રહ એમ કુલ ચાર સંપાદનો વસ્તુપાલના જીવનને કેન્દ્રમાં રાખી કર્યાં. આ ઉપરાંત પાલીતાણાની વાઘણપોળ અને અન્યસ્થળોથી પ્રાપ્ત કુલ દસ અપ્રસિદ્ધ શીલાલેખોનું સંકલિત સંપાદન કર્યું. આ સંપાદનપ્રવૃત્તિ દ્વારા તેમણે મધ્યકાલીન ગુજરાતના ધાર્મિક, સાંસ્કૃતિક,

રાજકીય ઈતિહાસના અનેક ઉજ્જવલ પૃષ્ઠો પર પ્રકાશ પાથર્યો. તેઓ વસ્તુપાલના વિદ્વત્તા, વિદ્વાનો પ્રત્યેનો ઊંચો આદર ને જૈનધર્મપ્રિયતા, દાનેશ્વરીપણું આદિગુણોની પ્રશંસા કરે છે, વસ્તુપાલનાં શિવાલય, સૂર્યમંદિર આદિ સુકૃત્યોને પણ રાજ્યકર્તાની સમદૃષ્ટિ અને ઉચિત વર્તન તરીકે દર્શાવે છે, તેમાં તેમની વિશાળતાનાં દર્શન થાય છે.

પુણ્યવિજયજીએ જીવનમાં આમ કુલ ૩૦ જેટલાં સંપાદનો કર્યા, પરંતુ તેમની આ વિશાળ-સંપાદનપ્રવૃત્તિ તો તેમના જીવનની એક અન્ય મુખ્ય પ્રવૃત્તિના કેવળ અંશરૂપ પ્રવૃત્તિ હતી. આ ગુરુ-શિષ્યની ત્રણ પેઢીનું મોટું વિદ્યાકાર્ય હોય તો ગ્રંથભંડારોનો ઉદ્ધાર કરવો. સોળ ચાતુર્માસ પાટણ રહી આ ત્રણ પેઢીએ સંયુક્ત પ્રયાસો દ્વારા પાટણના ૨૦ ભંડારોને એકસ્થળે એકત્રિત કરી 'શ્રી હેમચંદ્રાચાર્ય જૈન જ્ઞાનભંડાર'નું સર્જન કર્યું. આ વીસે ભંડારોના ગ્રંથોને વ્યવસ્થિત ગોઠવ્યા. અસ્ત-વ્યસ્ત થયેલી પ્રતોનાં પાનાં એકત્રિત કરવાં એ કેવું વિકટ કાર્ય હોય છે એ તો અનુભવીને જ ખબર પડે. આ કાર્યમાં તેમણે અનેક અમૂલ્ય ગ્રંથો જૈનસંઘને ભેટ ધર્યા, એટલું જ નહિ, બૌદ્ધ, સાંખ્ય, ચાવાર્ક આદિ દર્શનના પણ અલભ્ય ગ્રંથોને વિશ્વ સમક્ષ ઉપલબ્ધ કરી આપ્યા. આ ગ્રંથભંડારનો વિસ્તૃત પરિચય ફાર્બસ ગુજરાતી સભાના ત્રૈમાસિકના અંક ૭૩/૪ માં શ્રી મણિભાઈ પ્રજાપતિએ કરાવ્યો છે.

આવું જ બીજું ગંજાવર કાર્ય જેસલમેરના ગ્રંથભંડારોનું હતું. અત્યંત ઉગ્રવિહાર કરી, ભારત-પાકિસ્તાનના યુદ્ધના ભણકારા વચ્ચે જેસલમેર જઈ ત્યાંના અનેક જ્ઞાનભંડારો ખોલાવ્યા. એક જ્ઞાનભંડાર ખોલાવવા નવ ટ્રસ્ટીઓની હાજરી જરૂરી હોય, અને ટ્રસ્ટીઓ દેશ-દેશાવરમાં વસતા હોય, પરંતુ આ બધી પરિસ્થિતિઓ પાર કરી જેસલમેરની અપૂર્વ જ્ઞાનસમૃદ્ધિભરી હસ્તપ્રતસૃષ્ટિનો પરિચય આપ્યો, તેનું વિસ્તૃત કેટલોગ (સૂચિપત્ર) કર્યું, તેમ જ 'જેસલમેરની ચિત્રસમૃદ્ધિ' જેવા ગ્રંથ દ્વારા જૈનોની કલાસમૃદ્ધિનો જગતને પરિચય કરાવ્યો.

તેમની પોતાની જેસલમેરની સંશોધન પદ્ધતિ અંગે શ્રી રતિલાલ દીપચંદ્ર દંસાઈને પત્રમાં કહે છે; "તમને પત્ર લખ્યા પછી ભંડાર તપાસવાનું અમારૂં કાર્ય આગળ ચાલ્યું છે. એક-એક પોથીમાં જે સંખ્યાબંધ પાનાઓ ભેગાં ભળી ગયાં છે એ બધાંના પૃથક્કરણ માટે અમે એ પાનાંઓનું અનેક દૃષ્ટિએ વર્ગીકરણ કર્યું છે. એ અત્યારે જોવા જેવું છે. તમે ઘણાંય પ્રદર્શન જોયાં હશે, પરંતુ અમારૂં આ પ્રદર્શન આશ્ચર્યચકિત કરે તેવું છે....કોઈ ગ્રંથનાં એક બે પાનાં હોય, કોઈ ગ્રંથનાં પાનાંઓના ટૂકડાઓ હોય એ બધાંયને જોઈ વિવિધ નિશાનીઓ અને શબ્દો ઉપરથી ગ્રંથનું નામ કેમ પકડી પાડવામાં આવે છે, તે તમે નજરે જુઓ તો તાજુબ જ થઈ જાઓ."

અને જંબુવિજયજીને કહે છે; "અત્યારે હું સંશોધનનું કામ કિનારે રાખીને આખા ભંડારને તપાસી રહ્યો છું."

આ જ રીતે લીબંડી તેમજ ખંભાતનો શાન્તિનાથ દેરાસરનો તાડપત્રીય જ્ઞાનભંડાર ખાસી મહેનત કરી ગોઠવ્યો અને તેનાં સૂચિપત્રો પણ મુદ્રિત કર્યાં. તેઓની હસ્તપ્રત ઓળખવાની સૂઝ ગજબની હતી. તેઓ લખાણના વળાંક પરથી હસ્તપ્રત કયા સૈકાની છે તેનો ખૂબ જ સહેલાઈથી નિર્ણય કરી શકતા.

આ કાર્યોમાં તેમણે દાદાગુરુ અને અન્ય સ્ત્રોતોથી પ્રાપ્ત થયેલ પુષ્કળ હસ્તપ્રતો પ્રાપ્ત થઈ. આ સંગ્રહનું પણ તેમણે સૂચિપત્ર તૈયાર કર્યું; તેમ જ જૈનસંઘના ગૌરવવંતા દાનવીર કસ્તુરભાઈના પુરુષાર્થનો સમન્વય થતાં 'લાલભાઈ દલપતભાઈ ભારતીય વિદ્યામંદિર'માં આ હસ્તપ્રતસંગ્રહ સચવાયો. સાથે જ પુણ્યવિજયજીના પ્રયત્નોથી ખેડાસંઘ, અન્ય મુનિઓના જ્ઞાનભંડાર પ્રાપ્ત થતાં શ્રી લા.દ. પ્રાચ્ય વિદ્યામંદિરની હસ્તપ્રતસમૃદ્ધિ અપૂર્વ બની રહી. એ અને કોબાનો શ્રી કૈલાસસાગર સૂરિ જ્ઞાનભંડાર જૈનસંઘની અપૂર્વ સમૃદ્ધિ સમા છે. આ જ્ઞાનભંડારોના રક્ષણ, સંવર્ધન અને તેની હસ્તપ્રતોને આધારે થતાં સંશોધનોથી જ જૈનસાહિત્યની સમૃદ્ધિ વધુ વ્યાપકપ્રમાણમાં પ્રજા સુધી પહોંચી શકી છે. મુનિશ્રી પુણ્યવિજયજીને કળાકારિગીરીની પણ ઊંડી સૂઝ હતી, આથી હસ્તપ્રતોમાંનાં કલાત્મકચિત્રોની જાળવણી અને પ્રસિદ્ધિ પણ સમયે સમયે કરતા.

શ્રી લા.દ.પ્રાચ્ય વિદ્યામંદિર સાથે એક મ્યુઝિયમ સંકળાયેલું છે, તેના એક ભાગમાં પુણ્યવિજયજીના ઉપયોગની વસ્તુઓ સચવાઈ છે. પેન, પેન્સિલ, રજોહરણ, મુહપત્તી આદિ ઉપકરણો સાથે જ એક નાનકડી ડબ્બીમાં શત્રુંજય પરથી પ્રાપ્ત થયેલા સ્ફટિકના ચોખા અને થોડી ગિરિરાજની પવિત્ર ધૂળ સંગ્રહાયાં છે. આમાં પુણ્યવિજયજીના જીવનમાં વ્યાપક શ્રદ્ધાતત્ત્વનાં પણ દર્શન થાય છે. તર્કશુદ્ધ સંશોધન વૃત્તિ સાથે પરમતત્ત્વ પ્રત્યેની પરમશ્રદ્ધા એમના જીવનમાં પૂર્ણપણે વ્યાપ્ત હતી, એનું ભાવભીનું દર્શન થાય છે. આમ, પુણ્યવિજયજીના જીવનમાં તર્ક અને શ્રદ્ધા, જ્ઞાન અને ક્રિયા બન્ને યુગપત્ રીતે વહેતાં રહ્યાં છે.

તેમને હસ્તપ્રતલેખનમાં પણ ઊંડી શ્રદ્ધા હતી. મુદ્રિત પુસ્તકોનું આયુષ્ય ઓછું હોવાથી ભવિષ્યમાં પુનઃ હસ્તલિખિત પુસ્તકોની જરૂરત ઊભી થશે. આ શ્રદ્ધાથી તેમણે 'જૈનશ્રમણ સંસ્કૃતિ અને લેખનકલા' માં હસ્તપ્રતલેખન માટેની વિવિધ સામગ્રી, શાહી બનાવવાની, કાગળ બનાવવાની વિધિઓ, પ્રત સુરક્ષા માટે ઘોડાવજ આદિની પડીકી આદિની ખૂબ ઝીણવટભરી નોંધ કરી છે. સોના-રૂપાની શાહી કેવી રીતે બનાવવી તેની પણ માહિતી આપે છે. શ્રી પુણ્યવિજયજી આમ અત્યારે જે Manuscriptologyની આજકાલ બહુ ચર્ચા છે, તે વિષયનું પાયાનું પુસ્તક ઉપલબ્ધ કરી આપે છે. તેમની શ્રદ્ધા ખરે જ સાચી પડી છે. આજે અમદાવાદમાં શ્રુતલેખનમ્ અને અન્ય સંસ્થાઓ દ્વારા હસ્તપ્રતલેખનનું કાર્ય પુનઃ શરૂ થયું છે અને તેમાં શ્રી પુણ્યવિજયજીનું આ પુસ્તક અને પુણ્યવિજયજીના માર્ગદર્શનમાં તૈયાર થયેલ લક્ષ્મણભાઈ ભોજક આદિનો પાયાનો સહયોગ રહ્યો છે.

એમના આ સમગ્ર કાર્યના અભિવાદનાર્થે દીક્ષાપર્યાયના ૬૦મા વર્ષે વડોદરા સંઘે 'જ્ઞાનાંજલિ' નામે અભિવાદન ગ્રંથ પ્રકાશિત કર્યો હતો. તેમાં ડૉ. એ.એન.પાધ્યે Muni Shri Punyavijayji : An Institution નામના લેખમાં કહે છે; "He easily shares his information with his other colleagues but also helps with material as well different scholars working in various field of studies. He has obliged the community of scholars more fruitfully than even a big institution can claim to do."

આમ, સંસ્થા સમા, અરે અનેક સંસ્થાના પ્રાણસમા પુણ્યવિજયજી પુણ્યમય જીવન જીવ્યા અને

સરળતા, નિષ્પરિગ્રહિતા, શુદ્ધ આચાર, જ્ઞાનપીપાસા અને પરમાત્મભક્તિ આદિ ગુણોના અપૂર્વ યોગે સમગ્ર જૈન સમાજ અને વિદ્વત્સમાજ માટે પરમ આદરણીય બની રહ્યા.

તેમના જીવનમાં ક્ષમા આદિ ઉત્તમ મુનિગુણો ઓતપ્રોત થયા હતા, તે અંગેના બે પ્રસંગો પૂજ્ય આચાર્યદેવશ્રી પ્રદ્યુમ્ન-સૂરીશ્વરજી મહારાજ સાથેના અંગત વાર્તાલાપમાંથી જાણવા મળ્યા હતા. પુણ્યવિજયજીએ જેસલમેરથી કેટલીક પ્રતો અમદાવાદ માઈક્રોફિલ્મીંગ માટે મોકલાવી હતી. તેમાંની કેટલીક કથા-સાહિત્ય સંબંધિત હસ્તપ્રતો એક ભાઈએ રાખી દીધી.

થોડા સમય બાદ એ હસ્તપ્રત આધારિત સંપાદનો એ ભાઈના નામે પ્રકાશિત થયા. આ ઘટનાથી મુનિશ્રીના વિદ્યાગુરૂ પંડિત સુખલાલજી અત્યંત ક્રોધિત થયા. તેઓ પુણ્યવિજયજીને મળવા આવ્યા, ત્યારે પુણ્યવિજયજી કપડાનો કાંપ કાઢી રહ્યા હતા. (જૈનસાધુનાં વસ્ત્ર ધોવાની ક્રિયાને કાંપ કાઢવો તરીકે ઓળખાય છે.) તેમણે આવતા બારણામાં જ કહ્યું; 'એ ભાઈ પર કેસ કરો.' પુણ્યવિજયજી કાંપ કાઢતાં જ ઊભા થઈ આદરપૂર્વક કહ્યું; "ના એ નહિ બને, કારણ હું જૈન સાધુ છું."

આવા ક્ષમાગુણના ભંડાર પુણ્યવિજયજી એકવાર સંશોધનના કાર્યમાં વ્યસ્ત હતા. તે સમયે તેમના પરિવારના એક મુનિએ ચોવિહાર માટે પીવા પાણી મૂક્યું. તેમણે કહ્યું; આ કાર્ય પૂર્ણ થતાં પાણી વાપરી લઈશ. પરંતુ પ્રુફનું કાર્ય પૂર્ણ થવામાં થોડી વધુ વાર લાગી. આ બાજુ મુનિએ ઉતાવળમાં પાણી પરઠવી લીધું. કાર્ય પૂર્ણ થયે પાણી માંગ્યું, પરંતુ પાણી તો પરઠવાઈ ગયેલું. લક્ષ્મણભાઈ ભોજક આદિએ આજુબાજુમાં પ્રયત્ન કર્યો, પરંતુ ઊકાળેલું પાણી મળી શક્યું નહિ. આવા પ્રસંગે પણ મુનિ પુણ્યવિજયજીએ પરિવારના તે મુનિને ઠપકો દેતો એક અક્ષર પણ કહ્યો નહિ, આમ તેઓ જીવનમાં ક્ષમામૂર્તિ બની રહ્યા.

તેમની અપાર ઉદારતા અને વાત્સલ્યનો લાભ તેમના પરિચયમાં આવનાર નાના-મોટા સૌને થતો. ચતુર્વિધ જૈનસંઘ પરત્વે પણ તેમને અપાર લગાવ હતો. શ્રી લા.દ. પ્રાચ્ય વિદ્યામંદિરના સર્જન બાદ તેના એકાંત સ્વાધ્યાયખંડમાં સ્થિરતા કરી સંશોધન કરવાની વિનંતી થઈ હતી, પરંતુ તેમણે લોકોની વચ્ચે, સંઘ સાથે રહી પોતાનાં સંશોધન-સંપાદન આગળ વધારવાનું પસંદ કર્યું હતું.

શ્રમણીઓના જ્ઞાન-ધ્યાન-અભ્યાસમાં વૃદ્ધિ થાય, તે માટે તેઓ અપાર ખેવના ધરાવતા. પોતાની વૃદ્ધ સાધ્વી માતાની આંખોનાં તેજ ચાલ્યા ગયાં હતાં, પરંતુ વૃદ્ધ માતાને સમાધિ રહે એ માટે એ પોતે અથવા પોતાના અંતેવાસી મુનિ રમણિકવિજયજીને નંદીસૂત્રઆદિની ગાથાઓનો સ્વાધ્યાય સંભળાવવા મોકલતા. તેઓ મુનિઆચારનું પણ શક્ય એટલી શુદ્ધિપૂર્વક પાલન કરતા.

તેઓ દીક્ષાના ૬૦ વર્ષે પર્યાય પૂર્ણાહુતિના વડોદરા મહોત્સવ બાદ મુંબઇ પધાર્યા. મુંબઈમાં વાલકેશ્વર પર ચાતુર્માસ નિશ્ચિત થયું હતું. પરંતુ તે પૂર્વે જ જેઠ વદ આઠમ, ૨૦૨૭ના દિવસે, ૧૪ જૂન ૧૯૭૧, રોગોની પીડા ઘેરી વળી, અને મુનિશ્રીએ બચાની હોસ્પિટલમાં આ નશ્વર દેહ છોડી પરલોકની યાત્રાએ પ્રયાણ કર્યું.

સમગ્ર જૈનસંઘ માટે આ દિન અત્યંત દુઃખદ બની રહ્યો. તેનો 'આગમપ્રભાકર' તેનાં શાસ્ત્રો પર પ્રકાશ પાથરનારો સૂર્ય જાણે આથમી ગયો. પુણ્યવિજયજીએ પોતાના જીવનમાં જ્ઞાનની અપૂર્વ

ઊંચાઈ સાથે જ વિનય, નમ્રતા અને પરોપકારી વૃત્તિ જેવા ગુણોનો સુમેળ સાધ્યો હતા. એ વિરલ પુણ્યપુરુષને અંજલિ આપતાં શ્રી ન્યાયવિજયજીએ કહ્યું છે તે યથાર્થ છે;

**अजातशत्रवे विश्वमित्राय स्नेहमूर्तये**
**सर्वेषां च हितं कर्तुं तत्पराय निसर्गतः।**

તેમના શોધકાર્યનો વારસો મુનિ જંબુવિજયજી જેવાઓએ આગળ ધપાવ્યો છે, આપણે આશા રાખીએ કે શ્રી જૈનસંઘને આવા જ્ઞાન પ્રત્યેની નિષ્ઠાવાળા વધુ સાધુઓ મળ્યા કરે.

**સંદર્ભ :**

૧. જ્ઞાનાંજલિ–પ્ર. શ્રી સાગરગચ્છ જૈન ઉપાશ્રય, વડોદરા.

□□□

## Trade terms for L. D. Series Publications :

| | | |
|---|---|---|
| (1) | Gross purchase exceeding Rs. 5000/- or on purchase of 20 copies of any title or 25 copies of assorted title at a time. | 30% |
| (2) | Book-Sellers and the Institutions on any purchase | 30% |
| (3) | Gross purchase exceeding Rs. 10,000/- or on the purchase of one copy of all available titles. | 40% |
| (4) | Packing and forwarding free by rail for order at a time exceeding Rs. 10,000/- | |

(5) Research Journal–"Sambodhi"

(a) Price (Excluding Postage) per vol. Rs. 150/-

(b) Price (Excluding Postage) per back vol. up to XXI Rs. 100/-

On Purchase of 5 copies or more of the same volume 20%

On Purchase of 10 copies or more of the same volume 25%

Our gerneral practice is to send the proforma invoice on inquiry for our publications and dispatch the books on receiving the payment by D. D. in favour of the Institution.

### ● Distributors ●

1 **Ahmedabad**
**Saraswati Pustak Bhandar,**
Hathi Khana, Ratan Pole,
Ahmedabad - 380 001.
Phone : 25356692

2. **Delhi**
**Motilal Banarasi Dass**
41/U-S, Banglow Road,
Jawahar Nagar,
Delhi-110 007,
Phone : (011) 23858335 23854826

3. **Varanasi**
**Motilal Banarasi Dass**
Chowk, Varanasi-221 001
Phone : 352331
Phone : (0542) 2412131 3095108

4. **Chennai**
**Motilal Banarasi Dass**
120, Royapetth High Road,
Mylapore, Chennai-600 004.
Phone : (044) 24982315

5. **Mumbai**
**Motilal Banarasi Dass**
8, Mahalaxmi Chamber,
Warden Road,
Mumbai-400 026.
Phone : (022) 24923526, 24982583 Fax : (022) 24963850

6. **Hindi Granth Karyalay**
Hira Baug, C. P. Tank,
Mumbai-400 004.
Phone : (022) 23516583
23513526

## L. D. Series : Latest Publications

| | | |
|---|---|---|
| 137 | **Catalogue of Sanskrit and Prakrit Manuscripts Vol. V**<br>Ed. by Dr. J. B. Shah, pp. 8+5+403 (2003) | 900 |
| 138 | **Catalogue of Sanskrit and Prakrit Manuscripts Vol. VI**<br>Ed. by Dr. J. B. Shah, pp. 8+6+311 (2003) | 700 |
| 139 | **Mahavira's Words**<br>Translation from the German with much added material by W.Boll'ee and J. Soni, pp. 5+11+286 (2003) | 600 |
| 140 | **Vyākarṇa Mahābhāṣya Of Bagavad Patanjali**<br>Gujarāti Translation with Critical Notes by Dr. P.R.Vora<br>P.P. 6 + 58 + 652 (2004) | 600 |
| 141. | **SAHṚDAYĀLOKA** by Dr. T. S. Nandi vol.1 part-1 pp. 600 (2005) | 650 |
| 142. | **SAHṚDAYĀLOKA** by Dr. T. S. Nandi vol.1 part-2 pp. 640 (2005) | 650 |
| 143. | **SAHṚDAYĀLOKA** by Dr. T. S. Nandi vol.1 part-3 pp. 676 (2005) | 700 |
| 144. | **KṢATRAPAKĀLĪNA GUJARĀTA : ITIHĀSA ANE SAṂSKṚTI-**<br>By Dr. Rasesh Jamindar P. P. 12+405+28 (2006) | 500 |
| 145. | **Akho By Narmadashankar Devshankar Mehta** P.P.8+72 (2009) | 50 |

## Our Forthcoming Publications

- **Aanandshankar Dhruvnu Tattvajnan, Dharma ane Sahityachintan** (Gujarati) by Dr. Dilip Charan
- **Kautilya Arthashastra : Darshanik-Sanskrutik Parikshan** (Gujarati) by Prof. Nitin Desai
- **Upnishadnu Tattvajnan** (Gujarati) (Reprint) by Chandrashankar Shukla
- **Yuvanoni Sanskar Sadhana** (Gujarati) by Chandrashankar Shukla
- **Vedoni Vichardhara** (Gujarati) by Chandrashankar Shukla
- **Mahabharata** (Gujarati) by Chandrashankar Shukla
- **Mahatma Gandhi** (Gujarati) by Chandrashankar Shukla
- **Sangit, Nrutya Ane Natya Sambandhi Jain Ullekho Ane Grantho** (Gujarati) by Hiralal Kapadia
- **Bharat no Varso** (Gujarati) by Chandrashankar Shukla
- **Dharmonu Milan** (Gujarati) by Chandrashankar Shukla
- **Haribhadra Sūri's Yogaśaṭaka** (Gujarati)
- **Sambodhi Vol. XXXIV**